ફ્લેશ
રાજકોટમાં વિવાદીત યુવકની બેરહેમી પૂર્વક હત્યા પાછળનું કારણ અકબંધ તપાસ શરૂ
પાના નં.૧૨

સૌરાષ્ટ્ર-કચ્છમાં કાલથી ત્રણ દિવસ માવઠાની આગાહી
પાના નં.૧૨

# જય હિન્દ
પ્રકાશ z પ્રગતિ z પવિત્રતા

તંત્રી, પ્રકાશક, મુદ્રક : **ભરત નરોત્તમદાસ શાહ**
જય હિન્દ પ્રેસ બિલ્ડીંગ, બાબુભાઈ શાહ માર્ગ, રાજકોટ
ફોન: 2440511-12-13 ફેક્સ: 0281-2448677

-: સ્થાપક :-
બાબુભાઈ શાહ

મુદ્રણસ્થાન : જય હિન્દ, ગુજરાત મિરર હાઉસ, મોટી ટાંકી પાસે, સદર, રાજકોટ-૩૬૦૦૦૧, www.jaihindnewspaper.com
e-mail : jaihinddailyadvt@gmail.com, mihirshah3082@gmail.com

JAI HIND-Rajkot, RNI Regn. No. 1608/57,વર્ષ 79 અંક: 6, મંગળવાર Dt.17-3-2026, સંવત 2082 ફાગણ વદ-૧૩, પાના-૧૨ કિંમત રૂા. 5-00

ફ્લેશ
રાજકોટ જિલ્લા પંચાયતમાં પણ આજથી વહીવટદાર શાસન, અંતિમ દિવસે કાગડા ઉડ્યા
પાના નં.૩

હોસ્પિટલ-શૈક્ષણિક સંસ્થાઓને ૧૦૦ ટકા કોમર્શિયલ ગેસ સિલિન્ડર અપાશે
પાના નં.૩




## દેશમાં સીએનજી-પીએનજીનો પુરતો પુરવઠોઃ કેન્દ્ર સરકાર

# ૪૪ હજાર મે.ટન LPG લઈને જહાજ શિવાલિક મુન્દ્રા પહોંચ્યુ

નવી દિલ્હી, તા.૧૬

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને ક્રૂડ ઓઈલના સંકટ વચ્ચે ભારત સરકાર તરફથી રાહતના સમાચાર આવ્યા છે. સરકારના જણાવ્યા અનુસાર, દેશમાં ક્રૂડ ઓઈલનો પૂરતો સ્ટોક છે અને LPG-CNG નો પુરવઠો પણ સંપૂર્ણ રીતે ચાલુ છે. પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ભારતની તમામ રિફાઈનરીઓ પૂરી ક્ષમતાથી કામ કરી રહી છે, તેથી પેટ્રોલ પંપ પર ઈંધણની કોઈ અછત સર્જાશે નહીં.

ગેસ પુરવઠા અંગે સરકારે ખાતરી આપી છે કે ઘરેલું વપરાશકારોને સમયસર સિલિન્ડર મળે તે તેમની પ્રાથમિકતા છે. હાલમાં ગેસ બુકિંગની પ્રક્રિયા અને ડિલિવરી



સિસ્ટમમાં પણ ઘણો સુધારો કરવામાં આવ્યો છે. આ સાથે જ સરકારે લોકોને જરૂર જણાયે ત્યાં પાઈપલાઈન ગેસ(PNG) પર શિફ્ટ થવાનો વિકલ્પ પણ આપ્યો છે. ગેસની કાળાબજારી અને સંગ્રહખોરી રોકવા માટે તંત્ર દ્વારા કડકતપાસ કરવામાં આવી રહી છે, જેથી સામાન્ય જનતાને કોઈ મુશ્કેલી ન પડે.

આ દરમિયાન, ભારત માટે રાહતના સમાચાર એ છે કે ખાડીના દેશોમાંથી એલપીજી લઈને આવી રહેલા ભારતીય જહાજ શિવાલિક

મુન્દ્રા પોર્ટ પહોંચી ગયું છે. આ જહાજ હોર્મુઝ સ્ટ્રેટમાંથી ફસાયેલું હતું. હવે આ જહાજ યુદ્ધથી પ્રભાવિત વિસ્તારમાંથી નીકળીને ભારત પહોંચ્યું છે. શિપિંગ મંત્રાલયે એક પ્રેસ કોન્ફરન્સમાં આ જહાજ વિશે જાણકારી આપી છે. વળી, વિદેશ મંત્રાલયે જણાવ્યું કે ઈરાનથી ૫૫૦ નાગરિકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે.

અહીં ઉલ્લેખનીય છે કે આ જહાજમાં ૪૪ હજાર મેટ્રિક ટન LPG ભરેલો છે. જે હવે સુરક્ષિત રીતે મુન્દ્રા પોર્ટ પર પહોંચી ગયું છે. આ જહાજમાંથી ૨૦ હજાર મેટ્રિક ટન એલપીજી ગેસ મુન્દ્રા પોર્ટ પર અનલોડ થશે, જ્યારે ૨૪ હજાર મેટ્રિક ટન સાથે શિવાલિક જહાજ મેંગ્લોર પોર્ટ પર અનલોડિંગ કરવા માટે આજે રાતે રવાના થશે.

IOCL કંપનીના ગેસ બોટલિંગ પ્લાન્ટમાં મુન્દ્રાથી ટેંકર અને પાઈપલાઈન મારફતે પહોંચશે.

## સાઉદી અરબથી ભારત માટે ફ્લાઈટ્સ ચાલુ છે:૨૦ હજાર પેસેન્જર આવ્યા

વિદેશ મંત્રાલયમાં જોઈન્ટ સેક્રેટરી અસીમ મહાજને કહ્યું કે આ વિસ્તારમાંથી ૨૦,૦૦૦ પેસેન્જર ભારત પરત આવ્યા છે.

સઉદી અરબમાં અલગ અલગ એરપોર્ટથી ભારતના અલગ અલગ ડેસ્ટિનેશન માટે ફ્લાઈટ્સ ચાલી રહી છે. ઓમાનથી ભારતના અલગ અલગ ડેસ્ટિનેશન માટે ફ્લાઈટ ચાલી રહી છે. કતર એરસ્પેસ થોડું ખુલ્યું છે, જ્યારે કુવૈત એરસ્પેસ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬થી બંધ છે. બહરીન અને ઈરાકમાં જ્યાં એરસ્પેસ બંધ છે, ત્યાં ભારતીય નાગરિકોને સઉદી અરબથી આવવા-જવામાં મદદ થઈ રહી છે.

## દેશની તમામ રિફાઈનરીઓ પુરી ક્ષમતાથી કામ કરી રહી છે, તેથી પેટ્રોલ-ડિઝલ સહિતના ઈંધણની કોઈ અછત સર્જાશે નહીં

## ભારતે જપ્ત કરેલા ૩ ટેન્કર જહાજો પરત કરવા ઈરાને કરેલી માગણી

નવીદિલ્હી તા.૧૮

ઈરાને ફેબ્રુઆરીમાં જપ્ત કરવામાં આવેલા તેના ત્રણ ટેન્કર છોડવાની માગ ભારત પાસે કરી છે. રોઈટર્સના રિપોર્ટ મુજબ, હોર્મુઝ સ્ટ્રેટમાંથી ભારતીય જહાજોને સુરક્ષિત રસ્તો આપવા અંગેની વાતચીત દરમિયાન આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. રિપોર્ટ મુજબ, ઈરાને ભારત પાસે કેટલીક દવાઓ અને મેડિકલ ઉપકરણોની સપ્લાયની માગ પણ કરી છે. આ મુદ્દા પર ઈરાનના રાજદૂતે સોમવારે નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયના અધિકારીઓ સાથે મુલાકાત કરીને ચર્ચા કરી હતી. ભારતે ફેબ્રુઆરીમાં એસ્ફાલ્ટ સ્ટાર, અલ જાફઝિયા, અને સ્ટેલર રૂબી નામના ત્રણ ટેંકર જપ્ત કર્યા હતા. આરોપ છે કે આ જહાજોએ પોતાની ઓળખ છુપાવી હતી અને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે 'શિપ-ટૂ-શિપ ટ્રાન્સફર'માં ભાગ લીધો હતો. હાલમાં આ ટેંકરો મુંબઈ પાસે લંગર નાખેલા છે.

### કેટલીક દવાઓ-તબીબી સાધનો મોકલવા પણ ઈરાનની માગ

ભારત માટે હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોનું પસાર થવું અત્યંત મહત્વનું છે, કારણ કે દેશની આશરે ૯૦% ન્ટ આયાત ગલ્ફ ક્ષેત્રમાંથી થાય છે. ફારસની ખાડીમાં હાલમાં ૨૨ ભારતીય જહાજો અને ૬૧૧ ભારતીય નાવિકો હાજર છે, જેની સુરક્ષા અને અવરજવર પર નજર રાખવામાં આવી રહી છે.

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની વચ્ચે LPG કેરિયર જહાજ 'શિવાલિક' કતારથી ગેસ લઈને ભારત પહોંચી ગયું છે. આ જહાજ સોમવારે સાંજે ૫ વાગ્યે ગુજરાતના મુન્દ્રા પોર્ટ પર પહોંચ્યું હતું.

## મધ્યપૂર્વના યુદ્ધમાં સૈન્ય ઉપરાંત નાગરિક-વ્યાપારિક સ્થાનો નિશાન

# ઈરાનનો ફરી દુબઈ, અબુધાબી તથા ફુજૈરાહ પોર્ટ પર હુમલો

તહેરાન, તા.૧૬

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચે ચાલતા ભીષણ યુધ્ધમાં વધુને વધુ અખાતી દેશો નિશાન બનવા લાગ્યા હોવાથી ગંભીર વળાંક આવ્યો છે. ઈરાને દુબઈ એરપોર્ટે ડ્રોન હુમલો કરતા નજીકની ફ્યુઅલ ટેન્ક સળગી હતી અને અફડા તફડીના માહોલ વચ્ચે તમામ ઉડ્યનો રદ કરી નાખવામાં આવ્યા હતા. આ સિવાય અબુધાબીમાં મિસાઈલ એટેક કરાયો હતો. યુએઈના ફુજૈરાહ પોર્ટ પર પણ ડ્રોન એટેક થતાં આગ ફાટી નીકળી હતી અને તેલનું લોડિંગ સ્થગિત કરાયું હતું. અમેરિકાએ ઈરાનના ચાબાહાર ટ્રેડ ઝોન નજીકના સૈન્ય ઠેકાણા પર હુમલો કર્યો હતો.

### ફુજૈરાહ પોર્ટ પર ક્રુડનું લોડીંગ સસ્પેન્ડઃ અબુધાબીમાં એકનું મોત

ઈરાને યુએઇ, સાઉદી અરેબીયા, ઈરાક સહિતના ગલ્ફ દેશો પર હુમલા ચાલુ રાખ્યા હતા. ખાસ કરીને વિશ્વના સૌથી સુરક્ષિત શહેરોમાં સ્થાન પામતા દુબઈની હાલત ખરાબ કરી નાખી હોય તેમ અત્યાર સુધીમાં અર્ધો ડઝન ડ્રોન હુમલા કરવામાં આવ્યા હતા. આજે વધુ એક વખત ડ્રોનથી દુબઈના એરપોર્ટને નિશાન બનાવવામાં આવ્યું હતું. ડ્રોન ત્રાટકતા એરપોર્ટની ફ્યુઅલ ટાંકી સળગી ઉઠી હતી. ભીષણ આગને પગલે ધૂમાડાના ગોટેગોટા દેખાયા હતા. તત્કાળ આગને કાબૂમાં લેવાના પ્રયત્નો હાથ ધરાયા હતા. એરપોર્ટ પર અફડાતફડી મચી હતી અને તમામ કામકાજ બંધ કરી દેવાયા હતા.

દુબઈ સિવીલ એવીએશન ઓથોરીટી દ્વારા પ્રવાસીઓ તથા સ્ટાફની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઈન્ટરનેશનલ એરપોર્ટ પર તમામ ઉડ્યનો રદ કરી દેવામાં આવ્યા હતાં. ઈરાન દ્વારા કરાયેલા ડ્રોન હુમલાથી એરપોર્ટ આસપાસની ફ્યુઅલ ટેન્ક નિશાન બની હતી. થોડા સમયમાં જ આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો અને સાથોસાથ સુરક્ષા પ્રોટોકોલ સક્રિય કરી દેવામાં આવ્યા હતા. આગ પર નિયંત્રણ આવી ગયા બાદ પરિસ્થિતિને સામાન્ય બનાવવા પ્રયત્ન શરુ કરવામાં આવ્યા હતા.સત્તાવાર સાધનોએ જણાવ્યું હતુ કે આગથી કોઈ જાનહાનિ કે કોઈને ઈજા થઈ નથી. સોશ્યલ મીડિયા પર દુબઈ એરપોર્ટની નજીક ફ્યુઅલ ટેન્ક પર થયેલા ડ્રોન હુમલાનો વીડિયો વાયરલ થયો છે જો કે આ વીડિયો સાચો છે કે કેમ તેની દુબઈ સત્તાવાળાઓ દ્વારા ખરાઈ કરવામાં આવી નથી.

ઈરાન દ્વારા સંયુક્ત આરબ-અમીરાતના ત્રણ મોટા બંદર ખાલી કરવાની ધમકી આપવામાં આવી હતી અને તેના એક દિવસ પછી એરપોર્ટ પર આ ડ્રોન હુમલો કરવામાં આવ્યો છે. ઈરાને પ્રથમ વખત બીન અમેરિકી મિલ્કતોને નિશાન બનાવવાની ધમકી આપી હતી. ખર્ગ ટાપુ પર હુમલો કરવા માટે અમેરિકાએ યુએઈના બંદર-ડોક અને વ્યુહાત્મક સ્થાનોનો ઉપયોગ કર્યો હોવાનો પણ ઈરાને આરોપ મુક્યો હતો. ઈરાન કેટલાક દિવસોથી અખાતી દેશોમાં અમેરિકાના બેઝને નિશાન બનાવી જ રહ્યું છે.




## ૨૧ માર્ચ સુધી ખરાબ હવામાનની ચેતવણી સાથે ઓરેન્જ એલર્ટ

# હિમાચલ, કાશ્મીર, ઉત્તરાખંડમાં હિમવર્ષાઃ સેંકડો પ્રવાસી ફસાયા

નવી દિલ્હી, તા.૧૬

દેશભરમાં ઉનાળો શરૂ થઈ જ ગયો છે અને પ્રારંભિક દિવસોમાં જ હીટવેવની હાલત સર્જાયા બાદ હવે એકાએક હવામાનપલ્ટો સર્જાયો છે. હિમાચલ-કાશ્મીરમાં હિમવર્ષા-વરસાદથી ફરી ઠંડીનો માહોલ સર્જાવા સાથે સેંકડો પ્રવાસીઓ ફસાઈ ગયા હતા. હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે.

દિલ્હીથી માંડીને રાજસ્થાન સુધી માવઠાની આગાહી કરવામાં આવી છે.

હિમાચલ પ્રદેશના પાટનગર



શિમલા સહિત રાજ્યના અનેક ભાગોમાં તેજ પવન સાથે હિમવર્ષા, વરસાદ તથા કરા વરસ્યા હતા. એકાએક હવામાન પલ્ટાથી પ્રવાસીઓ રોમાંચિત બન્યા હતા. પરંતુ હવામાન ભીષણ બનતા અટવાઈ જવાનો વખત આવ્યો હતો.

શિમલા, મનાલી, લાહોલ-સ્પીતિ જેવા ભાગોમાં પ્રવાસે ઉમટેલા સેંકડો પ્રવાસીઓએ આખી રાત અટલ ટનલ રોહતાંગ પાસે અટવાયું પડ્યું હતું. નવી હિમવર્ષાથી માર્ગો 'સ્લીપરી' બની ગયા હતા. વાહનો લપસી જવાનું જોખમ હતું એટલે એકાદ હજાર વાહનો આખી રાત અટલ ટનલ પાસે અટવાયેલા રહ્યા હતા. હિમાચલમાં રોહતાંગ સહિતના ક્ષેત્રોમાં રવિવારે બપોર બાદ હિમવર્ષા શરૂ થઈ હતી અને માત્રા વધતી રહેતા ઠેકઠેકાણે અર્ધો અર્ધો ફૂટ બરફના થર જામી ગયા હતા. બપોર સુધી પ્રવાસનો આનંદ ઉઠાવનારા પ્રવાસીઓની પછી ફસાઈ ગયાની હાલત થઈ હતી. વાહનો લપસવા લાગતા અન્ય વાહનોને અટકાવી દેવાયા હતા. શિમલા ઉપરાંત ચંબા, કુલ્લુ, મંડી, લાહોલ સ્પીતિ, કિન્નૌર, કાંગવ, મેવા ક્ષેત્રોમાં હિમવર્ષા થઈ હતી. ૧૫૦ માર્ગો બંધ કરી દેવામાં આવ્યા હતા.

હિમવર્ષા તથા વરસાદને પગલે તાપમાન ૧૦ ડીગ્રીથી પણ વધુ ઘટી જતાં શિયાળાનો અહેસાસ થવા લાગ્યો હતો. સરેરાશ ૧૩ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. માર્ચ મહિનામાં જાન્યુઆરી-ફેબ્રુઆરીની ઠંડીનો અનુભવ થયો હતો. શિમલામાં તો ન્યુનત્તમ તાપમાન ૧૦ ડીગ્રીથી નીચે ઉતરી ગયું હતું. હવામાન વિભાગ દ્વારા આવતા થોડા દિવસ હવામાન ખરાબ જ રહેવાની આગાહી કરવામાં આવી છે.

૧૭મીએ નવું વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સર્જાશે અને તેની અસરે તા.૨૧ સુધી હળવો વરસાદ-હિમવર્ષા થઈ શકે છે. દિલ્હીથી માંડીને રાજસ્થાન સુધી અસર રહી શકે છે. દરમ્યાન કાશ્મીરના ગુલમર્ગ-શ્રીનગર સહિતના ભાગોમાં હિમવર્ષા થતાં ગરમીમાં રાહત થઈ હતી. કોકરનાગમાં ૨૨૦ લોકો ફસાતા રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરાયું હતું.

## કિશ્તવાડમાં ભૂસ્ખલનમાં ૧નું મોતઃકોડરનાકામાં ૨૨૦ લોકોનું રેસ્ક્યુઃ અટલ ટનલ ખાતે ૧૦૦૦ વાહનો ફસાયા

## ઉનાની ખાપટ પ્રાથમિક શાળામાં હોબાળો

# શિક્ષિકાનો વિદ્યાર્થિનીઓના ચારિત્ર્ય પર આરોપ, વાલીઓ બદલીની માંગ પર અડગ


(તસવીરઃ ફારૂક કાજી ઉના)

### ૩૯૦ વિદ્યાર્થી શાળાએ ન ગયા; શિક્ષણ વિભાગ દોડતું થયું

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૧૬

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાની ખાપટ પ્રાથમિક શાળા ફરી એકવાર વિવાદના વમળમાં ફસાઈ છે. શાળાના એક મહિલા શિક્ષિકા દ્વારા વિદ્યાર્થીની ઓના ચારિત્ર્ય પર અભદ્ર આક્ષેપો કરવામાં આવતાં રોષે ભરાયેલા વાલીઓ અને ગ્રામજનોએ શિક્ષણનો બહિષ્કાર કર્યો છે. સોમવારે શાળાના તમામ ૩૯૦ વિદ્યાર્થી ગેરહાજર રહેતા શિક્ષણ વિભાગમાં દોડધામ મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, ખાપટ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા મહિલા શિક્ષિકા લલિતાબેન વંશે ગત શુક્રવારે ધોરણ-૭માં અભ્યાસ કરતી ચાર વિદ્યાર્થિની પર ગંભીર અને મર્યાદા બહારના ચારિત્ર્યલક્ષી આક્ષેપો કર્યા હતા. આ ઘટનાથી ડરી ગયેલી અને વ્યથિત થયેલી

વિદ્યાર્થીનીઓએ ઘરે જઈ વાલીઓને જાણ કરી હતી.

ઘટનાની ગંભીરતા જોતા, વાલીઓએ સરપંચ પ્રતિનિધિએ કાનાભાઈનો સંપર્ક કર્યો હતો. સોમવારે સવારે મોટી સંખ્યામાં વાલીઓ શાળાએ ઉમટી પડ્યા હતા અને આચાર્ય મિલનભાઈ ગોસ્વામી સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી.અને જણાવયુ હતું કે'શિક્ષિકાની બદલી કરવામાં નહીં આવે, ત્યાં સુધી બાળકોને શાળાએ નહીં મોકલીએ'ઘટનાની જાણ થતા જ કેળવણી નિરીક્ષક હસમુખભાઈ વાઢેર તપાસ અર્થે શાળાએ પહોંચ્યા હતા. જોકે, વિવાદિત મહિલા શિક્ષિકા રજા પર ઉતરી ગયા હોવાનું જાણવા મળ્યું છે. તપાસ અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીનીઓના નિવેદન નોંધવામાં આવ્યા છે

બીજી તરફ, વાલીઓએ મક્કમતાપૂર્વક જણાવ્યું છે કે, જ્યાં સુધી શિક્ષિકાની બદલી કરવામાં નહીં આવે, ત્યાં સુધી અમે અમારા બાળકોને શાળાએ મોકલીશું નહીં.

નોંધનીય છે કે, આ શિક્ષિકા અગાઉ પણ અનેકવાર વિવાદોમાં આવી ચૂક્યા છે. ૩ મહિના પહેલાની

**અમારી દીકરીના ચરિત્ર પર આક્ષેપ કર્યા છે. જ્યાં સુધી આ શિક્ષિકાની બદલી નહીં થાય ત્યાં સુધી અમારા બાળકો શાળાએ નહીં આવે**

હાલમાં શિક્ષણ વિભાગના અધિકારીઓ અને વાલીઓ વચ્ચે બેઠકોનો દોર ચાલુ છે. અધિકારીઓ વાલીઓને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે, બાળકોનો અભ્યાસ ન બગડે, પરંતુ વાલીઓ પોતાની માગ પર અડગ છે. આ મામલે હવે તાલુકા શિક્ષણ અધિકારી દ્વારા જિલ્લા કક્ષાએ રિપોર્ટ સોંપવામાં આવશે, જેના આધારે આગળની કાર્યવાહી નક્કી થશે.કેળવણી નિરીક્ષક હસમુખ વાઢેર, ભુપત મેવાડા તેમજ સોનારી પ્રા.શાળાના આચાર્ય વિજયાબેન ચુડાસમા, રાધાકૃષ્ણ પ્રા.શાળાના આચાર્ય અલ્કાબેન મકવાણા ખાપટ આવી પહોંચ્યા છે. ધોરણ ૭ની વિદ્યાર્થિ નીઓના નિવેદન વીડિયોગ્રાફી સાથે નોંધવામાં આવશે.એક શિક્ષિકા દ્વારા દીકરીઓના ચારિત્ર્ય પર સવાલ ઉઠાવવાની આ ઘટનાએ સમગ્ર પંથકમાં ચર્ચા જગાવી છે અને શિક્ષણ જગત માટે લાલબત્તી સમાન કિસ્સો સાબિત થયો છે.

ધોરણ-૬ના એક વિદ્યાર્થીને ફૂટપટ્ટી વડે આંખના ભાગે માર માર્યો હતો, જેમાં વિદ્યાર્થીને ઈજા થઈ હતી. અગાઉની તપાસમાં વર્ગના તમામ વિદ્યાર્થીઓએ કબૂલાત કરી હતી કે, શિક્ષિકા દ્વારા તેમને અવારનવાર ફૂટપટ્ટીથી મારવામાં આવે છે. અગાઉની ફરિયાદોને આધારે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા સજાના ભાગરૂપે તેમનું ઈન્ક્રીમેન્ટ (પગાર વધારો) પણ અટકાવવામાં આવ્યું હતું.

# ઉના હોસ્પિટલમાં નાઠેજ ગામના યુવાને ઝેરી દવા ગટગટાવી લીધી

### પ્રાથમિક સારવાર આપ્યા બાદ ગંભીર હાલતમાં વેરાવળ ખસેડાયો : સરકારી હોસ્પિટલ ખાતે બે નંબરની બારી પાસે ટેબલ પર બેસીને દવાની સીસી કાઢી ઝેર મોંઢામા રેડ્યું,બાટલી દર્દી ઓ વચ્ચે ફેકી દીધી

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૧૬

ઉના સરકારી હોસ્પિટલમાં બપોરના સમયે નાઠેજ ગામના ૩૫ વર્ષીય નારણભાઈ ચનાભાઈ મારુ નામના યુવાને ઝેરી દવા પી લીધી હતી. આ ઘટના ડોક્ટરની ચેમ્બર બહાર દર્દીઓ સાથે બેઠા હતા ત્યારે બની હતી. દવા પીધા બાદ યુવાન ઢળી પડતા હોસ્પિટલમાંદોડધામ મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, નારણભાઈએ હોસ્પિટલમાં કેસ પણ કઢાવ્યો ન હતો. તેઓ અચાનક પોતાની પાસે રહેલી ઝેરી દવા પી ગયા હતા. આ જોઈને હાજર લોકોએ બૂમાબૂમ કરતા હોસ્પિટલનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને યુવાનને પ્રાથમિક સારવાર આપી હતી.જોકે, નારણભાઈની



હાલતગંભીર જણાતા તેમને વધુ સારવાર માટે તાત્કાલિક વેરાવળ ખસેડવામાં આવ્યા હતા. તેમના પરિવારજનોને પણ આ ઘટના અંગે જાણ કરવામાં આવી હતી.

યુવાને ઝેરી દવા પીવાનું કારણ હજુ સુધી જાણી શકાયું

નથી. આ અંગે હોસ્પિટલના અધિક્ષક ડો. મિશ્રાએ જણાવ્યું હતું કે, યુવાન નશાની હાલતમાં હોસ્પિટલ આવ્યો હતો અને તેની હાલત ગંભીર જણાતા તેને વધુ સારવાર માટે મોકલી દેવાયો છે.

બપોર ના ૧૧/૨૦ ના સમયે હોસ્પિટલમાં ભારે દર્દી ઓ ની ભીડ હોય દર્દીઓ કેસ બારી પાસે બેઠા હતા આ દરમિયાન યુવક બાંકડા પર આવી બેસી ગયો હતો અને થોડી વાર મા પોતાના ખિસ્સામાંથી જેરી દવા ની બોટલ કાઢી મોઢે માડી ગગડાવી ગયો હતો અને બોટલ કેસ બારી પાસે બેઠેલા દર્દી વચ્ચે ફેકી હોવાના દ્રશ્યો હોસ્પિટલ ના સીસી ટીવી કેમેરા મા કેદ થયાં હતાં આ સમગ્ર ઘટના બની ગયાં બાદ તાત્કાલિક સ્ટાફ ડોકટરો દોડી આવ્યા હતા અને પ્રાથમિક સારવાર આપી વધું સારવાર અંગે બહાર રીફર કરી દેવાયા નું જાણવા મળ્યું હતું.

# મોરબીમાં વ્યાજખોર પિતા-પુત્રના ત્રાસથી આધેડનો ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ

### ૬૫ હજાર લીધેલા રૂપિયાનું ૫૦ હજાર વ્યાજ ચૂકવ્યા છતાં ઉઘરાણી અને ધમકીઓ મળતા ફરીયાદ નોંધાઇ

(પ્રતિનિધિ દ્વારા)

મોરબી તા.૧૬

મોરબીના લીલાપર વિસ્તારમાં રહેતા એક આધેડ મજૂરે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમાં પત્નીની સારવાર માટે વ્યાજે લીધેલ રકમનું ૫૦ હજાર જેટલું નિયમિત વ્યાજ ચૂકવ્યા છતાં ઉઘરાણી અને ધમકીઓ આપતા વ્યાજખોર પિતા-પુત્ર સામે બી ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ લીલાપર પ્રકાશનગર સોસાયટી શેરી નં.૨ માં રહેતા અને લીલાપર ચોકડી નજીક નવાગામ રોડ પર આવેલા પંકજ પોટરીના કારખાનામાં મજૂરી કરતા હરેશભાઈ માવજીભાઈ જાદવ ઉવ.૪૬એ આરોપી ધનજીભાઈ દેવજીભાઈ જાદવ તથા મહેશભાઈ ધનજીબગાઈ જાદવ બન્ને રહે. મોરબી-૨ સો ઓરડી વાળા વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ માં ફરિયાદીના પત્ની કમળાબેનની તબિયત ખરાબ હોવાથી સારવાર માટે ઉપરોક્ત આરોપી પિતા-પુત્ર પાસેથી માસિક ૫% વ્યાજે ૩૦ હજાર અને ૩૫ હજાર એમ કુલ ૬૫ હજાર રૂપિયા લીધા હતા, જે રકમનું આજદિન સુધીમાં ૬૫ હજાર જેટલું નિયમિત વ્યાજ ચૂકવી આપ્યા છતાં આરોપીઓ વારંવાર રૂબરૂ તેમજ ફોન દ્વારા વ્યાજ અને મુદ્દલની ઉઘરાણી કરી ધમકાવતા હતા. ત્યારે ગત તા.૦૭/૦૩/૨૦૨૬ના રોજ વ્યાજખોર બંને પિતા-પુત્રની ધમકીઓ અને દબાણથી કંટાળી ફરિયાદી હરેશભાઈએ પોતાના ઘરે ફીનાઈલ પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં તેમના ભાઈ રમેશભાઈ અને પત્ની કમળાબેન તેમને મોરબી સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. હાલ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે બન્ને આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા કલમ તેમજ ગુજરાત નાણા ધીરધાર કરનાર બાબત અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલમાં દેશી-વિદેશી દારૂનો જથ્થો પોલીસે ઝડપી પાડયો

(પ્રતિનિધિ દ્વારા) ગોંડલ તા.૧૬

ગોંડલ નાં ભગવતપરા વાછરા રોડ પર આવેલા વી.કે.નગર માંથી એ'ડીવીઝન પોલીસ સ્ટેશન નાં પીઆઇ. એ.આર.ગોહિલ, પીએસઆઇ. પંડ્યા,સ્ટાફ નાં યુવરાજસિંહ ગોહિલ, બંસીબેન પરમાર, મહાવીરભાઇ બોરીયા સહિત નાં સ્ટાફે દરોડો પાડી રુ.૬૩,૪૦૦ ની કિંમત ની વિદેશી દારુની ૨૭૨ બોટલ તથા ૩૭ કોથળીઓ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસ ને જોઇ ને દારુનો ધંધાર્થી મનોજ ભોજાભાઇ સોંદરવા નાશી છુટ્યો હોય તેને જડપી લેવા ચક્રોગતિમાન કર્યા હતાં.મનોજ ઉપર ગોંડલ સીટી પોલીસ માં દારુ જુગાર નાં છ જેટલા ગુન્હા નોંધાયા છે.

## ટ્રસ્ટીઓને ટાંટિયા તોડી નાખવાની ધમકી આપતા ત્રણ સામે ફરિયાદ

# સાવરકુંડલાની ઘેલાણી કોલેજમાં જૂનિયર કલાર્કની ભરતીમાં સેટિંગ થતું હોવાનો ભાજપ-આપનો આક્ષેપ

### ભરતી પરીક્ષા દરમિયાન જ ભાજપ અને આમ આદમી પાર્ટીના નેતાઓએ ઘટનાસ્થળે જઈને ચોકાવનાર આક્ષેપ કર્યા







(તસવીર : સૌરભ દોશી, સાવરકુંડલા)

(પ્રતિનિધિ દ્વારા)

સાવરકુંડલા તા.૧૬

અમરેલી જિલ્લાના સાવરકુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા કોલેજમાં જુનિયર કલાર્કની ભરતી પરીક્ષા દરમિયાન વિવાદ સર્જાયો છે. ભાજપના નગરપાલિકા સદસ્ય, આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ અને તેમના પુત્રએ કોલેજમાં જઇને તમે પૈસા લઇને પાસ કરો છો કહીને ટાંટિયા તોડી નાખવાની ધમકી આપતા ત્રણેય સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં કોલેજના ટ્રસ્ટી ચંદ્રિકાબેન ગિરીશભાઈ કામદારે નોંધાવેલી ફરિયાદ મુજબ સાવરકુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા કોલેજમાં જુનિયર કલાર્કની ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષા પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે કોલેજ વહીવટ મંડળ અને ટ્રસ્ટીઓ કાર્યરત હતા. આ દરમિયાન પરીક્ષા શરૂ થવાના સમયે કોલેજની લોબીમાં આરોપી ધર્મેન્દ્ર મહેતા (ભાજપના નગરપાલિકાના સદસ્ય), જગદીશ ઠાકોર (આમ આદમી પાર્ટી શહેર પ્રમુખ) અને જગદીશ ઠાકોરનો પુત્ર બોલાચાલી કરતા જોવા મળ્યા હતા. ચંદ્રિકાબેન કામદારે ફરિયાદમાં જણાવ્યું છે કે, પરીક્ષા શરૂ થવાની તૈયારી હતી ત્યારે આરોપીઓ કોલેજમાં આવીને કોલેજ મેનેજમેન્ટ પર ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જાહેરમાં બૂમો પાડીને કહ્યું કે, 'તમે આ પરીક્ષામાં મોટું સેટિંગ કરી લીધું છે, તમે પૈસા ખાધા છે અને કઈ દીકરીને પાસ કરવી તે અગાઉથી નક્કી કરી લીધું છે', કહીને ધાક ધમકી આપતા હતા. આ દરમિયાન અમે સિક્યુરિટી મારફતે તેમને બહાર મોકલ્યા હતા.

જોકે, પરીક્ષા પૂર્ણ થયા બાદ આ ત્રણેય આરોપીઓ ફરીથી કોલેજની લોબીમાં આવ્યા હતા અને ત્યાં હાજર પરીક્ષાર્થીઓને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો અને કહ્યું હતું કે, 'આ ખોટી પરીક્ષા છે, પસંદગી પહેલેથી જ થઈ ગઈ છે અને તેમની મહેનત પાણીમાં જશે, આ પરીક્ષા માત્ર એક નાટક છે.' શૈક્ષણિક વાતાવરણમાં આ પ્રકારના નકારાત્મક પ્રચારથી પરીક્ષાર્થીઓમાં પણ ગભરાટ અને અસમંજસની સ્થિતિ પેદા થઈ હતી.

આરોપીઓ વિદ્યાર્થીઓને ઉશ્કેરતા હોવાથી ટ્રસ્ટીઓ અને અન્ય લોકોએ આ નેતાઓને સમજાવવાનો પ્રયાસ કર્યો અને કહ્યું કે, 'જો તમારી પાસે કોઈ નક્કર પુરાવા હોય અથવા રજૂઆત હોય, તો અમારા મંડળને લેખિતમાં આપો, અમે તેની તપાસ કરીશું'. આ દરમિયાન આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને તેમણે ટ્રસ્ટીઓને ધમકાવતા કહ્યું કે, 'તમે અમને ઓળખતા નથી, બહાર નીકળો એટલે તમારા ટાંટિયા ભાંગી નાંખીશું અને તમને જોઈ લઈશું.'

આ મામલે સાવરકુંડલા ઇન્ચાર્જ પી.આઇ. ચૌધરીએ જણાવ્યું કે, ધર્મેન્દ્ર મહેતા,જગદીશ ઠાકોર અને તેના પુત્ર સહિત ત્રણ લોકો સામે કોલેજના ટ્રસ્ટીએ ફરિયાદ આપી છે. પોલીસે આઈ.પી.સી.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ અને સાક્ષીઓના નિવેદનોના આધારે આરોપીઓની ધરપકડ કરવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરના મકાનમાંથી ૪.૦૫ લાખની ચોરી કરનાર, નામચીન તસ્કર ત્રીપુટી ઝબ્બે

### તસ્કર ત્રિપુટી એક દિવસના રિમાંડ પર

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા.૧૬

જામનગરમાં મુલ્લા મેડી વિસ્તારમાં ગલેરીયા શેરીમાં રહેતા અલી અસગરભાઈ ગાંધી નામના પરિવારના રહેણાક મકાનમાં આજથી ચાર દિવસ પહેલાં વહેલી સવારે ચોરી થઈ હતી, અને તસ્કરો રૂપિયા ચાર લાખ પાંચ હજારની માલમતા જેમાં રોકડ રકમ, સોના ચાંદીના દાગીના, મોબાઇલ ફોન વગેરેની ચોરી કરી લઈ ગયા હતા.

જે ચોરીના બનાવ અંગે અલી અસગરભાઈ ગાંધી એ પોલીસ મથકમાં ગત ૧૨ મી તારીખે ફરિયાદ નોંધાવી હતી, જે ફરિયાદના અનુસંધાને પોલીસ સ્ટાફે ચોરીનો ભેદ ઉકેલ નાખ્યો છે, અને ઉપરોક્ત રહેણાંક મકાનને નિશાન બનાવનાર તસ્કર ત્રિપુટીને ઝડપી લીધી છે.

જામનગરમાં ગુજરાતી વાડ વિસ્તારના રહેતા અને અગાઉ ૨૨ થી વધુ ચોરીઓમાં પકડાઈ ચૂકેલા એઝાજ કાદરભાઈ શેખ ઉર્ફે એઝલો, તેમજ તેના બે સાગરીત શકીલ અનવરભાઈ ખફી અને સાહિલ રહીમભાઈ સેતા ત્રણેયની અટકાયત કરી લીધી છે. પોલીસે ત્રણેયને અદાલત સમક્ષ રજૂ કરી એક દિવસના રિમાન્ડ પર લીધા છે.

તેઓ પાસેથી સોનાની બે નંગ બંગડી, પાંચ નંગ સોનાની વીંટી, બે સોનાના ચેઇન, બે નંગ સોનાની બુટ્ટી, રોકડ રકમ, મોબાઈલ ફોન વગેરે સહિત રૂપિયા ચાર લાખની માલમતા કબજે કરી લીધી છે. સિટી એ. ડિવિઝનના પી.આઇ. એન. એ. ચાવડા અને તેઓની ટીમ દ્વારા આ સમગ્ર કાર્યવાહી કરવામાં આવી હતી.

**મુખ્ય સૂત્રધાર સામે ૨૨ ગુના નોંધાયા**

જામનગરના વ્હોરા પરિવારના મકાનમાં ચોરી કરવાના ગુન્હામાં પકડાયેલા મુખ્ય સૂત્રધાર આરોપી એઝાજ કે જેની સામે અત્યાર સુધીમાં જામનગર શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી ૨૨ જેટલા ગુના નોંધાઈ ચૂક્યા છે, અને તેમાં તેની ધરપકડ પણ થઈ છે. જે આરોપી જેલમાંથી છૂટ્યા બાદ પોતે તુર્તજ ચોરીના રવાડે ચડી જાય છે. ઉપરોકત વ્હોરા પરિવાર ના ઘર માં પણ તેણે ચોરી કરી હતી, પરંતુ તે પોલીસ ના હાથે ઝડપાઈ ગયો છે.

# મોરબી, વાંકાનેર અને હળવદ પંથકમાં ત્રણ લોકોના અપમૃત્યુના બનાવ નોંધાયા

### દવા પી આપઘાત, વિજશોકથી અને સારવારથી મોત થયાના બનાવ

(પ્રતિનિધિ દ્વારા)

મોરબી,તા.૧૬

મોરબી જીલ્લામાં વાંકાનેર, મોરબી તાલુકા અને હળવદ વિસ્તારમાં ત્રણ અલગ અલગ અપમૃત્યુના બનાવ નોંધાયા છે. જેમાં નવા ધમલપર ગામે યુવાને ઝેરી દવા પી લેતા મોત થયું, જ્યારે રંગપર પાસે વીજ શોર્ટ લાગતા ૭ વર્ષના બાળકનું સારવાર દરમિયાન મૃત્યુ થયું તેમજ હળવદ નજીક ખેત શ્રમિક મહિલાનું કોઈ બીમાર સબબ સારવાર દરમિયાન મોત થયું હતું. પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી છે.

અપમૃત્યુના પ્રથમ બનાવ વાંકાનેર તાલુકાના નવા ધમલપર ગામે બન્યો હતો. જ્યાં ધરમશીભાઈ ભરતભાઈ અબાસાણીયા ઉવ.૩૨એ કોઈ કારણસર ઝેરી દવા પી લીધી હતી. બાદમાં તેમને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તેમનું મોત થયું હતું. આ અંગે વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ દાખલ કરી છે.

જ્યારે બીજો અપમૃત્યુનો બનાવ મોરબી તાલુકાના રંગપર ગામની સીમમાં બન્યો હતો. જ્યાં લવજી ઉર્ફે રવજી સવજીભાઈ વાજેલીયા ઉવ.૦૭ રહે.રંગપર ગામની સીમ સોમનાથ પેટ્રોલપંપ સામેના રસ્તે ઝુંપડામાં તા.જી.મોરબી વાળાને ગત ૦૧ માર્ચના રોજ ઇલેક્ટ્રિક પોલ પાસે વીજ શોર્ટ લાગતા ગંભીર ઈજા પહોંચી હતી. તેને સારવાર માટે રાજકોટની જનાના સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તા. ૧૫ માર્ચે તેનું મોત થયું હતું. આ મામલે મોરબી તાલુકા પોલીસે અપમૃત્યુની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

આ ઉપરાંત અપમૃત્યુના ત્રીજા બનાવમાં હળવદ તાલુકાના માલણીયાદ ગામની સીમમાં બન્યો હતો. જ્યાં સુમલીબેન મહેન્દ્રભાઈ નાયકા ઉવ.૨૫ રહે.માલણીયાદ ગામની સીમમાં ભાવેશભાઇ નટવરભાઇ પરમારની વાડીએ તા.હળવદ મુળ રહે-ઉસેલા તા.કવાંટ જી છોટાઉદયપુર વાળા કોઈ બિમારીને કારણે સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલમાં દાખલ હતા. સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. આ અંગે હળવદ પોલીસે અપમૃત્યુ રજીસ્ટર કરી વધુ તપાસ ચલાવી છે.

# મોરબીના રસ્તામાં ચાલવા મુદ્દે પ્રૌઢ વેપારી પર હુમલો, બે મહિલા સહિત પાંચ સામે ફરીયાદ

### શનાળા-ઘુનડા રોડ પર સોસાયટીના ગેટ પાસેથી નહિ ચાલવાનું કહી આરોપીઓનો પથ્થરમારો

(પ્રતિનિધિ દ્વારા) મોરબી તા.૧૬

મોરબીના શનાળા-ઘુનડા રોડ પર આર્યગ્રામ સોસાયટીના ગેટ પાસેથી જતા રસ્તા પર ચાલવાની ના પાડીને પ્રૌઢ વેપારી પર હુમલો કરાયો હતો. ઘટનામાં પથ્થરમારો કરી વેપારીને ઈજા પહોંચાડી હતી. હાલ ભોગ બનનારની ફરિયાદને આધારે સીટી એ ડિવિઝન પોલીસે બે મહિલા સહિત પાંચ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. મળતી વિગતો મુજબ, મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદમાં, રાજનગર સોસાયટી પંચાસર રોડ ખાતે રહેતા અને અયોધ્યાપુરી મેઇન રોડ પર બજરંગ ટુલ્સ નામની દુકાન ચલાવતા મુકેશભાઈ ગોવિંદભાઈ પારેજીયા ઉવ.૫૩ ગઈકાલ તા.૧૫/૦૩/૨૦૨૬ ના રોજ શનાળા-ઘુનડા રોડ ઉપર ગ્રીન સિટી સોસાયટી સામે આવેલ સનાતન ગ્રામ સોસાયટીમાં આવેલ અથર્વવેદ એપાર્ટમેન્ટમાં પોતાના ફ્લેટમાં ચાલતા ફર્નિચર કામની તપાસ કરવા ગયા હતા. જ્યાંથી પરત પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે તેઓ આર્યગ્રામ સોસાયટીના ગેટ પાસે પહોંચ્યા ત્યારે ત્યાં રહેનાર ચીરાગભાઈ ધરમસીભાઈ વડસોલા, જયશુખભાઈ કાનજીભાઈ પનારા, કોમલબેન જયશુખભાઈ પનારા, અલ્પાબેન ચીરાગભાઈ વડસોલા તથા રાકેશભાઈ કાંતિભાઈ મેરજા સાથે બોલાચાલી થઈ હતી. આરોપીઓએ આ રસ્તો પોતાની સોસાયટીનો હોવાનું કહી ફરિયાદીને ત્યાંથી પસાર થવા મનાઈ કરી અને આરોપીઓએ ગાળો આપી ધમકીઓ આપી હતી અને ચીરાગભાઈ વડસોલાએ ઉશ્કેરાઈ જઈ પથ્થરો ફેંકતા ફરિયાદીના ડાબા હાથમાં ઈજા પહોંચી હતી. જે બાદ તેમને સારવાર માટે મોરબીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે સીટી એ ડિવિઝન પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ અને જીપી એક્ટ મુજબ બે મહિલા સહિત પાંચ આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ચકચારી કાંડનો આખરે ચુકાદો આવ્યો,, ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો

# ઉનાના સમઢિયાળાનાં વર્ષ ૨૦૧૬ના કેસમાં મહત્વનો ચુકાદો, વેરાવળની કોર્ટે ૫ આરોપી સામે ગુન્હો સાબીત કર્યો

### ૩૪ આરોપી નિર્દોષ, મૃતક પોલીસ અધિકારી સામે કેસ રદ કર્યો

### સુપ્રિમ કોર્ટે,સી આઈ ડી ક્રાઈમ અને ગૃહમંત્રીની સિધી દેખરેખ હેઠળ કેસ ચલાવાયો


(તસવીરઃ ફારૂક કાજી ઉના)

(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૧૬

ગીર સોમનાથ જિલ્લાના ઉનાના સમઢિયાળાના વર્ષ ૨૦૧૬ ના દેશ ભરમાં ચકચારી કાંડનો કેસ વેરાવળની સ્પેશ્યલ એટ્રોસિટી કોર્ટના જજ પંડ્યાની કોર્ટમા ચાલી જતાં મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે.આ અંગેની વિગતો આપતા જિલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળાએ જણાવ્યું હતુ કે ગત તા. ૧૧/૭/૨૦૧૬ ના સમઢીયાળા ગામે મરેલ ઢોરની ખાલ ઉતારતા પરીવારને ગૌ રક્ષક લોકોએ મારમારેલ અને ફોરવ્હીલમાં લઈ જઈ ચાર જણાને ગાડી પાછળ બાંધી જાહેરમા મારતા મારતા સરધસ રૂપે ફેરવી ઢોર મારતા લઈ ગયા હતા આ સંબંધે પોલીસ ફરીયાદ ઉના પો.સ્ટે.માં નોંધાઈ હતી. જે ગુના ની પ્રથમ ઉના પોલીસ અને ત્યારબાદ તપાસ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર દ્વારા કરી કુલ ૪૧ જેટલા આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરાયેલ હતી.જે દરમિયાન એક પોલીસ અધિકારીનુ અવશાન થયેલ હતુ.ત્યારબાદ ૪૦ આરોપીઓ સામે આ કેસ વેરાવળના બીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજની કોર્ટમાં ચાલેલ હતો.જેમાં સરકાર પક્ષે સ્પે.પી.પી. છુટા થતાં ડી.જી.પી.ગીર સોમનાથના ને કેસ ચલાવવા કાયદા વિભાગ દ્વારા આદેશ કરવામાં આવેલ હતો.આ કેસમાં સરકાર પક્ષે ડી.જી.પી. કેતનસિંહ વાળાએ આશરે ૨૪૦ જેટલા સાહેદોને તપાસેલ અને લેખીત તથા મૌખિક દલીલો કરેલ જેના આધારે વેરાવળના સ્પે. એટ્રોસીટી કોર્ટના જજ જે.જે.પંડ્યા એ ઈ.પી.કો. કલમ ૩૨૩,૩૨૪,૩૪૨,૫૦૪ તેમજ એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(ડી) તથા ૩(૧)(ઈ), (આર), (એસ), (યુ) અન્વયે ૪૧ આરોપી પૈકી રમેશ ભગવાન જાદવ,રાકેશ રસીક જોશી, નાગજી ડાયા વાણીયા, પ્રમોદગીરી રમેશગીરી ગૌસ્વામી અને બળવંતગીરી ગૌસ્વામી ને આ કેસમાં તકસીરવાન ઠેરવેલ છે.આ આરોપીઓની સજાના હુકમ માટે કોર્ટે મુલતવી રાખેલ હોવાનું મુખ્ય જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળાએ યાદીમાં જણાવ્યું હતું. કુલ ૩૫ આરોપી ને આ ચકચારી કેસમાં નિર્દોષ જાહેર કરતા તેમના પરીવાર જનો એ લાબી કાનુની લડત અને ચકચારી કેસમાં થી મુક્તિ મળતા ખુસી ની લાગણી ફેલાઇ હતી

દેશ ભરમાં ચકચારી બનેલા આ કેસ ચાલતો હોવાથી ભારે પોલીસ બંદોબસ્ત હેઠળ સાહેદો ને લાવવામાં આવ્યા હતા અને લાબી દલીલો વકીલો દ્વારા કરાયેલ હતી આખરે આ સમગ્ર કેસમાં પાંચ આરોપી સામે ગુન્હો સાબીત થતાં તેની સજા અંગે બન્ને પક્ષે દલીલો સાંભળ્યા પછી આપવામાં આવશે તેવું જણાવ્યું હતુ

### શું હતી કેસની તમામ હકીકત અને કેમ સર્જાયો કાંડ!!

વર્ષ ૨૦૧૬ મા મોટાં સમઢિયાળા ગામે એક ભરડિયા નજીક મરેલા જનાવર ની ખાલ ઉતારવાનું કામ કરતાં દલીત સમાજના પરીવાર ના પર કથિત ગૌરક્ષકો એ ગાય મારી હોવાનો આક્ષેપ મુક્યો હતો અને એકજ પરીવાર ના પાંચ લોકો ને દોરડે બાંધી ઢોરમાર માર્યો હતો અને મારતા મારતાં ગાડી પાછળ બાધી પોલીસ સ્ટેશનમાં નાખી ગયાં હતાં અને ત્યાર બાદ અનુસૂચિત સમાજના આગેવાનો દોડી આવતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને પોલીસ વડા કલેક્ટર સહિત અધિકારીઓ દોડી આવ્યા હતા આ કેસ સૌરાષ્ટ્ર નહીં ગુજરાત અને દેશ ભરમાં ચકચારી ઘટના બની હતી

### દેશ ભરના રાષ્ટ્રિય નેતાઓ સમઢિયાળા દોડી આવ્યા હતા

ચકચારીત આ ઘટના દેશ ભરમાં ગાજ્યો હતો અને દરેક પાર્ટી ના રાષ્ટ્રિય નેતાઓ મીડીયા એ અંદાજીત દોઢેક માસ સુધી આ પીડીત પરીવાર ની મુલાકાત લીધી હતી તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ એ જેતે સમયે સમઢિયાળા ગામે દોડી આવ્યા હતા અને કેસ અંગે સ્પેશિયલ કોર્ટે મા ચલાવવા અને સરકારી વકીલ ની નિમણૂક કરી હતી ત્યાર બાદ સી આઈ ક્રાઈમ દ્વારા તપાસ કરીને દરેક સાહેદો ને હાજર રાખવામાં આવ્યા હતા સીધી સુપ્રિમ કોર્ટે ની અને ગૃહમંત્રી નીનિગેહબાની હેઠળ કેસ ચાલ્યો હતો

### કેસના ચુકાદા થી પીડીત પરીવાર અસંતુષ્ટ

આ કેસ ના પીડીત વસરામભાઈ સરવૈયા એ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે જે કોર્ટ મા કેસ ચાલ્યો છે અને ચુકાદો આપ્યો છે તે ચુકાદા થી પીડીત પરીવારઅસંતુષ્ટ છે અને આ બાબતે ચુકાદા ની નકલ મળ્યા બાદ તેનો અભ્યાસ કરી વકીલો સાથે પરામર્શ કર્યા બાદ ઉપલી કોર્ટમાં અપીલ મા જવું તેવું જણાવ્યું હતું

### ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો!

૧૬ માર્ચના ચકચારી કેસનો ચુકાદો જાહેર કરવામાં આવનાર હોવાથી ઉના કોર્ટમા ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો આ ઉપરાત આ કેસમાં સામતેર ગાગડા અને સમઢિયાળા વિસ્તારના ગ્રામિણ વિસ્તારના આરોપી હોવાથી આ વિસ્તારમાં પણ મોટાં પાયે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે

(DAILY) Editor, Publisher, Printer : BHARAT NAROTTAMDAS SHAH • Place of Publication - Jai Hind Press Building, Babubhai Shah Marg, Rajkot - 360 001, On behalf of : Jai Hind Publications (Owner) • Printed At : GUJARAT MIRROR HOUSE, Near Moti Tanki, Sadar, Rajkot - 360001, Gujarat

# રાજકોટ જિલ્લા પંચાયતમાં પણ આજથી વહીવટદાર શાસન, અંતિમ દિવસે કાગડા ઉડ્યા

## પ્રમુખ સહિતના હોદ્દેદારોની કાર જમા લેવાશે : ટિકિટ મળશે કે નહીં તેવી સ્થિતિ વચ્ચે સભ્યોએ આવવાનું ટાળ્યું

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

રાજકોટ જિલ્લા પંચાયતમાં વર્તમાન બોડીના શાસનનો આજે છેલ્લો દિવસ રહ્યો હતો અને આવતીકાલથી વહિવટદાર શાસન લાગુ થઇ જશે. કાલે પ્રમુખ સહિતના પદાધિકારીઓની ચેમ્બરના બોર્ડ ઉતરી જવાની સાથોસાથ વાહનો પણ પરત લઇ લેવામાં આવશે. મહત્વની વાત એ છે કે આજે શાસનનો છેલ્લો દિવસ હોવા છતાં ૩૬માંથી માંડ ચાર-પાંચ સભ્યો જિલ્લા પંચાયતમાં હાજર રહ્યા હતાં.

રાજકોટ જિલ્લા પંચાયતની વર્તમાન બોડીની મુદ્દત આજે પુરી થઇ રહી છે. ભાજપનું શાસન શરુ થયું ત્યારે પ્રમુખ ભુપત બોદરે ૧૭ માર્ચ-૨૦૨૧ના રોજ ચાર્જ સંભાળ્યો હતો. જેને આજે પાંચ વર્ષ પૂર્ણ થતાં વર્તમાન બોડી વિખેરાઇ જશે અને તમામ ૩૬ સભ્યો કાલથી ભૂતપૂર્વ બની જશે. નવી ચૂંટણીની હજુ જાહેરાત કરવામાં આવી નથી એટલે નવી બોડી આવતા સમય નીકળી જાય તેમ હોવાથી સરકાર દ્વારા વહીવટદાર શાસન લાગુ કરવામાં આવે તે સ્પષ્ટ છે. કોર્પોરેશનમાં સરકારે વહીવટદારને સત્તા સોંપી છે તે જ ધોરણે જિલ્લા પંચાયતમાં પણ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમ માનવામાં આવી રહ્યું છે.

સુત્રોએ જણાવ્યું હતું કે આજે બપોરની સ્થિતિ સુધીમાં સરકાર દ્વારા વહીવટદાર વિશે કોઇ લેખિત આદેશ કે સુચના જારી કરવામાં આવ્યા નથી પરંતુ સાંજ સુધીમાં સરકારી આદેશ



આવી જવાનું માનવામાં આવી રહ્યું છે. મોટા ભાગે જિલ્લા વિકાસ અધિકારીને જ વહિવટદાર તરીકેનો ચાર્જ સોંપવામાં આવે તેમ મનાઇ છે. ભૂતકાળમાં પણ આ પ્રકારની જ પરંપરા અપનાવવામાં આવી હતી. જો કે એક વખત પ્રમુખ અને ઉપપ્રમુખને ચાર્જ આપવામાં આવ્યો હતો. આ વખતે સરકાર કેવું વલણ અપનાવે છે તેના પર મીટ છે.

જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલા સભ્યોનો આજે છેલ્લો દિવસ હતો તેમ છતાં બહુ ઓછા સભ્યોએ કચેરીમાં હાજરી આપી હતી. બપોર સુધીમાં પ્રમુખ ઉપરાંત અર્જુન ખાટરીયા, મોહન દાફડા જેવા ચાર-પાંચ સભ્યો જ નજરે ચડ્યા હતા. એવી ચર્ચા થતી હતી કે નવી ચૂંટણીમાં વર્તમાન સભ્યોમાંથી કેટલાને ટીકીટ મળશે તે નક્કી નથી.

અધુરામાં પુરું નવું અનામત રોસ્ટર લાગુ કરવામાં આવ્યું હોવાથી અનેક સભ્યોની ટીકીટ કુદરતી રીતે કપાઇ જાય તેમ છે. વર્તમાન પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઇ રંગાણી, કારોબારી ચેરમેન પી.જી. કીયાડા ઉપરાંત અનેક એવા સભ્યો છે જેઓ પોતાની વર્તમાન બેઠક પરથી લડી શકવાની સ્થિતિમાં નથી. આ સંજોગોમાં નવી બેઠક માટે માંગણી કરે છે કે કોઇ દાવો જ નહીં કરે તેના પર મીટ માંડવામાં આવી છે. આ સ્થિતિને કારણે પણ અનેક સભ્યોએ આજે છેલ્લા દિવસે હાજરી આપવાનું ટાળ્યું હોવાનું કહેવાતું હતું.આજે સાંજે કચેરીનો સમય પૂર્ણ થવા સાથે તમામ ૩૬ સભ્યો ભૂતપૂર્વ બની જશે. ૩૬માંથી ૩૦ સભ્યો ભાજપના છે અને ૬ કોંગ્રેસના છે. પદાધિકારીઓની ચેમ્બરના બોર્ડ પણ આવતીકાલે ઉતારી લેવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

# ગેસ વિતરણ માટે રાજ્ય સરકારની નવી ગાઈડ લાઈન

# હોસ્પિટલ-શૈક્ષણિક સંસ્થાઓને ૧૦૦ ટકા કોમર્શિયલ ગેસ સિલિન્ડર અપાશે

## રેસ્ટોરન્ટ–કેન્ટીન–ફૂડ પ્રોસેસીંગને ૧૦ ટકા ગેસ અપાશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૬

રાજ્યમાં ઘરેલું તેમજ કોમર્શિયલ હેતુ માટે ગેસનો પુરવઠો સુચારૂ રૂપે જળવાઈ રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વના પગલાં લેવામાં આવ્યા છે. રાજ્યમાં ઘરેલું વપરાશ માટે LPG સિલિન્ડરનો પૂરતો બફર સ્ટોક ઉપલબ્ધ છે, પરંતુ કોમર્શિયલ વપરાશ પર ચોક્કસ મર્યાદાઓ અને પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવી છે.

સરકારના આદેશ અનુસાર, જે સ્થળોએ PNG નેટવર્ક ઉપલબ્ધ નથી, ત્યાં કોમર્શિયલ LPG રીફિલની ફાળવણી કરવામાં આવશે.

હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓને તેમની જરૂરિયાત મુજબ ૧૦૦% જથ્થો મળશે. ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ, ડેરી ઉદ્યોગ, સીડ પ્રોસેસિંગ અને એરલાઇન કે રેલ્વે કેન્ટીનને ૭૦% જથ્થો અપાશે. હોટલ, રેસ્ટોરન્ટ, ધાબા, કોર્પોરેટ કેન્ટીન અને ફૂડ પ્રોસેસિંગ એકમોને હવે માત્ર ૧૦% જથ્થો ફાળવવામાં આવશે.

છેલ્લા ૧ વર્ષથી કાર્યરત અને ભોજન આપતી સંસ્થાઓને છેલ્લા ૬ મહિનાના વપરાશના આધારે ૧૦% ની મર્યાદામાં જથ્થો મળશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે જે ગ્રાહકો પાસે LPG નેક્શન ઉપલબ્ધ છે, તેને LPG કનેક્શન સરેન્ડર કરવાનું રહેશે. આવા ગ્રાહકો હવે LPG કનેક્શન પોતાની પાસે રાખી શકશે નહીં. ગુજરાતને કેન્દ્ર સરકારે કેરોસિનની ફાળવણી કરી છે, એ LPG ઉપરાંત ૧,૪૫૨ કિલો લીટરની ફાળવણી કરી છે, જેમાં ૫ લીટરની મર્યાદામાં કેરોસિન આપવામાં આવશે, જેનું જરૂરિયાત મુજબ વિતરણ કરવામાં આવશે, જે LPG ની સાથે જરૂરિયાત મુજબ વ્યવસ્થા કરવામાં આવશે. ગ્રાહકોને સમયસર અને યોગ્ય રીતે ગેસ મળી રહે તે માટે ગેસ એજન્સીઓ પર રેવન્યુ અને પોલીસ કર્મચારીઓની ટીમ દ્વારા સઘન મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં તપાસ ટીમો દ્વારા કુલ ૬૧૨ (જિલ્લા કક્ષાએ) અને ૧૭ (રાજ્ય કક્ષાએ) તપાસણીઓ કરવામાં આવી છે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનું કાઉન્ટ ડાઉન : જિલ્લાની તમામ સરકારી કચેરીઓ પાસે કર્મચારીઓની સંખ્યાની વિગત મંગાવાઈ

## વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારી : રાજકોટ સહિત રાજયભરના કલેક્ટરો, ડીડીઓ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે ચૂંટણી પંચે વીડિયો કોન્ફરન્સ યોજી

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ થતા જ રાજકોટ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. દરમિયાન રાજય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે આજે બપોરના ૪-૩૦ કલાકે રાજય ચૂંટણી પંચ દ્વારા રાજકોટ સહિત રાજયભરના જીલ્લા કલેકટરો જીલ્લા વિકાસ અધિકારીઓ અને મ્યુ.કમિશ્નરો સાથે વિડીયો કોન્ફરન્સ આયોજીત કરવામાં આવી છે.રાજકોટ શહેર-જિલ્લામાં રાજકોટ મહાનગરપાલિકા, મ્યુ.કોર્પોરેશન અને ગોંડલ નગર પાલિકાની ચૂંટણી યોજાનાર હોય જીલ્લા વહીવટીતંત્ર દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતદાર યાદી પણ તૈયાર કરી દેવામાં આવી છે. ચૂંટણીપંચનો આદેશ મળ્યે આ મતદારયાદીની પ્રાથમિક પ્રસિધ્ધ કરી દેવામાં આવનાર છે.શહેર-જીલ્લામાં સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીમાં ૧૩થી ૧૪ હજાર જેટલા કર્મચારીઓની જરૂરીયાત ઉભી થનાર હોય જીલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ દ્વારા કર્મચારીઓના સ્ટાફની જીલ્લાની તમામ કચેરીઓ પાસેથી વિગતો મેળવી લેવા માટે સુચના આપતા તમામ કચેરીઓને કર્મચારી સ્ટાફની સંખ્યાની વિગતો તાબડતોબ મોકલી આપવા આદેશ કરી દેવામાં આવેલ છે.જેમાં આગામી છ માસમાં નિવૃત થનાર, કર્મચારીઓ, સેવા નિવૃત થઈ ગયેલા કર્મચારીઓ અને બદલી પામેલા કર્મચારીઓ ઉપરાંત નવા હાજર થયેલા કર્મચારીઓની માહિતી મોકલવા તાકીદ કરવામાં આવી છે.જેમાં દિવંગત થયેલા કર્મચારીઓના નામ કમ કરી લેટેસ્ટ તૈયાર કરી આઠ દિવસમાં મોકલી આપવા ફરમાન કરાયું છે. દરમિયાન બપોરના રાજય ચૂંટણીપંચ દ્વારા કલેકટરો- જીલ્લા વિકાસ અધિકારીઓ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે આયોજીત કરાયેલ વીડિયો કોન્ફરન્સમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવનાર છે.

બીજી તરફ રાજકીય પક્ષો દ્વારા પણ સ્થાનિક સ્વરાજની આ ચૂંટણી માટે તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. મતદારોની રીઝવવા માટે અત્યારથી જ આગેવાનો અને કાર્યકરો દ્વારા ગ્રુપ બેઠકોનો દૌર શરૂ કરવામાં આવેલ છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીની સાથે જીલ્લા પંચાયત અને ગોંડલ નગરપાલિકાની ચૂંટણી યોજાનાર હોય ચૂંટણી પંચ દ્વારા જરૂરી ઈવીએમ મશીનો પણ ફાળવી દેવામાં આવેલ છે.

# ગેસની કટોકટી વચ્ચે સરકારનું અલ્ટીમેટમ

# પીએનજી કનેકશન હોય તો ગેસ સિલિન્ડર પરત આપી દેવા આદેશ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા. ૧૬

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઇઝરાયેલ તથા ઇરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુધ્ધના કારણે સર્જાયેલી ગેસ કટોકટી દૂર કરવા માટે સરકારે એક પછી એક કદમ ઉઠાવી રહી છે. હવે પીએનજી (પાઇપલાઇન ગેસ) હોવા છતાં સીલીન્ડર ધરાવતા ગ્રાહકો પર તવાઇ ઉતારવામાં આવી છે. પાઇપ ગેસ ધરાવતા ગ્રાહકો પાસે ઘરેલું સિલિન્ડર હોય તો તે પરત કરી દેવાની તાકિદ કરવામાં આવી છે અને બુધવાર સુધીનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે.



સરકાર દ્વારા તેમ કહેવામાં આવ્યું છે કે પીએનજી કનેકશન ધરાવતા ગ્રાહકોને કોઇપણ સરકારી ગેસ કંપનીમાંથી ઘરેલું સિલિન્ડર આપવામાં નહીં આવે સરકાર પાસે પીએનજી અને ઘરેલું સિલિન્ડર એમ બંને જોડાણ ધરાવતા ગ્રાહકોની સંખ્યાનો ચોક્કસ આંકડો નથી પરંતુ આ સંખ્યા ઘણી મોટી હોવાનું અનુમાન વ્યકત થઇ રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા ગેઝેટ નોટીફીકિશન ઇસ્યુ કરવામાં આવ્યું છે અને તેમાં

આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ આ જોગવાઇ દાખલ કરવામાં આવી છે. સરકારે તેલ કંપનીઓને પણ એવી સુચના આપી છે કે પીએનજી ધરાવતા ગ્રાહકોને સીલીન્ડર-રીફીલ કરી દેવામાં ન આવે. પેટ્રોલીયમ મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું કે ગેસ અછતને કારણે ઘરેલું ગેસના બુકીંગમાં જબરદસ્ત વધારો થયો હતો. ફેબ્રુઆરી મહિનામાં ૫૫.૭ લાખ સીલીન્ડર બુક થયા હતા તેની સામે ૧૩મી માર્ચે આ આંકડો ૮૮.૮ લાખ પર પહોંચી ગયો હતો અને તેના કારણે સરકારને કડક વલણ અપનાવવાની ફરજ પડી છે.

પેટ્રોલીયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે રાંધણ ગેસની સપ્લાય નોર્મલ હોવા છતાં હજુ ચિંતાનો વિષય છે જ, સરકાર દ્વારા ઘરેલું વપરાશકારોને સપ્લાયમાં કોઇ અવરોધ ન સર્જાય તેની કાળજી લેવામાં આવી રહી છે. આ સિવાય શૈક્ષણિક સંસ્થાઓ તથા હોસ્પીટલોને પણ પ્રાયોરીટી ક્ષેત્રમાં રાખવામાં આવ્યા છે. રાંધણ ગેસ ખરીદવા માટે સરકાર જુદી-જુદી દિશામાં નજર દોડાવી રહી છે. ઉપરાંત ઘરેલું ઉત્પાદનમાં પણ ૩૧ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. સરકારી તેલ કંપનીઓને ઓનલાઇન બુકીંગનો જ આગ્રહ રાખવા કહેવાયું છે. ગ્રાહકો એજન્સીમાં રૂબરૂ જઇને બુકીંગ માટે દબાણ ન કરે તેવી પણ તાકિદ કરવામાં આવી છે. ૮૪ ટકા લોકોએ સીલીન્ડરનું ઓનલાઇન બુકીંગ કરાવવામાં આવ્યું છે. ડીજીટલ પ્લેટફોર્મ પરથી ઘરેલું સીલીન્ડરનું સરળતાથી બુકીંગ થઇ જ રહ્યું છે. આ સિવાય વોટ્સએપ, એસએમએસ અને મોબાઇલ એપ્લીકિશનની સુવિધા પણ આપવામાં આવી છે. એજન્સી પાસે રૂબરૂ જવાના બદલે ઓનલાઇન બુકીંગ કરાવવા ગ્રાહકોને સરકારે અનુરોધ કર્યો છે. સરકાર દ્વારા ઘરેલું અને કોમર્શીયલ વિજ ગ્રાહકોને પાઇપલાઇન ગેસનું કનેકશન મેળવવા પણ તાકિદ કરવામાં આવી રહી છે. સમગ્ર દેશમાં ૩૦૭ ભૌગોલિક વિસ્તારોમાં પાઇપલાઇન ગેસ ઉપલબ્ધ છે.


**SATSANG SHIKSHA PARISHAD**

**STAFF RECRUITMENT**

(1) Shree Swaminarayan Institute of Technology (Degree-Engineering)
Near EDI & Sardar Patel Ring Road Circle, Gandhinagar to Ahmedabad Airport Highway, Bhat, Gandhinagar Gujarat-382428
Website: www.ssit.co.in Email:recruitment@ssit.co.in

| Post | Director/Principal |
|---|---|
| No. | 1 |

| Post | Computer | Computer Science & Engg. | IT | English |
|---|---|---|---|---|
| Professor | 3 | 1 | 3 | 0 |
| Associate Professor | 5 | 2 | 5 | 0 |
| Assistant Professor | 3 | 4 | 3 | 1 |

(2) Shree Swaminarayan Polytechnic (Diploma Engineering)
Shree Swaminarayan Gurukul Campus, Opp. Traffic Police Station, Sector-22, Gandhinagar-382022.
Website: www.sspolytechnic.co.in Email:sspolytechnicgnr@gmail.com

| Post | Computer | IT |
|---|---|---|
| HOD | 1 | 1 |
| Lecturer | 9 | 7 |

(3) Shree Swaminarayan Institute of Technology (MCA)
Near EDI & Sardar Patel Ring Road Circle, Gandhinagar to Ahmedabad Airport Highway, Bhat, Gandhinagar, Gujarat 382428
Website:www.ssit.co.in Mobile No: 9099063433 Email: ssit.bcadirector@gmail.com

| Post | Director/Principal | Professor | Associate Professor | Assistant Professor |
|---|---|---|---|---|
| No. | 1 | 1 | 2 | 3 |

(4) Shree Swaminarayan Institute of Technology (BCA)
Near EDI & Sardar Patel Ring Road Circle, Gandhinagar to Ahmedabad Airport Highway, Bhat, Gandhinagar, Gujarat 382428
Website: www.ssit.co.in Email: ssit.bcadirector@gmail.com

| Post | Director/Principal | Professor | Associate Professor | Assistant Professor |
|---|---|---|---|---|
| No. | 1 | 1 | 2 | 11 |

x Qualification and requirement as per AICTE and GTU norms.
x Nos. of posts may vary as per requirement at interview.
x Interested candidate may send their resume by post/ courier/ email as per format given in concerned website along with photograph and self-attested copies of all relevant documents to the Director of above concern institute address within one month of advertisement published.

- Managing Trustee


राजस्थान सरकार
सूक्ष्म एवं लघु उद्यम सुविधा परिषद, अजमेर संभाग
जिला उद्योग एवं वाणिज्य केन्द्र, अजमेर
RPSC के पास जयपुर रोड़, अजमेर-305001
क्रमांक : एफ.()जि.उ.के.अ./ MSEFC / AD/ 2025-26 / 2885
WHITE CITY CERAMIC PRIVATE LIMITED, B/H MANISH WAY BRIDGE, PIPLI ROAD, MORBI, GUJRAT

**अंतिम नोटिस**

केस नम्बर RJ/01/M/AJR/ 00434
SIDDHARTHA INANI, M/S GOLDENBIRD INDIA, Flat No:- 32, Building:- GANPATI NAGAR, Road / Street:- GANPATI NAGAR, Village/Town :- BEAWAR, Block: - 32, City:- BEAWAR (goldenbirdinani@gmail.com) (9079953905)

द्वारा FELDSPAR POEDER की आपूर्ति का भुगतान आप द्वारा आपूर्तिकर्ता इकाई को नहीं किए जाने के कारण आपूर्तिकर्ता द्वारा MSMED Act-2006 की धारा 18 के अंतर्गत सुविधा परिषद को रेफरेंस प्रस्तुत करने पर बैठक दिनांक 16.01..2026 मे आप (केता संस्था) को व आपूर्तिकर्ता संस्था को नोटिस दिनांक 31.12.2025 रजिस्टर्ड डाक से प्रेषित किया जाकर, वाद के संबंध में सुविधा परिषद के समक्ष उपस्थित होने हेतु लिखा गया।

उक्त वाद से संबंधित परिषद की समस्त बैठकों में आप (केता पक्ष) अनुपस्थित रहे तथा ना ही आपने परिषद के पत्रों का प्रत्युत्तर प्रस्तुत किया। सुविधा परिषद की बैठक दिनांक 16.01.2026 में परिषद द्वारा सर्वसम्मति से केता के क्षेत्र में राष्ट्रीय स्तर के समाचार पत्र के माध्यम से आपूर्तिकर्ता के व्यय पर केता के लिए सुनवाई के अंतिम अवसर की लोक सूचना प्रकाशित करवाने का निर्णय लिया गया।

अतः जरिये अंतिम नोटिस आपको सूचित किया जाता है कि आपूर्तिकर्ता इकाई को विलंबित बकाया भुगतान न किए जाने के संबंध मे अपना प्रत्युत्तर 15 दिवस मे प्रस्तुत करें, अन्यथा MSMED Act-2006 की धारा 16 के प्रावधानों के अनुसार कार्यवाही प्रारंभ की जावेगी।

(डी. के. शर्मा)
अध्यक्ष, सूक्ष्म एवं लघु उद्यम सुविधा परिषद, अजमेर संभाग


સફળતાના ૭૮ વર્ષ પુરા કરી ૭૯માં વર્ષમાં મંગળ પ્રવેશ નિમિતે જયહિન્દ દૈનિકને હાર્દિક શુભેચ્છા



ડો. પ્રદીપ ડવ
પૂર્વ મેયર -રાજકોટ મહાનગરપાલિકા


**હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

રજી. ઓફિસ: ૦૯, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - ૧૧૦૦૫૭,
ફોન: ૦૧૧ ૪૯૨૬૭૦૦૦, ટોલ ફ્રી નં: ૧૮૦૦ ૨૧૨ ૮૮૦૦, ઈમેઈલ: customer.care@herohfl.com
વેબસાઈટ: www.herohousingfinance.com | સીઆઈએન: U65192DL2016PLC30148
સંપર્ક સરનામું: એ-૬, ત્રીજો માળ, સેક્ટર-૪, નોઈડા - ૨૦૧૩૦૧.

**ડિમાન્ડ નોટિસ**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ("અધિનિયમ")ની કલમ ૧૩(૨) હેઠળ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ("નિયમો")ના નિયમ ૩ સાથે વાંચેલ.

અહીં નીચે સહી કરનાર હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (HHFL)ના અધિકૃત અધિકારી છે, જે કાયદા હેઠળ અને નિયમોના નિયમ ૩ સાથે વાંચેલ કલમ ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, કાયદાની કલમ ૧૩(૨) હેઠળ નીચે તારીખે વિગતવાર ડિમાન્ડ નોટિસ જારી કરી છે, જેમાં કરજદાર(ઓ)/સહ-કરજદાર(ઓ)/જામીનદાર(ઓ) (બધા એકલા અથવા એકસાથે "કરજદારો" તરીકે ઓળખાય છે)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ)ને નીચે આપેલ વિગતો અનુસાર, સંબંધિત ડિમાન્ડ નોટિસ/નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે આહવાન કરવામાં આવે છે. ઉપરોક્ત નોટિસની નકલો રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી. દ્વારા બજાવવામાં આવે છે અને નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે, અને ઉપરોક્ત કરજદારઓ/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ), જો તેઓ ઇચ્છે તો, કાર્યાલયના સામાન્ય કલાકો દરમિયાન કોઈપણ કાર્યકારી દિવસે નીચે સહી કરનાર પાસેથી સંબંધિત નકલ મેળવી શકે છે.

ઉપરોક્ત સંદર્ભમાં, ઉપરોક્ત કરજદાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ(ઓ)ને ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે કે તેઓ HHFLને સંબંધિત નોટિસની તારીખથી ૬૦ દિવસની અંદર, તેમના સંબંધિત નામો સામે નીચે દર્શાવેલ રકમ, કોલમ (d)માં નીચે દર્શાવેલ સંબંધિત તારીખોથી ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી, નીચે આપેલા વિગતવાર વ્યાજ સાથે લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લેખનો, જો કોઈ હોય તો, ઉક્ત કરજદાર(ઓ) દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે. લોનની બાકી ચુકવણી માટે સુરક્ષા તરીકે, નીચેની સુરક્ષિત સંપત્તિ(ઓ) અનુક્રમે ઉપરોક્ત કરજદાર(ઓ) દ્વારા HHFLને ગીરવે મૂકવામાં આવી છે.

| લોન એકાઉન્ટ નં. | કરજદાર(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ)નું નામ | નીચેની તારીખ મુજબ કુલ બાકી રકમ (રૂ.) | ડિમાન્ડ નોટિસની તારીખ / NPAની તારીખ |
|---|---|---|---|
| HHFRAJHOU2000 0008275 | રવિકુમાર મહેશભાઈ પરમાર, પરમાર રવિકુમાર મહેશભાઈ, પરમાર આશાબેન મહેશભાઈ | ૧૦-માર્ચ-૨૦૨૬ના રોજ રૂ.૩૩,૧૬,૦૮૭/- | 10-03-2026 / 09-03-2026 |

**સુરક્ષિત મિલકતો / સ્થાવર મિલકતો / ગીરવે મૂકેલી મિલકતોનું વર્ણન:-** રહેણાંક મકાન જેનો જમીન વિસ્તાર ૬૬.૩૨૫ ચો.મી. (૬૫.૬૪૩ ચો.મી. સિટી સર્વે મુજબ) બિલ્ટ અપ વિસ્તાર ૧૧૨.૪૬૫ ચો.મી. દક્ષિણ ભાગ બાજુના પ્લોટ નં.૬૩ અમૃત સરિતા, બ્લોક નં.૪, રેવન્યુ સર્વે નં.૬૨૦/૧/પીપ, ટીપીએસ નં.૨૪ (રાજકોટ) ઓપી નં.૧૪, એફપી નં.૧૪/૩, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૧. **સીમાઓ:** ઉત્તર: આ પ્લોટ પર અન્ય મકાન, પૂર્વ: એફપી નં. ૧૫/૧, દક્ષિણ: આ પ્લોટ નં. ૬૨ પર અન્ય મકાન, પશ્ચિમ: ૭.૫૦ મીટર પહોળો રસ્તો.

*વધુ વ્યાજ સાથે, ઉપરોક્ત તારીખની સંબંધિત ડિમાન્ડ નોટિસમાં વધુ સ્પષ્ટ રીતે દર્શાવેલ દરે વધારાનું વ્યાજ, ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી થયેલા આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જ વગેરે. ઉપરોક્ત મુજબ જો કહેવાતા કરજદાર(ઓ) HHFLને રકમ ચુકવણી કરવામાં નિષ્ફળ જશે, તો HHFL દ્વારા કાયદાની કલમ ૧૩(૪) હેઠળ ઉપરોક્ત કરજદાર(ઓ) અને લાગુ નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત સંપત્તિ(ઓ)/સ્થાવર મિલકત(ઓ) સામે કાર્યવાહી કરાશે, જે ખર્ચ અને પરિણામો અંગે સંપૂર્ણપણે કરજદાર(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ)ના જોખમે રહેશે.

ઉપરોક્ત કાયદા હેઠળ ઉપરોક્ત કરજદાર(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ) ઉપરોક્ત સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકત, વેચાણ, લીઝ અથવા અન્યથા HHFLની પૂર્વ લેખિત સંમતિ વિના, ટ્રાન્સફર કરવા માટે પ્રતિબંધિત છે. કોઈપણ વ્યક્તિ જે કાયદાની જોગવાઈઓ અથવા તેના હેઠળ બનાવેલા નિયમોનું ઉલ્લંઘન કરે છે અથવા ઉલ્લંઘનને પ્રોત્સાહન આપે છે તે કાયદા હેઠળ જોગવાઈ મુજબ કેદ અને/અથવા દંડને પાત્ર રહેશે.

તારીખ: ૧૭.૦૩.૨૦૨૬ સ્થળ: રાજકોટ — એસડી/- અધિકૃત અધિકારી, હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ માટે

**આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિ.** Aadhar Housing Finance Ltd

**કોર્પોરેટ ઓફિસ:** યુનિટ નંબર ૮૦૨, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦૦૬૯.
**જેતપુર શાખા:** પહેલો માળ, શિવમ કોમ્પ્લેક્સ, જૂનાગઢ રોડ, હિરો હોન્ડા શોરૂમ, જેતપુર, રાજકોટ – ૩૬૦૩૭૦ (જીજે)
**ભાવનગર શાખા:** નં. ૩૧૩, ત્રીજો માળ, શોપર પ્લાઝા, વાઘાડી રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨ (જીજે)
**રાજકોટ એજીયુ શાખા:** ઓફિસ નંબર ૨૦૪થી ૨૦૮, બીજો માળ, ધ ઈમ્પેરિયા, સુભાષ રોડ, સીડબલ્યુએસ નંબર ૧૪, સીએસ નંબર ૩૦૮૫, શાસ્ત્રી મેદાનની સામે, પંચનાથ પ્લોટ, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૧.
**ભુજ શાખા:** એસએચ- ૧૩, ગ્રાઉન્ડ ફ્લોર, કોમ્પ્લેક્સ-એ, આરટીઓ રીલોકેશન સાઈટ, એચડીએફસી બેંક નજીક, ભુજ, ૩૭૦૦૦૧ (જીજે)

**પરિશિષ્ટ ૪ કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર **આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ** (AHFL)ના અધિકૃત અધિકારી દ્વારા સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ના નિયમ ૩ સાથે વાંચવામાં આવેલ કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ મુજબ પ્રાપ્તિની તારીખથી **૬૦ દિવસ**ની અંદર નોટિસમાં ઉલ્લેખિત રકમની ચુકવણી કરવા માટે નીચે દર્શાવેલ કરજદાર(ઓ)/જામીનદાર(ઓ)ને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા જારી કરાયેલ ડિમાન્ડ નોટિસ(ઓ) ઉક્ત નોટિસમાં કરજદાર રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી જેથી કરજદાર(ઓ)/જામીનદાર(ઓ) અને સામાન્ય રીતે જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચવામાં આવેલ અધિનિયમની કલમ ૧૩ની પેટા-કલમ (૪) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. અધિનિયમની કલમ ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઈઓ, ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, કરજદારનું સુરક્ષિત મિલકત રિડીમ કરવા માટે ધ્યાન દોરવામાં આવે છે. ખાસ કરીને કરજદાર અને સામાન્ય રીતે જનતાને આથી સુચના આપવામાં આવે છે કે તે મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર AHFLના ચાર્જને આધીન રહેશે જે અહી નીચે દર્શાવેલ રકમ વ્યાજ સાથે રહેશે.

| ક્રમ નં. | કરજદાર(ઓ)/સહ-કરજદાર(ઓ)નું નામ (શાખાનું નામ) | સુરક્ષિત સંપત્તિનું વર્ણન (સ્થાવર મિલકત) | ડિમાન્ડ નોટીસની તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. ૨૫૫૧૦૦૦૦૩૨૩/ જેતપુર શાખા) વસીમ સલીમ મુનસી (કરજદાર) જેતુન સલીમ મુનશી (સહ-કરજદાર) | મિલકતની દરેક જગ્યા પાર્ટ અને પાર્સલ બેરીંગ, રેવન્યુ સર્વે નં. ૩૬૪, ચોગન રોડ ચોક સી.એસ. શીટ/બ્લોક નં. સી, સર્વે નં. ૩૬૦, ૩૬૧, ૩૬૪ પ્રભાસ-પાટણ, તા. વેરાવળ (ગ્રામીણ વિસ્તાર) (ભાગ) ગીર સોમનાથ ગુજરાત ૩૬૨૨૬૬. **સીમાઓ:** પૂર્વ - રોડ, પશ્ચિમ - રમેશચંદ્ર ભેરૂમલનું મકાન, ઉત્તર- વાધુમલ મચ્છરામ આહુજા, ચિન્દાસ મકાન, દક્ષિણ - સુંદરદાસનું અને તેવુમલનું મકાન | 11-08-2025 અને ₹ 11,77,216/- | 14-03-2026 |
| 2 | (લોન કોડ નં. ૦૪૧૧૦૦૦૧૨૮૧/ ભાવનગર શાખા) ગોહિલ ભગીરથસિંહ ભોજુભા (કરજદાર) જાડેજા મિતાબા બટુકભા (સહ-કરજદાર) | મિલકતની દરેક જગ્યા પાર્ટ અને પાર્સલ બેરીંગ, જીએફ મકાન નં. ૩૭૭, ઇન્ડેક્સ નં. ૩૭૭ ગામતળ વિસ્તાર અગિયાળી રોડ, પીપરાળા ભાવનગર ગુજરાત ૩૬૪૧૨૦. **સીમાઓ:** પૂર્વ - નદી, પશ્ચિમ - ટાણા રોડ, ઉત્તર - રોડ અને પડતર જમીન, દક્ષિણ - બટુકસિંહની દુકાન | 22-08-2025 અને ₹ 4,72,038/- | 15-03-2026 |
| 3 | (લોન કોડ નં. ૬૫૧૧૦૦૦૦૦૨૭/ રાજકોટ એજીયુ શાખા) આનંદભાઈ વિરેન્દ્રભાઈ ગોહેલ (કરજદાર) નયનાબેન આનંદભાઈ ગોહેલ (સહ-કરજદાર) | મિલકતની દરેક જગ્યા પાર્ટ અને પાર્સલ બેરીંગ, જીએફ અને એફએફ ભાગ નં. ૫ કપુતિયા પરા સ્ટેશન રોડ સીએસ વોર્ડ નં. ૧, ગોંડલ રાજકોટ ગુજરાત ૩૬૦૩૧૧. **સીમાઓ:** પૂર્વ - મનસુખભાઈ કોળીની સંલગ્ન મિલકત, પશ્ચિમ - અન્યની સંલગ્ન મિલકત, ઉત્તર - રાજુભાઈ ખોજાભાઈની સંલગ્ન મિલકત, દક્ષિણ - સંયુક્ત માર્ગ અને અન્યની સંલગ્ન મિલકત | 09-09-2025 અને ₹ 6,24,371/- | 15-03-2026 |
| 4 | (લોન કોડ નં. ૨૯૫૧૦૦૦૦૩૧૬/ ભુજ શાખા) શૈલેષકુમાર નારણભાઈ રાઠોડ (કરજદાર) રાઠોડ જમાનાબેન શૈલેષકુમાર (સહ-કરજદાર) | મિલકતની દરેક જગ્યા પાર્ટ અને પાર્સલ બેરીંગ, જીએફ પ્લોટ નં. ૨૫૮-એ (ઉત્તર ભાગ), રેવન્યુ સર્વે નં. ૭૮/૧ ઘનશ્યામ નગર, મેઘપર (કુંભારડી), તા. અંજાર કચ્છ ગુજરાત ૩૭૦૧૧૦. **સીમાઓ:** પૂર્વ - રોડ, પશ્ચિમ - પ્લોટ નં. ૨૩૫, ઉત્તર - પ્લોટ નં. ૨૫૭, દક્ષિણ - પ્લોટ નં. ૨૫૮/બી | 11-08-2025 અને ₹ 8,79,868/- | 15-03-2026 |

સ્થળ : ગુજરાત
તારીખ : ૧૭-૦૩-૨૦૨૬

અધિકૃત અધિકારી
આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ

राजस्थान सरकार
सूक्ष्म एवं लघु उद्यम सुविधा परिषद, अजमेर संभाग
जिला उद्योग एवं वाणिज्य केन्द्र, अजमेर
RPSC के पास जयपुर रोड़, अजमेर-305001
कमांक : एफ. ()जि.उ.के.अ. / MSEFC/AD / 2025-26 / 2890
VAIBHAVI ENTERPRISES, 8-A, NATIONAL HIGHWAY, MORBI-363642 GUJARAT, 8469532311

**अंतिम नोटिस**

केस नम्बर RJ/01/M/AJR/00447
SIDDHARTHA INANI, M/S GOLDENBIRD INDIA, Flat No:- 32, Building:- GANPATI NAGAR, Road/Street:- GANPATI NAGAR, Village/Town:- BEAWAR, Block : - 32, City :- BEAWAR goldenbirdinani@gmail.com, 9079953905

द्वारा FELDSPAR POWDER की आपूर्ति का भुगतान आप द्वारा आपूर्तिकर्ता इकाई को नहीं किए जाने के कारण आपूर्तिकर्ता द्वारा MSMED Act-2006 की धारा 18 के अंतर्गत सुविधा परिषद को रेफरेंस प्रस्तुत करने पर बैठक दिनांक 16.01.2026 में आप (केता संस्था) को व आपूर्तिकर्ता संस्था को नोटिस दिनांक 31.12.2025 रजिस्टर्ड डाक से प्रेषित किया जाकर, वाद के संबंध में सुविधा परिषद के समक्ष उपस्थित होने हेतु लिखा गया।

उक्त वाद से संबंधित परिषद की समस्त बैठकों में आप (केता पक्ष) अनुपस्थित रहे तथा ना ही आपने परिषद के पत्रों का प्रत्युत्तर प्रस्तुत किया। सुविधा परिषद की बैठक दिनांक 16.01.2026 में परिषद द्वारा सर्वसम्मति से क्रेता के क्षेत्र में राष्ट्रीय स्तर के समाचार पत्र के माध्यम से आपूर्तिकर्ता के व्यय पर केता के लिए सुनवाई के अंतिम अवसर की लोक सूचना प्रकाशित करवाने का निर्णय लिया गया।

अतः जरिये अंतिम नोटिस आपको सूचित किया जाता है कि आपूर्तिकर्ता इकाई को विलंबित बकाया भुगतान न किए जाने के संबंध मे अपना प्रत्युत्तर 15 दिवस मे प्रस्तुत करें, अन्यथा MSMED Act-2006 की धारा 16 के प्रावधानों के अनुसार कार्यवाही प्रारंभ की जायेगी।


(डी.के. शर्मा)
अध्यक्ष, सूक्ष्म एवं लघु उद्यम सुविधा परिषद, अजमेर संभाग


સફળતાના ૭૮ વર્ષ પુરા કરી ૭૯માં વર્ષમાં મંગળ પ્રવેશ નિમિતે જયહિન્દ દૈનિકને હાર્દિક શુભેચ્છા



-શુભેચ્છક

સુપ્રભાતમ્



ધીરજ રાખો. સારા પરિણામો મેળવવા માટે સમય અને સતત પ્રયત્નો જરૂરી છે

# નેતન્યાહૂની મહત્વકાંક્ષાથી ટ્રમ્પ મુશ્કેલીમાં મૂકાયા

પ્રથમ વાર વર્ષ ૧૯૯૬માં ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂને મળ્યા પછી અમેરિકાના રાષ્ટ્રપતિ બિલ કિલન્ટને આક્રમતાપૂર્વક પોતાના સલાહકારોને પુછ્યુ હતું કે, અહિંયા સુપર પાવર કોણ છે? આ 'બીબી' પોતાને શું સમજે છે?

તેમના ગયા પછી અમેરિકામાં જેટલા રાષ્ટ્રપતિ આવ્યા તેઓ 'બીબી'ની માંગથી મુશ્કેલી મૂકાયા હતા પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના શાસનના બીજા કાર્યકાળમાં સંપૂર્ણ તસવીર બદલી છે.

કોઈપણ દેશ સાથે યુધ્ધ નહીં થાય તેવું આશ્વાસન ટ્રમ્પે ચૂંટણી અગાઉ આપ્યું હતું આથી તેમનો ચૂંટણીમાં વિજય થયો હતો. હવે શાસનમાં આવ્યા પછી ટ્રમ્પે નેતન્યાહૂ સાથે મળીને વિશ્વને તબાહીવાળા યુધ્ધમાં ધકેલી નાખ્યું છે આ યુધ્ધની કોઈ રણનીતિ છે નહીં કે ક્યારે યુધ્ધ સમાપ્ત કરવું અથવા વિરોધી ડેટા સાથે કેવું સમાધાન કરવું.

લાંબા સમયની મહેનત પછી નેતન્યાહુને ટ્રમ્પે યુધ્ધ કરવા રાજી કર્યા હતા જેને તેઓ પોતાના ૪૦ વર્ષ જૂના સ્વપ્ન તરીકે બતાવે છે. તેમણે એક વર્ષમાં ટ્રમ્પ સાથે ૭ વખત મુલાકાત કરી હતી જે કોઈપણ વિદેશી નેતા માટે એક રેકોર્ડ છે.

ટ્રમ્પના ઈઝરાયલ- ઈરાન યુધ્ધમાં ભાગ લેનાર નેતન્યાહૂએ પોતાનો સૌથી મોટો વિજય થયો છે તે સ્વરૂપમાં જોવામાં આવે છે પરંતુ ટ્રમ્પ માટે આ યુધ્ધ ખતરનાક જુગાર સમાન છે.



**ટ્રમ્પ જ્યોર્જ બુશના શાસન કાળવાળી 'સત્તા પરિવર્તન'ની જાળમાં ફસાઈ ચૂક્યા છે બીજી તરફ નેતન્યાહૂનું અક્કડ વલણ અને સત્તા પરિવર્તનની જીદથી ટ્રમ્પ હવે યુધ્ધ અટકાવી શકશે નહીં**

નાવા વર્ષોની ઉજવણી દરમ્યાન જ્યારે નેતન્યાહૂએ ઈરાનના મિસાઈલના સ્થળો પર હુમલા કરવાની સંમતિ માગી હતી ત્યારે ટ્રમ્પ હચમચી ગયા હતા પરંતુ ૨૩ ફેબ્રુઆરીના રોજ કરેલા ફોને આ તસવીર બદલી નાખી હતી. જેમાં અલી ખામેતાઈના સ્થળ પર સચોટ માહિતી ઈઝરાયલના જાસુસી તંત્રને મળી હતી તેમ ટ્રમ્પને જણાવાયું હતું.

આ હુમલો માર્ચ મહિનાના અંતમાં થવાનો હતો પરંતુ જિનેવા સાથે પરમાણું વાતચીમાં અવરોધની વાત જાહેર થતા નેતન્યાહૂએ જીદ કરતાં ટ્રમ્પે ૨૬ ફેબ્રુ.ના રોજ હુમલો કરવાનો આદેશ આપ્યો હતો. આજે યુધ્ધ માટે બન્ને દેશના નેતાઓ સૂત્રધાર જણાય છે. પરંતુ બરોબરીના ભાગીદાર નથી.

વોશિંગ્ટન સૈન્ય સમાધાન માટે સ્થિરતા ઈચ્છે છે ત્યારે બીજી તરફ તેલ અવીવ માટે આ અરાજકતા માટે એક શ્રેષ્ઠ અવસર છે. ઈઝરાયેલનું લક્ષ્ય છે ઈરાનના શાસનને સિરિયાની માફક પંગુ બનાવવું જ્યારે એરિકાને આ વાતનો ડર છે કે, આથી અસ્થિરતા થતા તેલનું બજાર આર્થિક મહાસત્તાને નબળું બનાવશે.

રાજકીય સ્તર પર ટ્રમ્પ અને નેતન્યાહૂ વચ્ચે તાલમેલ બરોબર નથી. ટ્રમ્પ સર્જિકલ સ્ટ્રાઈક દ્વારા સમર્પણ ઈચ્છતા હતા આથી જ્યારે ઈઝરાયલે ઈરાનની તેલ રિફાઈનરીઓ પર હુમસો કર્યો હતો. ત્યારે રિપબ્લીકન પાર્ટીમાં હડકંપ મચ્યો હતો. ટ્રમ્પ ક્રૂડ ઓઈલના ભાવમાં વધઘટ થાય તે પસંદ નથી કારણ કે, આ બાબત સીધે સીધી દરેક પ્રજાને અસર કરે છે. ટ્રમ્પ આ યુધ્ધના મૂળ ઉદ્દેશયને લઈ શરૂઆતથી અસ્પષ્ટ છે. તેમણે યુધ્ધ સમાપ્ત કરવાની વાત નેતન્યાહૂ સાથે મળીને કરી છે આ ઘટના પ્રથમ વાર છે કે, કોઈ અમેરિકાના રાષ્ટ્રપતિએ કોઈ વિદેશી નેતાને પોતાની સૈન્ય કાર્યવાહી પર આટલો અધિકાર આપ્યો હોય.

આ યુધ્ધને લઈ અમેરિકાના નાગરિકો ખુશ નથી વર્ષ ૧૯૪૧માં બીજા વિશ્વ યુધ્ધમાં ભાગ લેવો તથા વર્ષ ૨૦૦૧માં અફઘાનીસ્તાનમાં યુદ્ધ ભડકાવામાં અમેરિકામાં ૯૦ ટકાથી વધુ જનસમર્થન એટલા માટે મળ્યું હતું કે, પર્લ હાર્બર તથા ૧૧ સપ્ટે. ૨૦૦૧માં આંતકવાદી હુમલા દ્વારા દેશ પર સીધો પ્રહાર કરવામાં આવ્યો હતો.

એટલે સુધી કે, પનામા, કોસોવો તથા લીબીયા જેવા નાના દેશોના સૈન્ય હસ્તક્ષેપને પણ ઈરાન સંઘર્ષથી વધુ સમર્થન પ્રાપ્ત થયું હતું.

કોરિયા તથા ઈરાક જેવા મોટા ગજાના યુધ્ધોમાં રાષ્ટ્રપતિ દ્વારા યુધ્ધના સ્પષ્ટ કારણો જનતા સમક્ષ રજૂ કરવામાં આવ્ય હતા. ત્યારે ત્રણ ચતુર્થાંશ લોકોએ આ બાબત યોગ્ય છે તેમ જણાવી સમર્થન આપ્યું હતું આ વેળા ટ્રમ્પની ઈરાનની નીતિને લઈ માત્ર ૩૯ ટકા પ્રજાએ સમર્થન આપ્યું છે કારણ કે, આ યુધ્ધ કરવા પાછળનું કારણ શું છે તે બાબતે પ્રજા અસમંજસમાં છે.

ધર્મ તથા રાષ્ટ્રવાદના જટિલ તાંતણામાં બંધાયેલી ઈરાનની પ્રજાના માનસને સમજવું અમેરિકા માટે કઠીન છે. ક્રૂડની વધતી કિંમતો, મોંઘવારીું જોખમ થતા ટ્રમ્પની મુશ્કેલીઓ વધી છે. અમેરિકાના કરદાતાઓના અત્યાર સુધીમાં ૬.૫ અરબ ડોલર સ્વાહા થઈ ચૂક્યા છે.

અમેરિકાના સૈન્યને યુધ્ધના મેદાનમાં સીધી સીધું ઉતરવું પડી શકે છે. આ શંકાથી અમેરિકાના નાગરિકોમાં ચિંતા પ્રસરી છે. ટ્રમ્પ શાસને યુધ્ધની શરૂઆત કરતા અગાઉ કોંગ્રેસને વિશ્વાસમાં લીધી ન હતી.

## ટ્રમ્પ અને નેતન્યુહૂ યુધ્ધના સૂત્રધાર ખરા પણ ભાગીદાર નહીં

મુખ્યમંત્રીનો 'આસ્થા સાથે સુરક્ષા'નો સંવેદનશીલ અભિગમ

# પવિત્ર ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા તા. ૧૯થી શરૂ થશે

### યાત્રાધામ વિકાસ બોર્ડે ઉપાડી પરિક્રમાની તમામ જવાબદારી



ગાંધીનગર,તા.૧૬

ભારતીય સંસ્કૃતિમાં સદીઓથી સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓ માટે નર્મદા પરિક્રમા માત્ર યાત્રા નથી, પણ આસ્થા, સાધના અને આધ્યાત્મિક શક્તિનો અનોખો અનુભવ રહી છે અને ગુજરાતમાં યોજાતી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા આ જ સનાતન પરંપરાગતું જીવંત પ્રતિબિંબ છે કે, જ્યાં ભકતો નર્મદા માતાની આરાધાના સાથે પરિક્રમા કરીને આધ્યાત્મિક સાહસ થકી શાંતિનો અનુભવ મેળવે છે.

ગુજરાત સરકાર પણ દર વર્ષે યોજાતી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાને ભવ્ય અને સુવ્યવસ્થિત બનાવવા માટે વિશાળ પાયે વ્યવસ્થાઓ કરે છે. આ વર્ષે આગામી ફાગણ વદ અમાસ ૧૯ માર્ચથી ચૈત્ર વદ અમાસ ૧૭ એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલનારી આ ૩૦ દિવસીય નર્મદા પરિક્રમા માટે પણ રાજ્ય સરકારે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા 'વિકાસ ભી, વિરાસત ભી' મંત્રને અનુસરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગુજરાતમાં પણ ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓના સંરક્ષણ સાથે આધુનિક સુધિઓના વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રીનાં સંવેદનશીલ નેતૃત્વ તથા માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર નર્મદા પંચકોશી પરિક્રમા માટે એવી વ્યવસ્થાઓ ઉભી કરી રહી છે કે, જેમાં શ્રધ્ધા, સુરક્ષા અને સુવિધા, ત્રણેયનો સુમેળ જોવા મળશે.

નર્મદા પરિક્રામાર્થીઓની 'દુર્ગમ' યાત્રાને 'સુગમ' બનાવવા માટે મુખ્યમંત્રી નેતૃત્વ હેઠળ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા પરિક્રમા દરમિયાન ઉમટનાર હજારો શ્રદ્ધાળુઓને આરામદાયક સુવિધાઓ ઉપલબ્ધ થાય, તે માટે અંદાજે રૂા.૧૦ કરોડના ખર્ચે મોટાપાયે હંગામી તેમજ કાયમી માળખાકીય વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે. શ્રદ્ધાળુઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૨૫-૨૬માં નર્મદા પરિક્રમા માટે લગભગ રૂા.૫.૪૧ કરોડના ખર્ચે હંગામી વ્યવસ્થાઓ વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે. અમર્જન્સી હેલ્પ પોઈન્ટ, આ સાથે, સ્નાનગૃહ, ચેન્જિંગ રૂમ અને કલોક રૂમની વ્યવસ્થા કરવામાં આવી રહી છે જે જેથી યાત્રાળુઓને કોઈ અગવડ ન પડે. પરિક્રમા માર્ગ પર શ્રધ્ધાળુઓની સુગમતા માટે સેવા કેન્દ્રો અને દુકાનો ઉભી કરવામાં આવી રહી છે.

### સરકાર રૂા.૧૦ કરોડના ખર્ચે શ્રધ્ધાળુઓને પુરી પાડશે અનેક સુવિધાઓ

લાખો શ્રધ્ધાળુઓના આગમનની શક્યતાને જોતા સુરક્ષા વ્યવસ્થા અત્યંત મજબૂત બનાવવામાં આવી છે. પોલીસે બૂથ, સુરક્ષા કેબિન અને વોચ ટાવર ઉભા કરવામાં આવશે. તાલીમબદ્ધ સુરક્ષા કર્મચારીઓ અનેક શિફ્ટમાં ફરજ બજાવશે.

હોર્મુઝ જળમાર્ગ ખોલાવવા માટે

# અમેરિકાને મદદ કરવા ભારતે કોઈ ખાતરી આપી નથી

નવીદિલ્હી/વોશિંગ્ટન તા.૧૮

ભારતે જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી વેપારી જહાજોના સુરક્ષિત માર્ગ અંગે તેણે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે કોઈ દ્વિપક્ષીય ચર્ચા કરી નથી. ડોનાલ્ડ ટ્રમ્પે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ શિપિંગ રૂટ ખુલ્લો રાખવા માટે ઘણા દેશોને યુદ્ધ જહાજો તૈનાત કરવા વિનંતી કર્યા બાદ વિદેશ મંત્રાલય તરફથી આ સ્પષ્ટતા કરવામાં આવી છે.

### મદદ માટે પ્રતિસાદ ન મળતા 'નાટો'ને ટ્રમ્પે આપી ચેતવણી

ઈરાન પર્સિયન ગલ્ફ અને ઓમાનના અખાત વચ્ચેના સાંકડા જળમાર્ગ દ્વારા ટ્રાફિકને વિક્ષેપિત કરી શકે છે તેવી ચિંતા વચ્ચે વૈશ્વિક સ્તરે તેલ અને ગેસના ભાવમાં વધારો થયો છે, જે વિશ્વના લગભગ ૨૦ ટકા તેલ અને પ્રવાહી કુદરતી ગેસ શિપમેન્ટનું વહન કરે છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ટ્રમ્પે ચીન, ફ્રાન્સ, જાપાન, દક્ષિણ કોરિયા અને યુનાઈટેડ કિંગડમ જેવા દેશોને નૌકાદળના જહાજો મોકલવા હાકલ કરી છે જેથી આ રૂટ ×સલામત અને ખુલ્લો× રહે તેની ખાતરી કરી શકાય, જો કે અત્યાર સુધી કોઈ મોટી શક્તિએ નક્કર પ્રતિભાવ જાહેર કર્યો નથી.ટ્રમ્પે અગાઉ સૂચવ્યું હતું કે જો બેઈજિંગ સ્ટ્રેટને ફરીથી ખોલવામાં મદદ નહીં કરે તો તેઓ શી સાથેની બેઠકમાં વિલંબ કરી શકે છે, અને ચેતવણી આપી હતી કે તેમની વિનંતીનું પાલન ન કરવું ×નાટોના ભવિષ્ય માટે ખૂબ જ ખરાબ× હશે.

# ઘરેલુ તેમજ કોમર્શિયલ હેતુ માટે PNGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર વિધાનસભા પરિસર ખાતે રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં રજૂ કરવામાં આવેલા વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્ર અંતર્ગત અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી રમણભાઈ સોલંકી તેમજ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા રાજ્યમંત્રી પી.સી. બરંડા ઉપસ્થિત રહ્યા હતા.

આ પત્રકાર પરિષદમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધાર એલપીજીના પુરવઠા અંગેના પ્રશ્નો અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, રાજ્યમાં નાગરિકો માટે ઘરેલુ એલપીજી સિલિન્ડરનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે. અને બફર સ્ટોકમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર સાથે સતત સંકલમાં રહીને રાજ્ય સરકાર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. રાજ્યમાં ઘરેલું તેમજ કોમર્શિયલ હેતુ માટે પીએનજીનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

### ઘરેલુ એલપીજી સિલિન્ડરના બફર સ્ટોકમાં સતત વધારોઃ મોના ખંધાર

કેન્દ્ર સરકાર દ્વારા ૧૪૫૨ કેએલ (૧૪,૫૨,૦૦૦ લિટર) કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો છે, જેમાંથી દરેક જિલ્લાને ૩૬ હજાર લિટર કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે. તેમાં પરિવાર દીઠ પાંચ લિટર અને સંસ્થા દીઠ ૨૫ લીટર કેરોસીન ફાળવવામાં આવશે. તેના માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

રાજ્યની તમામ જાહેર ક્ષેત્રની તેમજ ખાનગી ગેસ એન્જસીઓમાં કડક દેખરેખ અને મોનિટરીંગ માટે રેવન્યૂ તથા પોલીસ કર્મચારીઓની નિમણૂંક કરવામા આવી છે.

છેલ્લા ૧૨ દિવસમાં જિલ્લા કક્ષાએ ૯૧૨ અને રાજ્ય કક્ષાએ ટીમ દ્વારા ૧૭ કિસ્સાઓમાં તપાસની કામગીરી કરવામાં આવી છે.

ઈરાને વધારી ઈઝરાયેલ-અમેરિકાની ચિંતા

# ઈરાને પહેલીવાર છોડી ડાન્સિંગ મિસાઈલ

તેહરાન, તા.૧૬

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલ અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધના ૧૬મા દિવસે રવિવારે ઈરાને ઈઝરાયેલ અને અમેરિકાના ઠેકાણાઓ પર મોટા પાયે મિસાઈલ હુમલા કર્યા છે. ઈરાની સમાચાર એજન્સી પ્રેસ ટીવી અનુસાર, આ હુમલાઓમાં સ્વદેશી રીતે વિકસિત સેજ્જિલ બેલેસ્ટિક મિસાઈલનો પહેલીવાર ઉપયોગ કરવામાં આવ્યો છે. આ હુમલો ફેબ્રુઆરીના અંતમાં શરૂ થયેલા યુદ્ધ પછી સેજ્જિલ મિસાઈલનું આ પ્રથમ યુદ્ધકાલીન લોન્ચિંગ છે. ઈરાની સેનાએ ટ્રૂ પ્રોમિસ ૪ અભિયાન હેઠળ ઈઝરાયેલના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર્સ અને મહત્વપૂર્ણ આર્મી બેઝને નિશાન બનાવ્યા. સેજ્જિલ મિસાઈલ ઘન ઈંધણથી ચાલતી બે તબક્કાની મધ્યમ અંતરની બેલેસ્ટિક મિસાઈલ છે, જેની મારક ક્ષમતા અંદાજે ૨૦૦૦ કિલોમીટર છે અને તે ૭૦૦ કિલો સુધીના વિસ્ફોટકો લઈ જઈ શકે છે.

આ મિસાઈલને નાચતી મિસાઈલ એટલે કે ડાન્સિંગ મિસાઈલ તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે તે ઊંચાઈ પર પહોંચ્યા પછી હવામાં દાવપેચ કરી શકે છે. આ ક્ષમતાને કારણે આયર્ન ડોમ જેવી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમથી પણ બચવાનું સરળ બની જાય છે. સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝ (CSIS) અનુસાર, આ મિસાઈલ લગભગ ૧૮ મીટર લાંબી, ૧.૨૫ મીટર વ્યાસ ધરાવતી અને ૨૩,૬૦૦ કિલોગ્રામ વજનની છે. ઘન ઈંધણને કારણે તેને ઝડપથી તૈયાર અને લોન્ચ કરી શકાય છે, જે જૂની પ્રવાહી ઈંધણવાળી શાહબ શ્રેણી કરતા વધુ સારો વ્યૂહાત્મક લાભ આપે છે.



સેજ્જિલ મિસાઈલના વિકાસનું કામ ૧૯૯૦ના દાયકામાં શરૂ થયું હતું અને તેનું પ્રથમ પરીક્ષણ ૨૦૦૮માં થયું, જેમાં તે લગભગ ૮૦૦ કિમી દૂર ગઈ હતી. ત્યારબાદ કરવામાં આવેલ પરીક્ષણ થયું, જેમાં ૧૯૦૦ કિમી સુધીનું અંતર કાપવાનો રેકોર્ડ બનાવ્યો. આ હુમલો આવા સમયે થયો છે, જ્યારે આ યુદ્ધ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા સંયુક્ત હુમલાથી શરૂ થયું હતું. આ હુમલાઓમાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈનું મોત થયું હતું. ત્યારબાદ સમગ્ર ક્ષેત્રમાં આ સંઘર્ષે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે.

ઈરાને જવાબી કાર્યવાહીમાં ઈઝરાયેલ અને ખાડી દેશોમાં આવેલા અમેરિકાના ઠેકાણા પર સતત મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે.

આચારસંહિતા અમલી બનતા જ હવે ચુંટણીપંચનું 'રાજ'

# પ.બંગાળમાં ચુંટણીપંચનો સપાટો; ચીફ સેક્રેટરી, ગૃહ સચિવ, પોલીસ વડા સહિત છ અધિકારીઓની બદલી

કોલકતાઃ પ.બંગાળમાં જાહેર થયેલી ધારાસભા ચૂંટણીના કલાકોમાંજ ચુંટણી પંચે એક આદેશમાં રાજયના મુખ્ય સચિવ તથા ગૃહ સચીવ તથા રાજયના પોલીસ વડા સહિત છ અધિકારીઓની બદલી કરી તેઓને ચુંટણીલક્ષી કામગીરીથી દુર કરી દીધા છે. લાંબા સમયથી રાજયની મમતા બેનરજી સરકાર સાથે ટકકરમાં રહેલા પંચે આચાર સંહિતામાં સતા મળતા જ રાજયમાં મુખ્ય સચીવ નંદીની ચકવોર્તીને સ્થાને ૧૯૯૬ બેચના અધિકારી દુષ્યંત નારીયાલાને મુખ્ય સચીવ તરીકે મુકયા છે તો રાજયના ગૃહ વિભાગના પ્રિન્સીપાલ સચીવ તરીકે ફરજ બજાવતા જગદીશ પ્રસાદ મીનાના સ્થાને ૧૯૯૭ બેચના આઈએએસ અધિકારી સંઘમિત્રા ઘોષને નવા ગૃહ સચીવ બનાવ્યા છે. ચુંટણીપંચે મધરાત બાદ ચાર વાગ્યે પ.બંગાળ સરકારને આ બદલીના આદેશ આપ્યા હતા અને તે મુદે આજે રાજયસભામાં તૃણમુલ કોંગ્રેસના સભ્યોએ ભારે ધમાલ મચાવી હતી તથા પંચને અધિકાર છે પણ રાત્રીના સમયે થતા આદેશ સામે વિરોધ દર્શાવ્યો હતો. રાજયના મુખ્ય તથા ગૃહસચીવ ઉપરાંત ચુંટણીપંચ પ.બંગાળના પોલીસ વડા સિદ્ધનાથ ગુપ્તા એડી. ડીજી નટરાજ રમેશ બાબુ એડીજી અને આઈજીપી લો એન્ડ ઓર્ડર અજય મુકુંદ રાનડે તથા કોલકતા પોલીસ કમિશ્નર અજયકુમાર નંદની પણ બદલી થઈ છે અને આ તમામને પણ ચુંટણી સંબંધીત કામગીરી સુપ્રત નહી કરવા આદેશ આપ્યા છે. ડીજી સિંઘ નાથ ગુપ્તાના સ્થાને પીયુષ પાંડેને જવાબદારી સોંપાઈ છે. કોલકતા પોલીસ કમિશ્નર તરીકે સુપ્રતીય સરકારના સ્થાને અજયકુમાર નંદને જવાબદારી સોંપાઈ છે. આ અંગે તૃણમુલ કોંગ્રેસ જબરો વિરોધ દર્શાવી રાજયસભામાંથી વોકઆઉટ કર્યો હતો.

**મમતાના ટોચના અધિકારીઓને ચુંટણી ફરજથી જ દુર રખાશેઃ તૃણમુલ કોંગ્રેસનો રાજયસભામાં આક્રોશઃ વોકઆઉટ**

પંચે આ આદેશનો તાત્કાલીક અસરથી અમલી બનાવ્યા છે. તૃણમુલ કોંગ્રેસે આ બદલી પર સીધો પ્રહાર કરતા કટાક્ષ કર્યો કે ચુંટણીપંચે તેના રાજકીય બોસને ખુશ કરવા આ બદલી કરી છે પણ તે બંગાળની જનતાના હૃદય જીતી શકશે નહી. તેઓ મમતા બેનરજીને લોકોના હૃદયમાંથી દુર કરી શકશે નહી. જયારે ભાજપે જણાવ્યું કે પોલીટીકલ લીંક ધરાવતા કોઈ અધિકારી ચુંટણી મશીનરીમાં સામેલ ન હોય તે નિશ્ચિત કરવામાં આવ્યુ છે.

રાજયમાં બે તબકકામાં ધારાસભા ચુંટણીઓ યોજાઈ રહી છે જે તા.૨૩ અને ૨૯ એપ્રિલે મતદાન થશે.

કેન્દ્ર સરકારે જણાવ્યું કારણ

# હજુ ફાઈનલ નથી થઈ ભારત-અમેરિકાની ટ્રેડ ડીલ

નવી દિલ્હી, તા.૧૬

ભારત-અમેરિકાના ટ્રેડ ડીલ અંગે એક મોટો સુધારો સામે આવ્યો છે. સોમવારે, ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચેના કરારને હજુ સુધી બહાલી આપવામાં આવી નથી. યુએસમાં નવું ટેરિફ માળખું અમલમાં આવ્યા પછી જ આ કરાર આકાર લેશે. યુએસ સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ વહીવટીતંત્રના ટેરિફ નિર્ણયોને ફગાવી દીધા, જેના કારણે ઘણા દેશોએ યુએસ સાથેના તેમના ટ્રેડ ડીલને મુલતવી રાખવાની ફરજ પાડી. સોમવારે, વેપાર આંકડાઓ પર માહિતી આપતી વખતે, વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે નવું ટેરિફ માળખું અમલમાં આવ્યા પછી જ નવા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. અહેવાલ મુજબ, અગ્રવાલે કહ્યું કે નવી દિલ્હી અને વોશિંગ્ટન હાલમાં ટ્રેડ ડીલની વિગતો પર વાતચીત કરી રહ્યા છે. હકીકતમાં, લાંબી વાતચીત અને ઘણી ઉથલપાથલ પછી, ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ પર સંમતિ બની હતી. બંને પક્ષોએ આ અંગે પોતપોતાના દાવા કર્યા. જોકે, તેના થોડા સમય પછી, યુએસ સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી, જેમાં ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા વિવિધ દેશો પર લગાવવામાં આવેલા ટેરિફને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યા અને તેને રદ કરવામાં આવ્યા. જોકે, થોડા કલાકો પછી, ટ્રમ્પ વહીવટીતંત્રે યુએસમાં પ્રવેશતા માલ પર સાર્વત્રિક ૧૦ ટકા ટેરિફ લગાવવાનો એક્ઝિક્યુટિવ ઓર્ડર જાહેર કર્યો. બાદમાં, તેઓએ તેને વધારીને ૧૫ ટકા કર્યો. આમાં સમસ્યા એ છે કે આ ટેરિફ ફક્ત મર્યાદિત સમયગાળા માટે જ અમલમાં રહેશે. આ કારણોસર, ભારત જેવા દેશોએ યુએસ સાથેના તેમની ડીલ અંતિમ સ્વરૂપ આપતા પહેલા સુપ્રીમ કોર્ટના નિર્ણયની રાહ જોવાનું શ્રેષ્ઠ માન્યું. જો કે, ટ્રમ્પ વહીવટીતંત્રે આ દેશો પર દબાણ લાવવા માટે પણ ઘણા પગલાં લીધાં છે.

**યુએસમાં નવું ટેરિફ માળખું અમલમાં આવ્યા પછી જ આ કરાર આકાર લેશે : વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલ**

# ખેલ બગાડશે તેલઃ ક્રુડ ઓઈલની તેજીથી રોકાણના દરેક મોરચે ઝટકો

નવી દિલ્હી તા.૧૬

પશ્ચિમ એશિયામાં વધતા તનાવથી રોકાણકારોને દરેક મોરચે ખરાબ ઝટકો લાગ્યો છે. વિશ્લેષકોનું કહેવું છે કે આવું પહેલીવાર જોવા મળ્યું છે કે જયારે બધા રોકાણ વિકલ્પો (એસેટ કલાસ)માં એક સાથે ઘટાડો થયો હોય, આનું મુખ્ય કારણ ક્રુડ ઓઈલના બેફામ વધતા દામ છે. જો ક્રુડ ઓઈલ ૧૫૦ ડોલર દર બેરલે પહોંચ્યું તો રોકાણકારોનું જોખમ વધી શકે છે.

મધ્ય પુર્વમાં જંગ શરૂ થયા બાદથી ક્રુડ ઓઈલના ભાવ ચાર વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી ગયા છે. સંઘર્ષ શરૂ થવાના સમયે આ દામ ૭૨.૪૮ ડોલર દર બેરલે હતો, જે



૯ માર્ચે ૬૫ ટકા વધીને ઉછળીને ૧૧૯.૪૦ ડોલરે પહોંચી ગયો હતો. જો કે, બાદમાં કિંમતમાં કેટલોક ઘટાડો આવ્યો પરંતુ આ ફરી એક વાર ૧૦૦ ડોલરને પાર નીકળી ગયો છે.

વિશેષજ્ઞોનું કહેવું છે કે જો હોર્મુજ જલમાર્ગ પર પુરવઠો ચારથી આઠ સપ્તાહ બાધીત રહે છે તો ક્રુડ ઓઈલની કિંમત ૧૧૦થી ૧૫૦ ડોલર દર બેરલ સુધી જઈ શકે છે. આ સ્થિતિમાં ભારત જેવા ઓઈલ આયાતકાર દેશ માટે શેરબજારમાં ભારે ઘટાડો ચાલુ રહેવાના અને મોંઘવારી ઉછળવાનું બેવડું સંકટ ઉભું થઈ શકે છે.

**પશ્ચિમ એશિયામાં વધતા સૈન્ય સંઘર્ષના કારણે ૧૫૦ પ્રતિ બેરલના ઐતિહાસિક સ્તરે ઉછળી શકે છે ક્રુડ ઓઈલના ભાવઃ નાણાકીય રોકાણ વિકલ્પોમાં ઉતાર-ચડાવથી ઈકિવટી શેરબજાર, મ્યુચ્યુઅલ ફંડમાં જોખમ ઘણુ વધી ગયું**

**રોકાણ જોખમ વધ્યુંઃ** મધ્ય પુર્વ અને અન્ય ક્ષેત્રોમાં વધેલા સંઘર્ષે અનેક નાણાકીય વિકલ્પોમાં ઉતાર-ચડાવ વધારી દીધો છે, જેથી ભારતીય રોકાણકારોને ભારે ઝટકો લાગી રહ્યો છે. બજાર વિશેષજ્ઞો અનુસાર ઈકિવટી શેર, મ્યુચ્યુઅલ ફંડ, ક્રુડ ઓઈલ સાથે સંકળાયેલા ક્ષેત્ર, મુદ્રા બજાર, બોન્ડ અને કેટલીક કોમોડીટીમાં યુદ્ધના કારણે જોખમ ઘણું વધી ગયું છે. સૌથી મોટી અસર શેરબજારમાં જોવા મળી રહી છે. જયારે પણ વૈશ્વિક સ્તરે યુદ્ધ કે તનાવ વધે છે તો રોકાણકાર જોખમથી બચવા માટે સુરક્ષિત રોકાણ વિકલ્પો તરફ વલણ દાખવે છે. આના કારણે શેર બજારમાં વેચવાલી વધી જાય છે. આંકડા અનુસાર આ મહિને વિદેશી સંસ્થાગત રોકાણકાર (એફપીઆઈ) ભારતીય બજારમાં લગભગ ૫૨,૭૦૪ કરોડ રૂપિયાની વેચવાલી કરી ચૂકયા છે. ઉભરતા બજારોની તુલનામાં ભારતથી નબળા રિટર્નના કારણે પણ એફપીઆઈનો રસ ઓછો થયો છે.

**શેરબજારને વ્યાપક અસરઃ** માર્ચમાં અત્યાર સુધીમાં ઘરેલુ બજારમાં આઠ ટકા સુધીનો ઘટાડો થયો છે. ગત સપ્તાહે પાંચ ટકાથી વધુનો ઘટાડો આવ્યો હતો. કેટલાય વર્ષો બાદ કોઈ એક સપ્તાહમાં બજાર આટલું ગગડયું છે. આ પહેલા ૨૦૨૦માં કોરોનાની શરૂઆતમાં ભારે ઘટાડો આવ્યો હતો. ખાસ કરીને ઓટો, બેન્કીંગ, મેટલ અને કન્ઝયુમર સેકટરના શેરો પર વધુ વેચવાલી થઈ છે.

**આગળની સંભાવનાઃ** જો હોર્મુજ જલમાર્ગ આગામી ૧૦ દિવસ બંધ રહે છે તો ક્રુડ ઓઈલ ૧૫૦ ડોલર સુધી પહોંચી શકે છે. આવી સ્થિતિમાં ભારત સહિત વૈશ્વિક શેરબજારોમાં લગભગ ૧૦ ટકાથી વધુનો ઘટાડો થઈ શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડઃ** સંઘર્ષની સીધી અસર મ્યુચ્યુઅલ ફંડ પર પણ જોવા મળી રહી છે. આંકડા મુજબ ફેબ્રુઆરીમાં લગભગ ૬૫.૭ લાખ નવા એસઆઈપી ખાતા ખુલ્યા છે, પરંતુ લગભગ ૪૯.૭ લાખ બંધ પણ થઈ ગયા. આથી એસઆઈપી સ્ટોપેજ પ્રમાણ વધીને લગભગ ૭૬ ટકા સુધી પહોંચી ગયા છે.

**આગળ વધવાની સંભાવનાઃ** ઈકિવટી ફંડમાં ભારે ઉતાર-ચડાવના કારણે રોકાણકારોના પોર્ટ ફોલિયોનું રોકાણ ઘટી શકે છે.

# વડિયામાં રામ મંદિરનો ત્રિદિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

## વિશાળ નગરયાત્રા, મહાપ્રસાદ અને પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમો યોજાયા

(પ્રતિનિધિ દ્વારા) વડિયા તા.૧૬

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયા ખાતે આશરે ૨૦૦ વર્ષ જૂના રામજી મંદિરનો જીર્ણોદ્ધાર કરી ધર્મપ્રેમી દાતાઓના સહયોગથી નૂતન મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. અંદાજે ૭૦ લાખ રૂપિયાના ખર્ચે બનેલા આ મંદિરના નિર્માણથી સમગ્ર વિસ્તારના ભાવિકોમાં આનંદની લાગણી જોવા મળી હતી. આ નૂતન મંદિરમાં ભગવાન રામ, લક્ષ્મણજી અને માતા જાનકીની મૂર્તિઓની સ્થાપના અને તેમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવા માટે તા. ૧૩, ૧૪ અને ૧૫ માર્ચ દરમિયાન ભવ્ય ત્રિદિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ દરમિયાન વિવિધ ધાર્મિકવિધિઓ, યજ્ઞ, નગરયાત્રા અને મહાપ્રસાદ જેવા કાર્યક્રમો યોજાયા હતા. મૂર્તિ પ્રતિષ્ઠા મહાયજ્ઞમાં મુખ્યદાતા તરીકે સ્વ. ડાયાભાઈ નાથાભાઈ ઊંધાડ પરિવાર વતી પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ



(તસવીર: ભીખુભાઈ વોરા)

ઊંધાડ તેમજ અન્ય દાતાઓએ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પૂજા-અર્ચના કરી હતી. મહોત્સવ દરમિયાન ભગવાન રામ, લક્ષ્મણજી અને માતા જાનકીની ભવ્ય નગરયાત્રા વડિયાની મુખ્ય બજારમાંથી નીકળી હતી. નગરયાત્રામાં ડીજેના તાલે રાસ-ગરબા રમઝટ સાથે લોકો મેરે ઘર રામ આયે હે જેવા ભક્તિગીતો પર ઝૂમી ઉઠ્યા હતા. સમગ્ર વડિયા શહેર જય શ્રી રામના ગગનભેદી નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. ત્રણ દિવસીય કાર્યક્રમના અંતિમ દિવસે તા. ૧૫ માર્ચ, રવિવારના રોજ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ભગવાન શ્રી રામ, લક્ષ્મણજી અને માતા જાનકીની મૂર્તિઓને મંદિરના ગર્ભગૃહમાં વિધિવત સ્થાપિત કરી પ્રાણ પ્રતિષ્ઠા વિધિ પૂર્ણ કરવામાં આવી હતી.

# સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ ભાવનગરના પ્રમુખ તેજસભાઈ શેઠ , ઉપપ્રમુખ અશોકભાઈ કોટડીયા

## મેનેજિંગ કમિટીના ૪૦ સભ્યો પણ બિનહરીફ ચૂંટાયા

(પ્રતિનિધિ દ્વારા) ભાવનગર તા.૧૬

સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SCCI) ની વર્ષ ૨૦૨૬-૨૮ ની દ્વિ-વાર્ષિક ચૂંટણીના પરિણામો આજે ચૂંટણી અધિકારી શ્ એલ. સી. બોરડ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. આ ચૂંટણી પ્રક્રિયામાં પ્રમુખ, ઉપ-પ્રમુખ અને મેનેજીંગ કમિટીના સભ્યો સહિતના તમામ હોદ્દેદારો બિનહરીફ વિજેતા જાહેર થયા છે. પ્રમુખ તરીકે તેજસભાઈ કે. શેઠ (શેઠ બ્રધર્સ) અને ઉપ-પ્રમુખ તરીકે અશોકભાઈ બી. કોટડીયા (સિતારામ પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ) ની બિનહરીફ વરણી કરવામાં આવી છે. નોંધનીય છે કે પ્રમુખ પદ માટે



૧, ઉપ-પ્રમુખ પદ માટે ૧ અને મેનેજીંગ કમિટી માટે ૨ ઉમેદવારોએ નિયત સમયમર્યાદામાં પોતાની ઉમેદવારી બિનશરતી પરત ખેંચી લેતા બાકી રહેલા ઉમેદવારોને વિજેતા જાહેર કરાયા છે.સંસ્થાની મેનેજીંગ કમિટીના સભ્યો તરીકે કુલ ૪૦ પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ અને વેપારીઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં અનીલભાઈ યાદવ, આનંદભાઈ શાહ, અરવિંદભાઈ ઠક્કર, અરવિંદભાઈ પટેલ બૈજુ મેહતા, ભરતસિંહ કોટીલા, ભુપતરાય વ્યાસ, ચેતન કામદાર , ચેતનભાઈ વડોદરીયા, ચિરાગ શાહ, દેવરાજભાઈ ગોટી, દિલીપ શાહ, ફેનિલ ઠક્કર , હરેશકુમાર પરમાર, જીતેન્દ્રભાઈ પટેલ, જીગ્નેશ સવાણી, કેયુરભાઈ ભટ્ટ, કિરીટકુમાર સોની , નિલેશ નાણાવટી, નીતીનકુમાર પટેલ, હિતેશ રાજ્યગુરુ, કિલોન મહેતા ,વિઠ્ઠલભાઈ મેંદપરા , પરેશ પારેખ, રશ્મીભાઈ વોરા, રૂપેશ દોશી , સચીનભાઈ પાઠક, વિપુલભાઈ વડોદરીયા, વિવેક બી. શાહ, વિરેનભાઈ મેહતા, વિશાલ ધામેલીયા યોગેશ વ્યાસનો સમાવેશ થાય છે. નવા વરાયેલા તમામ પદાધિકારીઓ આગામી બે વર્ષની મુદત માટે કાર્યભાર સંભાળશે.

### ભાવનગરના હેલ્થકેર પ્રોફેશનલ્સ માટે મહિલા દિવસ નિમિત્તે

# પેલ્વિક ફ્લોર આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા) ભાવનગર તા.૧૬

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સહજાનંદ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી, ભાવનગર, ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ, ભાવનગર અને સ્વામી વિવેકાનંદ હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૯ માર્ચ ૨૦૨૬ના રોજ ભાવનગર જિલ્લાના વિવિધ હેલ્થકેર ક્ષેત્રો જેમ કે મેડિકલ, હોમિયોપેથી, ફિઝિયોથેરાપી, નર્સિંગ, આયુર્વેદ, ડેન્ટલ તેમજ અન્ય ક્ષેત્રોમાં કાર્યરત મહિલા પ્રોફેશનલ્સ માટે ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ ભાવનગરના ઓડિટોરિયમ ખાતે મહિલાઓના પેલ્વિક ફ્લોર આરોગ્ય અને ટ્રેનિંગ વિષય પર જાગૃતિ લાવવા માટે વિશેષ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો.

આ કાર્યક્રમમાં પેલ્વિક ફ્લોર નિષ્ણાત ડો. ભાવિકા હરિયાણી દ્વારા પેલ્વિક ફ્લોર અને કોર વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ પેનલ ડિસ્કશનમાં



(તસવીર: વિપુલ હિરાણી)

ડો. શ્રેયા ત્રિવેદી (પ્રિન્સિપાલ, સહજાનંદ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી), ડો. રેશ્મા ફતનાની (વુમન્સ હેલ્થ સ્પેશિયાલિસ્ટ), ડો. જિગ્ના એચ. શાહ (હેડ ઓફ ડિપાર્ટમેન્ટ, ડેન્ટિસ્ટ્રી) તેમજ જાનવીબેન મહેતા (ઇન્ટરનેશનલ યોગા એક્સપર્ટ) દ્વારા મહિલાઓના આરોગ્ય સંબંધિત વિવિધ મુદ્દાઓ પર વિશેષ માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ ભાવનગરના ડીન ડો. ચિન્મય શાહ તથા સ્વામી વિવેકાનંદ હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, ભાવનગરના ડાયરેક્ટર ડો. ગિરીશભાઈ વાઘાણીનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.



(તસવીર: દિનેશ રાચ્છ)

# વંથલીના નરેડીમાં ધંધુસર જિલ્લા પંચાયતની સીટના ભાજપના કાર્યકર્તાનું સંમેલન યોજાયું

ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી આવી રહી છે ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા તૈયારીના ભાગરૂપે વંથલી તાલુકાના શાપુર અને ધંધુસર જિલ્લા પંચાયત ની બેઠકના પદાધિકારીઓ, આગેવાનો, સરપંચો, બૂથ સમિતિ, પેજ સમિતિના કાર્યકરો સાથે કાર્યકર્તા સંવાદ બેઠક યોજાઈ હતી જેમાં જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈ મકવાણા, જિલ્લા ભાજપ મહામંત્રી અને ઝોન પ્રભારી વેલજીભાઈ મસાણી, સહિત તાલુકાના આગેવાનોએ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તેમજ આગામી સમયમાં આવનાર તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપને જંગી બહુમતીથી જીતાડવા આહવાન કર્યું હતું આ તકે શાપુર અને ધંધુસર બેઠકના જિલ્લા પંચાયતના સભ્ય, તાલુકા પંચાયતના સભ્યો, સરપંચો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ભાવનગર રેલવે મંડળનો ભાડા આવક (NFR)માં દબદબો

## વરિષ્ઠ મંડળ વાણિજ્ય મેનેજર સહિત ૬ રેલ અધિકારી-કર્મચારીઓ સન્માનિત

(પ્રતિનિધિ દ્વારા) ભાવનગર તા.૧૬

પશ્ચિમ રેલવેએ ગેર-ભાડા આવક (Non-Fare Revenue - NFR) ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરતાં સતત બીજા વર્ષે સમગ્ર ભારતીય રેલવેમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ ગૌરવપૂર્ણ સફળતામાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર પશ્ચિમ રેલવેના વિવિધ મંડળોના અધિકારીઓ અને કર્મચારીઓને તા. ૧૧.૦૩.૨૦૨૬ (બુધવાર)ના રોજ ચર્ચગેટ સ્થિત મુખ્યાલય ખાતે યોજાયેલા વિશેષ સમારંભમાં પ્રિન્સિપલ ચીફ કોમર્શિયલ મેનેજર (PCCM) તરૂણ જૈન દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. આ સિદ્ધિમાં ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક (Sr. DCM) અતુલ કુમાર ત્રિપાઠીના કુશળ નેતૃત્વ તેમજ વાણિજ્ય વિભાગની ટીમના ઉત્તમ કાર્યની પ્રશંસા કરવામાં આવી. આ અવસરે ભાવનગર મંડળના બે અધિકારીઓ અને ચાર કર્મચારીઓને તેમના નોંધપાત્ર યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા. સમારંભમાં મુખ્ય વાણિજ્ય પ્રબંધક (મુસાફર સેવાઓ) સ્વપિનલ વાલિંગકર સહિત



(તસવીર: વિપુલ હિરાણી)

મુખ્યાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા. ઉલ્લેખનીય છે કે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા ગેર-ભાડા આવક (Non-Fare Revenue) ક્ષેત્રમાં સતત પ્રગતિ થઈ રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન મંડળે અંદાજે ૩.૮૯ કરોડની ગેર-ભાડા આવક પ્રાપ્ત કરી હતી. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી) દરમિયાન મંડળ દ્વારા અંદાજે ૩.૯૪ કરોડની ગેર-ભાડા આવક પ્રાપ્ત થઈ છે. આવક વધારવાના હેતુથી મંડળ દ્વારા વિવિધ નવીન પહેલો અમલમાં મુકવામાં આવી છે. આ અંતર્ગત પ્રથમ વખત ભાવનગર મંડળમાં જૂનાગઢ સ્ટેશન પર ગેમ ઝોન, DRM ઓફિસ કેન્ટીન, મંડળ રેલવે હોસ્પિટલ કેન્ટીન, વેરાવળ સ્ટેશન પર રિટાયરિંગ રૂમ/વેટિંગ હોલ/વેટિંગ રૂમ તથા વેરાવળ સ્ટેશન પર ક્લોક રૂમ માટે કરારો આપવામાં આવ્યા છે. આ પહેલોના પરિણામે મંડળને ગેર-ભાડા આવકમાં નોંધપાત્ર વધારો પ્રાપ્ત થયો છે. સન્માનિત થયેલા ભાવનગર મંડળના અધિકારી-કર્મચારીઓ વાણિજ્ય વિભાગમાં ઉત્તમ કાર્ય માટે ભાવનગર મંડળના નીચે દર્શાવેલ અધિકારીઓ અને કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા છે જેમાં અતુલ કુમાર ત્રિપાઠી - વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, ભાવનગર,સુશ્રી નિલાદેવી ઝાલા - મંડળ વાણિજ્ય પ્રબંધક, ભાવનગર,૯ જિંજાળા જગદીશ મનસુખભાઈ - મંડળ વાણિજ્ય નિરીક્ષક (ગેર-ભાડા આવક), જાદવ દર્શન ઘનશ્યામભાઈ - જુનિયર ક્લાર્ક, શશિકાંત શર્મા - CC/TC, ભાર્ગવ પંડ્યા - મુખ્ય વાણિજ્ય નિરીક્ષક, ભાવનગર નો સમાવેશ થાય છે. ભાવનગર મંડળની આ સિદ્ધિએ માત્ર મંડળની પ્રતિષ્ઠાને વધુ મજબૂત બનાવી નથી, પરંતુ પશ્ચિમ રેલવેને ભારતીય રેલવેમાં અગ્રણી બનાવવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.આ અવસરે ભાવનગર મંડળના મંડળ રેલ મેનેજર દિનેશ વર્માએ વાણિજ્ય વિભાગના તમામ અધિકારીઓ અને કર્મચારીઓના પ્રયત્નોની પ્રશંસા કરી અને ભવિષ્યમાં પણ આવી જ રીતે ઉત્તમ કાર્ય કરતા રહેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# ઉપલેટાના ગઢાળા ગામે ૭ વર્ષથી તુટેલોચેકડેમ ક્યારે રીપેર થશે?

## સાત ગામના ખેડુતોની આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ દ્વારા) ઉપલેટા તા. ૧૬

ઉપલેટા તાલુકાના ગઢાળા ગામે મોજ નદી પર બનાવવામાં આવેલો ચેકડેમ છેલ્લા ૭ વર્ષથી તુટી ગયો છે. ચેકડેમને રીપેર કરવા માટે સાત ગામના ખેડુતો દ્વારા તંત્રને અનેક વખત રજૂઆતો કરાઈ છે. પણ કોઈ પણ પ્રકારની કાર્યવાહી થઈ નથી ત્યારે તાત્કાલીક ચેકડેમ રીપેર કરવામાં નહીં આવે તો સાત ગામના ખેડુતો આંદોલન કરશે. તેવી ચીમકી સાથે ગઢાળાના પૂર્વ સરપંચે સિંચાઈ મંત્રીને પત્ર પાઠવ્યો છે.



ઉપલેટા તાલુકાના ગઢાળા ગામના પૂર્વ સરપંચ નારણભાઈ આહિરે રાજ્યના સિંચાઈ મંત્રીને પત્ર પાઠવીને જણાવેલ છે આજે છેલ્લા સાત વર્ષ છે ગઢાળા ગામની બાજુમાં આવેલ મોજ નદીમાં છેલ્લા ૫૦ વર્ષથી ચેકડેમ આવેલ હતો આ ચેકડેમનોલાભ સાત ગામના ખેડૂતોના મડતોહતો પરંતુ છેલ્લા ૭ વર્ષમાં ગામ લોકોએ તેમજ પાંચ ગામના લોકોએ સત્તાવાળાઓને અનેક વખત રજૂઆત કરે પરંતુ હજુ સુધી આ ચેકડેમ રીપેર કરવામાં આવેલ નથી જેને કારણે છેલ્લા સાત વર્ષથી નદીમાં રોકાતું પાણી વહી જાય છે નદી ખાલી ખમ દેખાય છે ત્યારે સરકાર મોટી મોટી જાહેરાત કરે છે પાણી રોકવાની પરંતુ ખેડૂતોને જે જરૂર છે તે કામગીરી આ સરકારમાં થતી નથી માત્ર ને માત્ર મોટી મોટી જાહેરાતો કરે છે પરંતુ આ સરકારે ૩૦ વર્ષમાં એક પણ નદીનો મોટો ડેમ બનાવેલ નથી જો આ ચેકડેમ ની કામગીરી ટુંક સમયમાં કરવા માનહી આવે તો ખેડૂતો સરકાર સામે આંદોલન કરશે તેવી ચીમકી પાંચ ગામના લોકોએ કરેલ છે.

# ભાવનગર મનપા દ્વારા હીટવેવ એક્શન પ્લાન

## બપોરે શ્રમિકોને આરામ, બગીચાઓ રાત્રે ૧૧ સુધી ખુલ્લા

(પ્રતિનિધિ દ્વારા) ભાવનગર તા.૧૬

ઉનાળાની ઋતુમાં વધતા જતા તાપમાન અને આગામી સમયમાં હીટવેવની શક્યતાઓને ધ્યાનમાં રાખીને ભાવનગર મહાનગરપાલિકા દ્વારા અત્યારથી જ આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષસ્થાને યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં શહેર માટે 'હીટવેવ એક્શન પ્લાન' મંજૂર કરવામાં આવ્યો હતો, જેમાં નાગરિકોની સુરક્ષા અને આરોગ્યને સર્વોપરી રાખવામાં આવ્યું છે.

બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણય મુજબ, કાળઝાળ ગરમીમાં કામ કરતા મ્યુનિસિપલ સ્ટાફ, કોન્ટ્રાક્ટરો અને બાંધકામ ક્ષેત્રના શ્રમિકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને બપોરે ૧ થી ૪ વાગ્યા દરમિયાન ફરજિયાત આરામ આપવાની સૂચના આપવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન આઉટડોર કામગીરી ટાળવા માટે બિલ્ડર એસોસિએશન સાથે પણ સંકલન સાધવામાં આવ્યું છે. શહેરીજનોને ગરમીથી રાહત મળે તે માટે શહેરના તમામ જાહેર બગીચાઓ



(તસવીર: વિપુલ હિરાણી)

હવે સવારે ૬ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લા રાખવાનો નિર્ણય કરાયો છે.

શહેરના મુખ્ય રસ્તાઓ, બસ સ્ટેન્ડ અને ભીડભાડવાળા વિસ્તારોમાં વોટર વર્ક્સ વિભાગ દ્વારા વોટર પોઈન્ટ (પીવાના પાણીની પરબ) અને શેડ ઊભા કરવામાં આવશે. આ સાથે જ આરોગ્ય વિભાગને તમામ કેન્દ્રો પર પૂરતા પ્રમાણમાં ORS પેકેટ, જરૂરી દવાઓ અને મેડિકલ સ્ટાફને સ્ટેન્ડબાય રાખવા જણાવાયું છે. હીટસ્ટ્રોકના કેસોનું દૈનિક મોનીટરીંગ પણ કરવામાં આવશે.

શિક્ષણ ક્ષેત્રે તકેદારી રાખતા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને સૂચના અપાઈ છે કે, શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા રાખવી અને બપોરના સમયે આઉટડોર પ્રવૃત્તિઓ બંધ રાખવી. જરૂર જણાયે શાળાના સમયમાં ફેરફાર કરવા અંગે પણ વિચારણા કરવામાં આવશે. આ ઉપરાંત, પશુઓ માટે ઢોર ડબ્બામાં સ્પ્રિંકલર અને ગ્રીન નેટ લગાવવા તેમજ શહેરના ડિવાઈડર પરના છોડને નિયમિત પાણી આપવાની જવાબદારી ગાર્ડન વિભાગને સોંપવામાં આવી છે.

# મેંદરડાના કાઠી સમાજના કેળવણીકાર

## સ્વ. મકવાણા એભલભાઈ અમરાભાઈને ૧૬મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી અર્પણ

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

સ્વર્ગસ્થ્ય શ્રી મકવાણાએભાલભાઈ એ કેળવણીકાર અને સમાજસેવક તરીકે પોતાની સુવાસમાં (મહેક)પ્રરારાવી હતી તેમણે મેંદરડા તથા આજુબાજુના પ્રછાત વિસ્તારમાં પોતાની મહેચ્છાં કન્યા કેળવણીનો વ્યાપ વધે તથા ભાઈઓ બહેનોને ઘર આંગણે ઉચ્ચ શિક્ષણ મળી રહે તે લક્ષ્ય પૂરું કરવા માટે તેમણે અનેક સ્કૂલો કોલેજો તથા છાત્રાલય ઉભી કરી કાઠી સમાજ તેમજ અન્ય દરેક સમાજમાં શિક્ષણનું સત ર ઊંચું આવે તેવા હેતુ સાથે સવા પાયેલી શૈક્ષણિક સંસ્થાઓ આજે વટ્ટ વૃક્ષ બની તેમનો સા સાકાર કરે છે. સ્વ મકવાણા એભ લ ભાઈએ સામાજિક



તેમજ શૈક્ષણિક કાર્યની સાથે સાથે રાજ્ય ક્ષેત્રે પણ ખૂબ યોગદાન આપેલ છે. તેમના કાર્યોને લીધે આજે પણ રાજકીય ક્ષેત્રમાં આ એભ લ મામાને સૌ કોઈ પાદ કરે છે. કાઠી સમાજના ઉદ્ધારક તરીકે સતત જહે મત ઉઠાવી દીકરાઓ સાથે દીકરીઓનું ઘડતર થાય તે માટે કન્હા કેળવણી દ્વારા દીકરીઓ પણ ઉચ્ચ શિક્ષણ મેળવે તેના હિમાયતી અને સદા સમાજના લોકોની સુખાકારી માટે તતાર રહેલા સવ. શ્રી મકવાણા એભલભાઈ મામાને લોકો ચિરકાળ સુધી ભૂલી નહિ શકે પ્રભુ સદગતના આત્માને શોતિ અર્પે તેવી આજે ૧૬મી વાર્ષિક પુણાતિથિએ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# છાલડા ગામના યુવાને નિરાધાર દીકરીનું કન્યાદાન કરી નવી રાહ ચીંધી

## લગ્નમાં પ્રાકૃતિક ખેતીનો સંદેશ ફેલાવ્યો

(પ્રતિનિધિ દ્વારા) વિસાવદર તા. ૧૬

કહેવાય છે કે 'દીકરી તો વહાલનો દરિયો', પણ જ્યારે કોઈ પરસ્ત્રીની દીકરીને પોતાની માનીને તેના લગ્ન ધામધૂમથી કરાવે ત્યારે માનવતા મહેકી ઉઠે છે. વિસાવદર તાલુકાના છાલડા ગામના યુવાન શૈલેષભાઈ રવજીભાઈ રાદડિયાએ આવું જ પ્રેરણાદાયી કાર્ય કરી બતાવ્યું છે.

શૈલેષભાઈને પોતાની બે દીકરીઓ હોવા છતાં, તેમણે પરિવાર વિનાની એક દીકરીને પોતાની પુત્રી સમાન માનીને તેના લગ્નનો તમામ ખર્ચ ઉપાડી, ધામધૂમથી કન્યાદાન કરી પિતાની ફરજ નિભાવી હતી.

આ પ્રસંગ માત્ર લગ્ન બનીને ન રહેતા પ્રાકૃતિક ખેતીના પ્રચારનું માધ્યમ પણ બન્યો હતો.



(તસવીર: મુકેશ રીબડીયા)

શૈલેષભાઈએ એક નવતર પ્રયોગ કર્યો હતો. પ્રાકૃતિક ખેતીમાં ગુજરાતના પ્રથમ PhD કરનાર ડો. વીરાભાઈ ચાવડા લિખિત નવા પુસ્તક (જેનું વિમોચન તાજેતરમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે થયું હતું) ની ખરીદી કરી. લગ્નમાં પધારેલા તમામ મહેમાનોને ભેટ સ્વરૂપે આ પુસ્તક આપીને પર્યાવરણ અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવી. આ સોનેરી અવસરને વધાવવા માટે અનેક મહાનુભાવો અને પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતાં. જે કલેક્ટર જે.કે. ઠેશિયા, જોશીપરા કન્યા છાત્રાલયના ટ્રસ્ટી મંડળ, સુડાવડના સરપંચ પ્રવીણભાઈ આસોદરીયા, મોહનભાઈ પંડિત, ભૂપતભાઈ કોટડીયા, સંજયભાઈ હીરપરા, વિનુભાઈ પેથાણી, અશ્વિનભાઈ ગજેરા, જૂનાગઢ 'આત્મા' પ્રોજેક્ટના કુશાલભટ્ટ ઝાલા, આ પ્રસંગે હાજર તમામ ખેડૂતો અને મહેમાનોએ શૈલેષભાઈના આ સેવાકાર્ય અને પ્રાકૃતિક ખેતીના વ્યાપ વધારવાના પ્રયાસને બિરદાવ્યો હતો.







(તસવીર: વિમલ રાયકુંડલીયા)

# કુકસવાડાની શાળામાં NDRFની ટીમનો સેમિનાર યોજાયો

માળિયા તાલુકાના કુકસવાડા ગામે સરકારી શાળા પે. સેન્ટર કુકસવાડા ખાતે એન. ડી. આર.એફ. (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ) ની ટિમ દ્વારા શાળાના બાળકો તથા ગામ લોકોને કુદરતી આફત સામે પોતાની જાન ને કેવીરીતે બચાવી તેના વિશે જુદા જુદા લાઈવ ડેમો બતાવી તમામને માહિતગાર કર્યા.

# ગ્રામીણ ક્ષેત્રમાં પીવાના પાણી, શિક્ષણ, આરોગ્ય, પરિવહન સહિતની જન સુખાકારી માટે રાજ્ય સરકાર કટિબદ્ધઃ મંત્રી બાવળીયા

## મંત્રીના હસ્તે રૂ. ૫૬૫ લાખથી વધુના વિકાસકામોના ખાતમુહૂર્ત

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી કુવરજીભાઈ બાવળીયાના હસ્તે આજરોજ જસદણ તાલુકામાં રૂ. ૩૦૦ લાખના ખર્ચે લીલાપુર કાળાસર રોડનું કામ, રૂ. ૪૩.૨૭ લાખના ખર્ચે પશુ દવાખાનું, વિંછીયા તાલુકાના હિંગોળગઢ સ્થિત અશ્વ સંવર્ધન કેન્દ્ર ખાતે રૂ. ૨૨૫ લાખના ખર્ચે સ્ટાફ ક્વાર્ટરના નિર્માણ સહીત વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત કરાયા હતા. લીલાપુર ખાતે લીલાપુર - કાળાસર નોન પ્લાન રોડનું ભૂમિપૂજન કરતા મંત્રીશ્રી કુવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતુંકે, શહેર તેમજ ગામોને પાકા ડામર રોડથી જોડી પરિવહન સેવા સુદ્રઢ બનાવવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મંત્રી કુંવરજીભાઈએ જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં લોકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે પીવાનું પાણી, સારવાર કેન્દ્રો, પશુ દવાખાના, બસ સ્ટોપ, રોડ, કોઝવે, પુલ સહિત અનેકવિધ પ્રકલ્પો



થકી લોકોને સુખાકારીમાં વધારો જોવા મળ્યો છે. છેલ્લા એક સપ્તાહમાં રૂ. ૭૦ કરોડથી વધુના વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત જસદણ અને વિંછીયા પંથકમાં મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યા છે. મંત્રીશ્રીએ રૂ. ૪૩૨૭ લાખના ખર્ચે પશુ દવાખાના નિર્માણનું પણ આ તકે ખાતમુહૂર્ત કરતાં જણાવ્યું હતું કે, આ સુવિધા ઉપલબ્ધ બનવાથી આસપાસના ગામના લોકોના પશુઓને નજીકના સ્થળે સારવાર મળી રહેશે. મંત્રી કુંવરજીભાઈએ ગઢડીયા ખાતે રૂ. ૩ લાખના ખર્ચે કોઝવે બનાવવાના કામનું પણ ખાતમુહૂર્ત કરી ગામના લોકોને વિશ્વાસ આપ્યો હતો કે, ગ્રામીણ ક્ષેત્રના વિકાસ માટે રાજ્ય સરકાર હંમેશા પ્રથમ પ્રાથમિકતા આપવા પ્રતિબધ્ધ છે. વધુમાં, આ ગામમાં ખુબ સારા રમકડાં બનાવવાનો ઉદ્યોગ કાર્યરત છે, ત્યારે ગ્રામીણ ક્ષેત્રમાં આધુનિક ટેક્નોલોજી સાથે કામ કરી શકે તે માટે યુવાનોને ખાસ ટ્રેનિંગ પુરી પાડવામાં આવશે. આઈ.ટી. આઈ. દ્વારા અનેક સ્કિલ બેઝ કોર્સીસ ચલાવવામાં આવી રહ્યા છે, ત્યારે ડ્રોન ટેક્નોલોજી સહીત વિવિધ કૌશલ્યવર્ધી શિક્ષણ દ્વારા ગ્રામીણ વિસ્તારના બાળકો ઉચ્ચ રોજગારી મેળવી શકે તે માટે મંત્રીએ ગ્રામજનોને પ્રોત્સાહિત કર્યા હતાં. મંત્રીશ્રી બાવળિયાએ હિંગોળગઢ સ્થિત અશ્વ સંવર્ધન ફાર્મ ખાતે નવા સ્ટાફ ક્વાર્ટરોનું નિર્માણ, ઇન્ટર્નલ સી.સી. રોડ, કમ્પાઉન્ડ વોલ, એન્ટ્રી ગેટથી ૨૫૦ મી.નો એપ્રોચ રોડ, વોટર સપ્લાય સિસ્ટમ, ફર્નિચર સહીત કુલ રૂ. ૨૨૫ લાખના ખર્ચે થનારા કામનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ તકે તાલુકા પંચાયતના સભ્ય ચંકિતભાઈ રામાણીએ પ્રાસંગિક પ્રવચનમાં કુંવરજીભાઈના કાર્યકાળમાં જસદણ, વિંછીયા વિસ્તારમાં થયેલા વિકાસકામોની માહિતી આપી મંત્રીશ્રીના વિકાસલક્ષી અભિગમને આવકાર્યો હતો.

# વાંકાનેરના રોણકી (મનહરપુર)માં પાણી સંગ્રહ માટેના સંપ-પાઈપ લાઈનનું ખાતમુહુર્ત

## ૨૧ કરોડના ખર્ચના પ્રોજેક્ટનું ધારાસભ્યએ કર્યું ખાતમુહુર્ત

(પ્રતિનિધિ દ્વારા) વાંકાનેર તા. ૧૬

આજ રોજ ૬૭ વાંકાનેર-કુવાડવા મતવિસ્તારનાં રોણકી (મનહરપુર) ગામ ખાતે ૨૧ કરોડનાં ખર્ચે પાણી સંગ્રહ માટે પાણીનો સંપ તેમજ પાણીની પાઈપલાઈન નું ખાતમુહૂર્ત ધારાસભ્ય જીતુભાઈ સોમાણીનાં હસ્તે કરવામાં આવ્યું હતું. રોણકી (મનહરપુર) ગામ તેમજ આજુબાજુમાં આવતી સોસાયટીઓમાં પુરતા પ્રમાણમાં પાણી મળી રહે તે માટે રૂડા દ્વારા ૨૧ કરોડનાં ખર્ચે પાણીનાં સંગ્રહ માટે પાણીનો સંપ તેમજ પાણીની પાઈપલાઈન નું ખાતમુહૂર્ત ધારાસભ્ય જીતુભાઈ સોમાણીનાં હસ્તે કરવામાં આવ્યું હતું આ પ્રસંગે રાજકોટ તાલુકા ભાજપ પ્રમુખ



(તસવીર: લિતેશ ચંદારાણા)

કેયુરભાઈ ઢોલરીયા, રાજકોટ તાલુકા પંચાયત કારોબારી ચેરમેનની ભરતભાઈ ડાભી, રાજકોટ જિલ્લા પંચાયત સદસ્ય રાજાભાઈ ચાવડા, રાજકોટ તાલુકા ભાજપ મહામંત્રી અજયભાઇ મકવાણા, રાજકોટ તાલુકા પંચાયત સદસ્ય વીક્રમભાઈ હુંબલ, તાલુકા પંચાયત સદસ્ય વીજયભાઈ અજાણી, રોણકી ગામનાં સરપંચ પ્રભાતભાઈ હુંબલ, બેડી ગામનાં સરપંચ પ્રતાપભાઈ રીબડીયા, રાજકોટ તાલુકા ભાજપ ઉપપ્રમુખ ગણેશભાઈ ગોહેલ, રાજકોટ તાલુકા મંત્રી મનુભાઈ સીયાળ, જસ્મીનભાઈ પીપળીયા, રાજકોટ તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાનાં મહામંત્રી કુંવરજીભાઈ ભખોળીયા સહિત બહોળી સંખ્યામાં સૌ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.


(તસવીર: દેવાભાઇ રાઠોડ)

# કોંગ્રેસે સોમનાથથી સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પ્રચારનો કર્યો શંખનાદ

## કોંગ્રેસ મોવડી મંડળે સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી પ્રચારની શરૂઆત કરી

(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસપાટણ તા.૧૬

રાજ્યમાં આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓ આવી રહી છે. ત્યારે સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી કોંગ્રેસે ચૂંટણી પ્રચારની શરૂઆત કરી છે. રાજ્યસભા સાંસદ મુકુલ વાસનિક, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિતના નેતાઓ સોમનાથ પહોંચ્યા સોમનાથ મહાદેવને જળાભિષેક અને પાઘ પૂજન કરી આશીર્વાદ લીધા હતા અને ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસનું મુખ્યાલય ખુલ્લું મુકાયું જિલ્લા, તાલુકા પંચાયત અને નગરપાલિકા ચૂંટણી પહેલા કોંગ્રેસે કમર કસી સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી રામકિશન ઓઝા સહિતના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત.

# નિકાવા: ફકીર સમાજના પ્રવકતા તરીકે વરણી

(પ્રતિનિધિ દ્વારા) કાલાવડ,તા.૧૬



કાલાવડ તાલુકાના નિકાવા ગામના મુસ્લિમ સમાજ અગ્રણી રફીકશા શાહમદારની ઓલ ગુજરાત ફકીર દીવાન સમાજના પ્રવક્તા તરીકે વરણી કરવામાં આવી.કાલાવડ તાલુકાના નિકાવા મુસ્લિમ સમાજ અગ્રણી અને નિકાવા સેરુલ મદાર ફકીર સમાજ ના પ્રમુખ રફિકશા કાદરશા શાહમદાર ની ગુજરાત ફકીર દીવાન સમાજ ના પ્રવક્તા તરીકે નિમણૂક થતા નિકાવા પંથક ના દરેક સમાજ માં મોટું મિત્ર વર્તુળ ધરાવતા અને સામાજિક અગ્રણી રફીકશા શાહમદાર ને ઠેર ઠેર થી શુભકામનાઓ મળી રહી છે અત્રે એ ઉલ્લેખનીય છે કે છેલ્લા ૧૨ વર્ષ થી નિકાવા ફકીર સમાજના પ્રમુખ તરીકે તેમજ નિકાવા ગ્રામ પંચાયત માં સતત ૨ ટર્મ થી સભ્ય તરીકે ચૂંટાયા છે.તેમજ અખિલ સૌરાષ્ટ્ર ફકીર સમાજ માં પૂર્વ ખજાનચી તરીકે સેવા આપી સતત સામાજિક કાર્યો સાથે જોડાયેલ છે.


(તસવીર: પરેશ ફલીયા)

# જામનગરમાં સત્યનારાયણ મંદિરે હિન્દુ નૂતન વર્ષ પર અન્નકૂટ ઉત્સવ

'છોટીકાશી' જામનગરમાં સત્યનારાયણ મંદિર રોડ પર આવેલ ભગવાન સત્યનારાયણનાં પ્રાચીન મંદિરે ચૈત્ર સુદ એકમ ૧૯/૩ ને ગુરૂવારે સાંજે ૫:૩૦ થી ૮ દરમ્યાન હિન્દુ નૂતન વર્ષ નિમિત્તે અન્નકૂટ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે તથા વિક્રમ સંવત ૨૦૮૩ નાં આરંભે પૂજન કરેલા ૨૦૮૩ સિક્કાનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવશે. **(તસ્વીરઃ પરેશ ફલીયા-જામનગર)**


(તસવીર: સુરેન્દ્રભાઇ મહેતા)

# જેતપુર નગરપાલિકા દ્વારા આયોજીત સ્વદેશી મેળો સફળતાપુર્વક સંપન્ન

## ૧૦ દિવસમાં રૂ. ૧૩.૫૦ લાખનું વેચાણ થયું

(પ્રતિનિધિ દ્વારા) જેતપુર તા.૧૬

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગુજરાત શહેરી આજીવિકા મિશન અંતર્ગત જેતપુર નવાગઢ નગરપાલિકા દ્વારા સ્થાનિક કારીગરો અને વેપારીઓને તથા બહેનો દ્વારા બનાવવામાં આવેલી ચીજ વસ્તુઓના વેચાણ માટે પ્રોત્સાહન મળે તે માટે જીમખાના મેદાન ખાતે આયોજન કરવામાં આવેલ. જેમાં વિવિધ પ્રકારના કુલ ૫૬ જેટલા સ્ટોલ અને ચિલ્ડ્રન રાઇડ્સ પણ ઉપલબ્ધ કરાવવામાં આવેલ. કુલ ૧૦ દિવસ દરમિયાન અંદાજિત બાર હજાર જેટલા શહેરીજનોએ આ મેળા ની મુલાકાત લીધેલ. આ મેળા માં કુલ અંદાજિત ૧૩.૫૦ લાખ જેટલું વેચાણ થયેલ છે. સ્વદેશી મેળા ને ખૂબ સારો પ્રતિસાદ મળેલ. તેમજ શહેરીજનો દ્વારા દર વર્ષે આ પ્રકાર નું નગરપાલિકા દ્વારા આયોજન થાય એવા પ્રતિભાવો આપવામાં આવેલ છે.

# વેરાવળમાં જાતિ પરિક્ષણ, માતા મરણ સહિતના મુદ્દે આરોગ્ય વિભાગનો ઓરિયેન્ટેશન વર્કશોપ યોજાયો

## પી.સી.એન્ડ. પી.એન.ડી.ટી. અને ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટના કાયદાની સમજ અપાઈ

(પ્રતિનિધિ દ્વારા) વેરાવળ તા. ૧૬

ગીર સોમનાથ જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા વેરાવળના આસોપાલવ લોન્સ ખાતે પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ -૧૯૯૪ અને ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અંતર્ગત ઓરિયેન્ટેશન વર્કશોપ યોજાયો હતો.આ ઓરિયેન્ટેશન વર્કશોપમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.અરુણ રોયે 'માતા મરણ' તેમજ કાયદાની અગત્યતા સમજાવતા જણાવ્યું હતું કે, આજનો યુગ ટેક્નોલોજીનો યુગ છે. હવે ઝડપથી ટેક્નોલોજી આગળ વધી રહી છે ત્યારે ફાયદાઓ સાથે કેટલાક દુષ્પરિણામો પણ જોવા મળે છે. પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટની અગત્યતા હાલના સમયમાં ખૂબ જ અગત્યની છે. સહિયારા પ્રયાસોથી આ કાયદાનું ગીર સોમનાથ જિલ્લામાં અમલીકરણ થાય એ દિશામાં ઉપસ્થિત સર્વેને માર્ગદર્શિત કર્યા હતાં.


(તસવીર: મિલન ઠકરાર)

પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. નોડલ એ.બી.ચૌધરી એ રજિસ્ટર થયેલી તમામ સંસ્થાઓને માતા મરણ ન થાય તે અંગેની તકેદારી રાખવાના પગલા, સગર્ભા મહિલાઓની નિયમિત તપાસ અને ફોલોઅપ, ડિલિવરી રજીસ્ટ્રેશન નિભાવવા, ચકાસણીમાં સહકાર આપવા સહિતની બાબતો વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. વિપુલ દુમાતરે સોનોગ્રાફી-આરોગ્યલક્ષી સ્કેનર મશીન સહિતના ઉત્પાદકોને પણ પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ લાગુ પડે છે, એમ જણાવી તપાસ દરમિયાનની ક્ષતિઓના નિવારણ અને હોસ્પિટલમાં ફરજિયાત રજિસ્ટ્રેશન-રિન્યૂઅલ સહિત એક્ટની વિવિધ કલમો અંગે વિશદ્ છણાવટ સાથે માહિતી પૂરી પાડી હતી.તેમણે વધુમાં ફોર્મ-એફ માં રાખવાની થતી તકેદારી, હોસ્પિટલમાં નવા સોનોગ્રાફી મશીનના યુઝર ડોક્ટર ઉમેરવા અંગેની અરજી, નવું સોનોગ્રાફી મશીન ખરીદ કરવા અંગેની અરજી, સોનોગ્રાફી ઈમર્જિંગ મશીન ઈન્સ્ટોલ થયા બાદ મશીનની વિગતો ફોર્મ-બી માં ઉમેરવા માટે, સગર્ભા સ્ત્રી માહિતી રજીસ્ટ્રેશન પ્રમાણિત કરવા અંગે, પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ હેઠળનું રજીસ્ટ્રેશન રદ અથવા સરેન્ડર કરવા બાબત સહિતની માહિતી આપવામાં આવી હતી.ડૉ.પુનિત રાખોલિયા અને ડૉ.દોમડિયા સહિતના ડોક્ટર્સે પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ અંતર્ગત આરોગ્યક્ષેત્રમાં આર્ટિફિશ્યલ ટેક્નોલોજીના ઉપયોગ અને સોશિયલ મીડિયાની સામાજિક અસરોને સાંકળીને પોતાના પ્રતિભાવો અને વિચારો રજૂ કર્યા હતાં.મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરતાં ક્વોલિટી મેડિકલ ઈન્શ્યોરન્સ ઓફિસર એચ.કણસાગરા એ જણાવ્યું હતું કે, નવા રજિસ્ટર થયેલા પ્રેક્ટિશનર્સ અને ડોક્ટર્સને પીસી એન્ડ પીએનડીટી એક્ટ -૧૯૯૪ અને ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટની જાણકારી મળે તેમજ નિયમોનુસાર કાયદાઓની સમજ વિકસે એવો આ વર્કશોપનો ધ્યેય રહેલો છે. જેથી ભવિષ્યમાં શું કાળજી લઈ શકાય એની જાણકારી મળી રહે.પ્રોગ્રામ આસિસ્ટન્ટ યોગેશ કિંદરખેડિયાએ પ્રેઝન્ટેશન દ્વારા પી.સી. એન્ડ પી.એન.ડી.ટી.નું જિલ્લાનું માળખું, નિયમોનુસાર પ્રક્રિયા, સેક્સ રેશિયો, કુલ રજીસ્ટ્રેશન્સ સહિતની વિગતો વર્ણવી હતી. ઉપસ્થિત સર્વેએ 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત સ્ત્રીભૃણ હત્યા અટકાવવા માટેના શપથ લીધા હતાં.આ વર્કશોપમાં ઉના સિવિલ સુપ્રિટેન્ડન્ટ મિશ્રા, વેરાવળ સહિત જિલ્લાના પ્રેક્ટીશનર્સ અને પી.સી.પી.એન.ડી.ટી. અંતર્ગત નોંધાયેલા ડોક્ટર્સ, મેડિકલ અને આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા તજજ્ઞો અને જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઉપલેટા- ધોરાજી તાલુકામાં રૂ. ૧૫૧.૬૧ લાખના કામોનું ખાતમુહૂર્ત-લોકાપર્ણ

## રોડ, રસ્તા, તળાવ, બસ સ્ટેન્ડની ગ્રામ્ય વિસ્તારોને મળશે સુવિધાઓ

(પ્રતિનિધિ દ્વારા) ઉપલેટા તા.૧૬

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના મોટીમારડ ગામે આયોજિત એક ભવ્ય કાર્યક્રમમાં કેન્દ્રીય કેબિનેટ મંત્રી શ્રી ડૉ. મનસુખભાઇ માંડવીયાની પ્રેરક ઉપસ્થિતિમાં ગ્રામ્ય વિકાસના અનેક પ્રકલ્પોની ભેટ આપવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત ખાસ કરીને ૭૫-ધોરાજી-ઉપલેટા વિધાનસભા વિસ્તાર સહિત અન્ય મતવિસ્તારોમાં વિકાસની ગતિ તેજ કરવા માટે કરોડોના ખર્ચે વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું છે.૧૧ પોરબંદર લોકસભા હેઠળ આવતા ધોરાજી-ઉપલેટા સહિતના વિસ્તારો માટે કુલ રૂ.૧૫૧.૬૧ લાખના ૭૪ વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે.મોટીમારડ ગામે રૂ.૬૩.૧૧ લાખના ખર્ચે ૩ તળાવોના રિપેરિંગ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે, જે સિંચાઈ અને જળસ્તર સુધારવામાં મહત્વનું સાબિત થશે.ગ્રામ્ય સ્તરે લોકોના જીવનધોરણમાં સુધારો લાવવા માટે પાયાની સવલતો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ગામડાઓમાં સી.સી. રોડ અને પેવર બ્લોકના કામોથી રસ્તાઓ પાકા બનશે, તેમજ નવા બસ સ્ટેન્ડના નિર્માણથી પરિવહન સેવા વધુ સુદ્રઢ બનશે. ચેકડેમ, કોઝવે અને ભૂગર્ભ ગટર (ડ્રેનેજ)ના કામોથી પાણીના સંગ્રહ અને ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા વધુ સારી થશે. શાળાઓમાં ટોયલેટ બ્લોકનું નિર્માણ અને આંગણવાડી કેન્દ્રોની સુરક્ષા માટે કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવશે.ગામડાઓમાં કોમ્યુનિટી હોલ, ગૌશાળામાં શેડ, અને સ્મશાન ભૂમિમાં શેડ જેવી સુવિધાઓથી સામાજિક માળખું મજબૂત થશે. પૂરથી રક્ષણ મેળવવા માટે પૂર સુરક્ષા દિવાલ (પ્રોટેક્શન વોલ) નું નિર્માણ કરવામાં આવશે.આ તમામ વિકાસકાર્યો ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા વધારવા અને પાણી સંચાલન સુધારવા સાથે ગામના લોકોના જીવનસ્તરમાં ગુણાત્મક સુધારો લાવવા માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે.

# કાલાવડમાં રવી-૨૦૨૬ ચણાની ખરીદીનો ધારાસભ્યે કરાવ્યો શુભારંભ

## આત્મનિર્ભર ભારત ભંડારણ યોજના અંતર્ગત આજથી ચણાની ખરીદી શરૂ કરાઇ

(પ્રતિનિધિ દ્વારા) કાલાવડ,તા.૧૬

ભારત સરકાર દ્વારા દેશને કઠોળ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવા તેમજ ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે અમલમાં મુકાયેલી આત્મનિર્ભર ભારત ભંડારણ યોજના અંતર્ગત દિલ્હી સ્થિત નાફેડ એજન્સી દ્વારા કાલાવડ ખાતે ચણા ખરીદી પ્રક્રિયાનો આજ રોજ પ્રારંભ કરવામાં આવ્યો. કાલાવડના નવા માર્કેટિંગ યાર્ડ ખાતે સરદાર પટેલ ખેત ઉત્પાદન ખરીદ અને વેચાણ મંડળી દ્વારા રવી સીઝન ૨૦૨૬ માટે ચણાની ખરીદીનો પ્રારંભ કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાના હસ્તે કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે મોટી સંખ્યામાં ખેડૂતો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને સરકારની યોજનાઓનો લાભ લેવા તેમજ વધુમાં વધુ કઠોળ પાકનું ઉત્પાદન કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.આ તકે સરદાર પટેલ ખેત ઉત્પાદન ખરીદ-વેચાણ મંડળીના પ્રમુખ તથા કાલાવડ માર્કેટિંગ યાર્ડના ચેરમેન


(તસવીર: રાજુ રામોલીયા)

મૌલિકભાઈ નથવાણી, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અભિષેક પટવા, જિલ્લા ભાજપ મીડિયા ઇન્ચાર્જ હસુભાઈ વોરા, શહેર ભાજપ પ્રમુખ નીરવ ભટ્ટ, તાલુકા ભાજપ મહામંત્રી ભાવેશભાઈ વીરડીયા, શહેર ભાજપ મહામંત્રી મીતભાઈ ફળદુ, ભાજપ અગ્રણી અશોકભાઈ સરધારા, પી.ડી. જાડેજા, વલ્લભભાઈ વાગડીયા, પ્રફુલભાઈ રાખોલિયા, મોહિત મહેતા, રમેશભાઈ સોલંકી, કાલાવડ માર્કેટિંગ યાર્ડના ડાયરેકટર અશોકસિંહ જાડેજા, રાજુભાઈ વાદી, રઘુવીરસિંહ જાડેજા, જયેન્દ્રસિંહ જાડેજા, મહેશભાઈ ઘાડિયા, દેવેન્દ્રસિંહ જાડેજા , લલીતભાઈ પીપળીયા સહિત બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.આ ચણા ખરીદી શરૂ થતાં કાલાવડ તાલુકાના ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

# ગોંડલમાં હરિચરણદાસજી મહારાજની ચોથી પૂણ્યતિથીએ સંત સંમેલન, ભંડારો યોજાયો

## રામજી મંદિરમાં રામચરિતમાનસજીના સમુહ પાઠનું પઠન કરાયુંઃ ભાગવત કથાની પુર્ણાહુતિ

(પ્રતિનિધિ દ્વારા) ગોંડલ તા.૧૬

ગોંડલ નાં સંત મહામંડલેશ્વર ૧૦૦૮ હરિચરણદાસજી મહારાજના બ્રહ્મલીન થયાને રવિવાર ફાગણ વદ-૧૧ના ચાર વર્ષ પૂર્ણ થતા તેમની ચોથી પુણ્યતિથિ નિમિતે ગોંડલ શહેરના પવિત્ર ધામ રામજી મંદિર ખાતે વિવિધ ધાર્મિકવિધિઓ, સંત સંમેલન તથા ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ મહંત જયરામદાસજી મહારાજના સાનિધ્યમાં ભક્તિમય વાતાવરણમાં યોજાયો હતો.પુણ્યતિથિ નિમિતે સવારે ૭ વાગ્યાથી અષ્ટોત્તર સત રામચરિતમાનસજીના સમૂહ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રામજી મંદિરના મહંત જયરામદાસજી બાપુના હસ્તે હરિચરણદાસ બાપુ ની પ્રતિમા પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારપછી અસ્થિ સમાધિ મંદિર ખાતે ષોડશોપચાર પાદુકા પૂજન તેમજ હરિ મંદિર ખાતે વિધિવત્ પાદુકા પૂજન કરવામાં આવ્યું હતું.


(તસવીર: જિતેન્દ્ર આચાર્ય)

બપોરે સાધુ-સંતો તથા ભક્તજનો માટે ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાદ માં વિશાળ સંત સંમેલન યોજાયું હતું જેમાં મોટી સંખ્યામાં ગુરુભાઈઓ, સંતો-મહંતો અને ભક્તજનો ઉપસ્થિત રહી હરિચરણદાસજી મહારાજને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.આ અવસરે રામજી મંદિર ખાતે યોજાયેલી શ્રીમદ્ ભાગવત કથાની પણ પૂર્ણાહુતી કરવામાં આવી હતી. અખિલ બ્રહ્માંડનાયક ભગવાન સીતારામજી તથા પૂજ્યપાદ પરમહંસ ચિત્રકૂટ રામધામવાસી સદ્ગુરુદેવ સ્વામી રણછોડદાસજી મહારાજ અને સદ્ગુરુદેવ સ્વામીશ્રી હરિચરણદાસજી મહારાજના અદશ્ય આશીર્વાદથી જયરામદાસજી મહારાજના સાનિધ્યમાં આ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કથાના વ્યાસપીઠ પર આચાર્ય શ્યામસુંદરદાસજી મહારાજ બિરાજમાન રહી શ્રીમદ્ ભાગવતજીનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવ્યું હતું. આ સાથે પરમપૂજ્ય જયરામદાસજી મહારાજે ભક્તોને આશીર્વચન આપ્યા હતા. કથાના પ્રસંગોમાં શ્રી કપિલ જન્મોત્સવ, શ્રી નૃસિંહ જન્મોત્સવ, વામન જન્મ, રામ જન્મ અને કૃષ્ણ જન્મોત્સવ, ગિરિરાજ ઉત્સવ તેમજ રૂક્ષ્મણી વિવાહ જેવા પાવન પ્રસંગોનું વર્ણન કરવામાં આવ્યું હતું. અંતિમ દિવસે સુદામા ચરિત્રના પાવન પ્રસંગ સાથે કથાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.આ પાવન પ્રસંગે વીરપુર ના ગાદીપતિ રઘુરામબાપા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ રમેશભાઈ ધડુક, રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, પ્રફુલભાઈ ટોળીયા, નાગરિક બેંક ચેરમેન કિશોરભાઈ કાલરીયા, પ્રહલાદભાઈ પારેખ, અશોકભાઈ પીપળીયા, જીગર સટોડિયા સહિત અનેક રાજકીય આગેવાનો, સંતો-મહંતો અને ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


(તસવીર: કુંજન રાડિયા)

# ખંભાળિયાના જલારામ મંદિરે રામનવમી પર્વે અન્નકૂટ મહોત્સવ

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૧૬

ખંભાળિયામાં આવેલા જલારામ મંદિર ખાતે આગામી ગુરુવાર તા. ૨૬ ના રોજ રામનવમીના પાવન પર્વ નિમિત્તે અન્નકૂટના દર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અહીંની જાણીતી સેવા સંસ્થા શ્રી લોહાણા મહિલા મંડળના ઉપક્રમે ગુરુવારે સવારે ૮ થી ૧૧:૩૦ અને સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી યોજાયેલા આ અન્નકૂટ દર્શનનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાવરકુંડલામાં ભક્તિ, સંગઠન અને રાષ્ટ્રચેતનાનો ત્રિવેણી સંગમઃ ભવ્ય 'હિન્દુ સંમેલન' સંપન્ન

## સંતો-મહંતો અને અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિમાં 'પંચ પરિવર્તન'નો અપાયો મંત્ર

(પ્રતિનિધિ દ્વારા) સાવરકુંડલા તા.૧૬

સાવરકુંડલાના દેવળા ગેટ સ્થિત સર્વોદયનગરના મેલડી ચોક ખાતે કાનજીબાપુ વસ્તી દ્વારા આયોજિત 'હિન્દુ સંમેલન' અત્યંત ભવ્યતા અને દિવ્યતા સાથે સંપન્ન થયું હતું. સનાતન ધર્મના રક્ષણ, સાંસ્કૃતિક મૂલ્યોના સંવર્ધન અને હિન્દુ રાષ્ટ્રની ચેતનાને જાગૃત કરવાના પવિત્ર સંકલ્પ સાથે યોજાયેલા આ સંમેલનમાં સાવરકુંડલા પંથકની ધર્મપ્રેમી જનતાનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો.આ મંગલમય અવસરે વિવિધ આશ્રમોના પૂજ્ય સંતો-મહંતો તેમજ મુખ્ય વક્તાઓ દ્વારા રાષ્ટ્રીય ઉત્થાન માટે અત્યંત આવશ્યક એવા 'પંચ પરિવર્તન' વિષય પર પ્રેરક ઉદબોધન કરવામાં આવ્યું હતું. વક્તાઓએ સમાજને પાંચ સ્તંભો પર કાર્ય કરવા આહ્વાન કર્યું હતું:કુટુંબ પ્રબોધન: પરિવારમાં સંસ્કારોનું સિંચન અને ભારતીય જીવનશૈલીનો સ્વીકાર. સામાજિક સમરસતા: જ્ઞાતિ-જાતિના ભેદભાવ ભૂલીને 'એક હિન્દુ' તરીકે



(તસવીર: સૌરભ દોશી)

સંગઠિત થવું. સ્વદેશી: રાષ્ટ્રના આર્થિક સ્વાવલંબન માટે સ્વદેશી વસ્તુઓનો આગ્રહ રાખવો. પર્યાવરણ: પ્રકૃતિનું જતન, વૃક્ષારોપણ અને જળ સંચય દ્વારા ધરતીની રક્ષા. નાગરિક કર્તવ્ય: દેશના કાયદાનું પાલન અને રાષ્ટ્ર પ્રત્યેની નૈતિક ફરજોનું વહન.આ કાર્યક્રમ રાત્રે ૯:૦૦ કલાકથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં મેલડી ચોક મોટી સંખ્યામાં માનવમેદનીથી છલકાઈ ગયો હતો. કાર્યક્રમ દરમિયાન ભક્તિ સંગીત અને ધાર્મિક પ્રવચનોએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. 'હિન્દુ હિન્દુ એક રહે, ભેદભાવ કો નહીં સહે' ના પ્રચંડ નાદ સાથે સમગ્ર વિસ્તાર ભક્તિમય અને દેશભક્તિના રંગે રંગાયો હતો. આ સંમેલનમાં શહેરના નામી-અનામી રાજકીય આગેવાનો, વેપારી અગ્રણીઓ અને વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા, જે સમાજની અતૂટ એકતાના દર્શન કરાવતા હતા.કાનજીબાપુ વસ્તી દ્વારા કરાયેલા આ ધાર્મિક અને સાંસ્કૃતિક નવતર પ્રયોગને તમામ સ્તરેથી વ્યાપક આવકાર મળ્યો હતો.



(તસવીર: જાદવભાઇ ચુડાસમા)

# પ્રાચીમાં બુધવારે નિઃશુલ્ક નેત્ર નિદાન જનરલ ચેકઅપ કેમ્પ યોજાશે

## નિષ્ણાંત તબીબ દ્વારા સેવા અપાશે

(પ્રતિનિધિ દ્વારા) પ્રાંચી તા.૧૬

પ્રાંચી તીર્થ ખાતે શાંતિકુંજ હરિદ્વાર પ્રેરિત અખિલ વિશ્વ ગાયત્રી પરીવાર તથા રંભુબેન ઉકાભાઈ ચુડાસમા સેવા સમિતિ દ્વારા તા.૧૮ ને બુધવાર ના રોજ કોળી સમાજ ભવન પ્રાંચી તીર્થ માં વિનામૂલ્યે ૧૨૦મો શ્રી સદ્ગુરૂ સુપર મેગા નેત્રયજ્ઞ નિદાન કેમ્પ તથા હાર્ડ વૈદ તથા જનરલ ચેકઅપ નિદાન કેમ્પ યોજાશે. જેમાં રણછોડદાસજી આંખ ની હોસ્પિટલ રાજકોટના સેવાભાવી ડોક્ટરો તથા સ્ટાફ પોતાનું યોગદાન આપશે.તથા હાર્ડવૈદ હમીરભાઈ પ્રાચી તથા ડો. ભગીરથસિંહ રાઠોડ થરેલી વાળા પોતાનું યોગદાન આપશે આ વિનામુલ્યે સદ્ગુરૂ માં આંખના નેત્રયજ્ઞ રોગોનું નિદાન કરી જરૂરીયાત વાળા મોતીયાના દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલની બસમાં લઈ જઈ અન્યાધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે વિનામુલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે આવનાર દરેક દર્દીઓને રહેવા, જમવા, શુધ્ધ ઘીનો શીરો, ચા પાણી -નાસ્તો, ચશ્માં, દવા, ટીપા મફત આપવામાં આવશે. આ ઉપરાંત ઓપરેશન થયા બાદ દર્દીઓને કેમ્પના સ્થળે પરત મુકવાની પણ વ્યવસ્થા હોસ્પિટલ તરફથી કરવામાં આવી છે. આ કેમ્પમાં દર્દીઓને કોઈ પ્રકારની તકલીફ ન પડે તે માટે રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા બધા જ પ્રકારની વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આ ઉપરાંત દરેક દર્દીને કોઈ બિમારી હોય તો પણ તેની તકેદારી રાખીને તેનું નિદાન કરવામાં આવનાર છે. આ કેમ્પના આંખના દર્દીઓને બહોળી સંખ્યામાં લાભ લેવા પત્રકાર જાદવભાઈ ચુડાસમા પ્રાચી તીર્થ મો. ૯૯૭૮૫૨૩૧૮૨ પર અપીલ કરાઈ છે.

# નારણકા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ત્રી સશક્તિકરણ દિવસની ઉજવણી

## આરોગ્ય ક્ષેત્રે મહિલાઓના ફાળાને બિરદાવ્યો

(પ્રતિનિધિ દ્વારા) કોટડાસાંગાણી તા.૧૬

કોટડાસાંગાણી તાલુકાના નારણકા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે 'સ્ત્રી સશક્તિકરણ દિવસ' ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મહિલાઓ સામાજિક અને માનસિક રીતે વધુ સશક્ત બને તેવા ઉમદા હેતુથી આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૌરવવંતી ઉપસ્થિતિ આ કાર્યક્રમમાં અમદાવાદથી ખાસ પધારેલા ગુજરાત વાઇબ્રન્ટના ઝંખનાબેન ત્રિવેદીએ મુખ્ય


(તસવીર: સલીમ પતાણી)

અતિથિ તરીકે ઉપસ્થિત રહી મહિલાઓના આત્મવિશ્વાસ અને પ્રગતિ વિશે પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. કાર્યક્રમમાં માર્ગદર્શક તરીકે: ડૉ. ભૂમિકા જોશી (તાલુકા હેલ્થ ઓફિસર, કોટડાસાંગાણી) ડૉ. માધવી પંડ્યા (આયુષ મેડિકલ ઓફિસર, નારણકા)હાજર રહ્યા હતા.

આ પ્રસંગે નારણકા કેન્દ્ર હેઠળ કાર્યરત તમામ આશા બહેનો, કોમ્યૂનિટી હેલ્થ ઓફિસર (CHO), ફિમેલ હેલ્થ વર્કર (FHW) અને સુપરવાઈઝર બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ભૂમિકા જોશીએ આરોગ્ય ક્ષેત્રે પાયાની કામગીરી કરતી મહિલાઓના ફાળાને વિશેષ રૂપે બિરદાવ્યો હતો.

ડૉ. માધવી પંડ્યાએ જણાવ્યું હતું કે, મહિલાઓ સમાજ અને આરોગ્ય તંત્રની કરોડરજ્જુ છે. આ કાર્યક્રમ દ્વારા મહિલા કર્મચારીઓને પ્રોત્સાહન આપી, સમાજમાં સ્ત્રી સશક્તિકરણનો મજબૂત સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું હતું.


(તસવીર: કુંજન રાડિયા)

# ખંભાળિયાની ડમ્પીંગ સાઈટમાં આગનું છમકલું

ખંભાળિયા નજીકના વિસ્તારમાં આવેલા નગરપાલિકાના તરઘડી ડમ્પિંગ સાઈટમાં રવિવારે બપોરના સમયે કચરાના એક પ્રોસેસિંગ યુનિટમાં એકાએક આગ ભભૂકી ઊઠી હતી. આ અંગેની જાણ સ્થાનિકો દ્વારા ફાયર વિભાગને કરવામાં આવતા જિલ્લા ફાયર અધિકારી મિતરાજસિંહ પરમારની સૂચના મુજબ ફાયર ટીમના જવાનોએ તાકીદે ઘટના સ્થળે દોડી જઈ અને પાણીનો મારો ચલાવી, આગ પર કાબુ મેળવ્યો હતો. આગનું કોઈ ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

# જામનગરમાં હેલ્થ કેર એટેન્ડન્ટ સર્ટી. કોર્સમાં 30 છાત્રાએ પ્રવેશ મેળવ્યો

## રાજયમાં હેલ્થ કેર એટેન્ડન્ટ સર્ટિફીકેટ કોર્સનો પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર તા.૧૬

ગુજરાત રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે કુશળ માનવશક્તિ તૈયાર કરવા માટે 'હેલ્થ કેર એટેન્ડન્ટ સર્ટિફિકેટ કોર્સ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કોર્સનો રાજ્યના ૧૨ જિલ્લા ઓ માં એક સાથે ઓનલાઈન જોડાયને ઉદઘાટન કાર્યક્રમ યોજાયો હતો.જામનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા દ્વારા ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ, ગુજરાત સી.એસ.આર. ઓથોરિટી અને જી.એસ .એફ. એસ. ના સી.એસ.આર. સહયોગથી અને કૌશલ્ય યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમથી કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. આ કોર્સ છ માસની અવધિનો રહેશે.જામનગર યોજાયેલા કાર્યક્રમમાં જીજી હોસ્પિટલ જામનગરના સુપરિટેન્ડેન્ટ ડો. વિજયભાઇ પોપટ અને આઈ.આર.સી.એસ. જામનગર શાખા ના ચેરમેન ડો. અવિનાશભાઈ ભટ્ટ દ્વારા કોર્સનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ તકે આઈ.આર.સી.એસ જામનગરના વાઈસ ચેરપર્સન દિપાબેન સોની, ટ્રેઝરર કિરીટભાઇ શાહ, સેક્રેટરી ડો. વિહારીભાઈ છાટબાર, અમૃતિયાભાઈ, ડો. જોગિનભાઈ જોશી, ડો. કલ્પનાબેન ખંઢેરીયા, કેશુભાઈ ઘેટીયા, નિતિનભાઈ પરમાર, રાજુભાઇ ભાનુશાળી, ધર્મેન્દ્રસિંહ ઝાલા, કાજલબેન ગનિયાણી, અલકાબેન મહેતા, સરસવતીબેન, બીનાબેન ઠાકર જયશ્રીબેન જોશી, સ્મિતાબેન ત્રિવેદી, મિલન કુબાવત ભરતભાઈ દવે, અજીતસિહ જાડેજા ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે 30 વિદ્યાર્થીઓએ કોર્સમાં પ્રવેશ મેળવી તાલીમ માટે નોંધણી કરાવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.આ કોર્સનો મુખ્ય હેતુ યુવાનોને આરોગ્યલક્ષી તાલીમ આપીને તેમને રોજગારલક્ષી કૌશલ્ય ઉપલબ્ધ કરાવવાનો છે, જેથી તેઓ સમાજને અસરકારક રીતે સેવા આપી શકે તેમજ ગ્રામ્ય સ્તરે આરોગ્ય વ્યવસ્થા વધુ મજબૂત બની શકે.કોર્સનું સંકલન અને સંચાલન રેડક્રોસ સોસાયટીના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. આ કોર્સમાં વિદ્યાર્થીઓને છ મહિના સુધી નિ:શુલ્ક તાલીમ આપવામાં આવશે.


(તસવીર: પરેશ ફલીયા)


(તસવીર: આશિષ પોપટ)

# માધવપુર ઘેડ ખાતે રાષ્ટ્રીય કક્ષાના મેળા અન્વયે હરાજી યોજાઇ

## મનોરંજનના પ્લોટની હરાજીમાં ૩૯ લાખથી વધુની આવક

(પ્રતિનિધિ દ્વારા)

માધવપુર તા.૧૬

પોરબંદરના માધવપુરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાન શ્રીકૃષ્ણ અને અને રૂક્ષ્મણીજીનો વિવાહ ઉત્સવ ઉજવવામાં આવશે તેમજ સાથે સાથે રાષ્ટ્રીય કક્ષાનો મેળો પણ યોજાય છે એ જ મુજબ આ વખતે આગામી તારીખ ૨૭ માર્ચ થી ૩૧ માર્ચ સુધી વિવાહ ઉત્સવ સાથે મેળો યોજાશે આ મેળાને લઈને આજે માધવપુર ઘેડ ખાતે પ્લોટની હરાજી કરવામાં આવી હતી મનોરંજન પ્લોટની હરાજીમાં મેળા સમિતિને કુલ ૩૯ લાખ ૧૫ હજાર જેવી આવક થઈ છે ગત વર્ષે લગભગ ૨૮ લાખ જેવી આ વખતે મેળા સમિતિને થઈ હતી આ વખતે દસ લાખ આવક જેવી વધારો થયો છે કુલ મનોરંજનના ૨૨ પ્લોટ માટે આજે હરાજી યોજવામાં આવી હતી જેમાં વહીવટી શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા . માધવપુર ગ્રામ પંચાયત ખાતે જાહેર હરાજીમાં ૨૨ અલગ અલગ પ્લોટોની હા રાજી કરવામાં આવી હતી જેમાં માધવગઢ ના સરપંચ જિલ્લા અધિકારી જિલ્લા વિકાસ અધિકારી તાલુકા વિકાસ અધિકારી રહ્યો હતો મોટી સંખ્યામાં મનોરંજન પ્લોટની ખરીદી કરવા લોકો ઉપસ્થિત રહ્યા હતા સવારે ૧૨:૦૦ વાગે આ હરાજી તો પરમ કરવામાં આવ્યો હતો ત્યારબાદ બે કલાક ની જાહેર હરાજી યોજાઈ હતી અરે પ્લોટો નું વિતરણ કરવામાં આવ્યું હતું.


(તસવીર: કમલેશ મહેતા)

# મેંદરડા પંથકમાં સતત બીજા દિવસે ઝાકળ વર્ષા

## ક્યાંક ખુશી તો ક્યાંક ગમ જેવો માહોલ

(પ્રતિનિધિ દ્વારા) મેંદરડા તા.૧૬

મેંદરડા પંથક સહિત સમગ્ર જિલ્લામાં હવામાનમાં સતત પલટા જોવા મળી રહ્યા છે. આજે સતત બીજા દિવસે પણ વહેલી સવારથી ભારે ઝાકળ વર્ષા નોંધાઈ હતી. બદલાતા વાતાવરણની અસર સીધી ખેતી પાકો પર જોવા મળી રહી છે, જેના કારણે ખેડૂતોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે.સ્થાનિક ખેડૂત પુત્ર પરસોતમભાઈ ઢેબરીયા જણાવે છે કે, ચાલુ વર્ષે રવિ પાકમાં ખેડૂતોને કમૌસમી અને ખરાબ હવામાન નડ્યું હતું. ઘઉં, ચણા અને ધાણા જેવા પાકોમાં ધાર્યું ઉત્પાદન મળ્યું નથી. જોકે, અત્યારે ખેડૂતોએ ઉનાળુ પિયતમાં તલ, મગ અને અડદ જેવા પાકોનું વાવેતર કર્યું છે.હાલની ઝાકળ વર્ષા ઉનાળુ પાક માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

જીવાત સામે રક્ષણ: ઝાકળને કારણે તલ અને મગમાં આવતી 'ચુસીયા' પ્રકારની જીવાત સામે કુદરતી રક્ષણ મળે છે, જે પાકની વૃદ્ધિમાં મદદરૂપ થાય છે.એક તરફ ઉનાળુ પાકને ફાયદો છે, તો બીજી તરફ આંબાવાડી ધરાવતા ખેડૂતો માટે આ ઝાકળ મુસીબત બનીને આવી છે.વધુ પડતી ઝાકળને કારણે આંબા પર આવેલ ફૂલ-ફાલ (મોર) ખરી રહ્યા છે.ઉત્પાદન ઘટવાની ભીતિ: ઝાકળના કારણે નાની ખાખડીઓ પણ ખરી પડતી હોવાથી આ વર્ષે કેરીના ઉત્પાદનમાં મોટો ઘટાડો આવવાની શક્યતા સેવાઈ રહી છે.આમ, કુદરતના આ અનોખા મિજાજ વચ્ચે મેંદરડાનો ખેડૂત ક્યાંક રાહત તો ક્યાંક ચિંતા અનુભવી રહ્યો છે


(તસવીર: મહેશ કાનાબાર)

# માળીયાહાટીનામાં રામચંદ્રજી ભગવાનના મંદિરમાં શ્રી રામપારાયણ સપ્તાહનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

માળીયાહાટીના તા.૧૬

માળીયાહાટીનામાં માળેશ્વર મંદિર પાસે આવેલ શ્રી રામચંદ્રજી ભગવાનના મંદિરમાં આગામી તા. ૧૯ ગુરુવાર થી તા ૨૬ ગુરુવાર સુધી શ્રીરામ પારાયણ સપ્તાહ નું આયોજન કરવામાં આવેલ છે. શ્રી રામ પારાયણ સપ્તાહના વક્તા પદે રામ મંદિરના મહંત કનુ બાપુ નિમાવત બિરાજી પોતાની મધુર વાણીથી કથાનું રસપાન કરાવશે કથા નો સમય સવારના ૦૯: થી ૧૨ અને બપોરના ચાર થી છ નો રાખેલ છે.

કથા દરમિયાન આવતા તમામ ઉત્સવો ખૂબ જ ધામધૂમ થી ઉજવાશે રામનવમી ના દિવસે તારીખ ૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ વાગે મહાપ્રભુશ્રી રામચંદ્રજી ભગવાનનો જન્મ દિવસ ખૂબ જ ધામધૂમ થી. ઉજવાશે અને સાંજે ૬ વાગે કથાની પુણાવતી થાશે તો આ કથાનો લાભ લેવા ધર્મ પ્રેમી ભાઈઓ અને બહેનોએ પધારવા રામ મંદિરના પૂજારી ભીખુ બાપુ નિમાવતે એક યાદીમાં જણાવ્યું છે.

# ગઢડામાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામ નવમીએ શોભાયાત્રા યોજાશે: કાર્યાલય ખુલ્લું મૂકાયું

## ધાર્મિક અવસરો સિવાય પણ ધર્મ દૈનિક જીવનનો ભાગ બને તે જરૂરી: અધ્યાત્મસ્વરૂપદાસજી

(પ્રતિનિધિ દ્વારા)

ગઢડા(સ્વામીના) તા.૧૬

શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા જુદા જુદા ધાર્મિક અવસરો સાથે રામ નવમીના દિવસે ભવ્ય રીતે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે યોજાનાર પાંચમી શોભાયાત્રા માટે સાધુ સંતો અને આગેવાનોની હાજરીમાં કાર્યાલય ખુલ્લું મૂકાયું હતું. આ કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે સાધુ-સંતો અને આગેવાનો દીપ પ્રાગટ્ય કરી કાર્યાલયને ખુલ્લું મૂક્યું હતું. તેમજ દરેક સમાજના પ્રતિનિધિઓને સત્કારવામાં આવ્યા હતા. આ ધાર્મિક પ્રસંગે સંતોએ પ્રભુ શ્રીરામની શોભાયાત્રા માત્ર ઉત્સવ નથી, પણ હિન્દુ સમાજની એકતા અને ભક્તિનું પ્રતીક હોવાનું જણાવી ધાર્મિક અવસરો સિવાય પણ ધર્મ દૈનિક જીવનનો ભાગ બને તે માટે ટકોર કરી હતી. આ કાર્યક્રમમાં ગઢડા શહેર અને તાલુકાના વિવિધ રાજકીય પક્ષોના હોદ્દેદારો, સામાજિક સંસ્થાઓના આગેવાનો અને રામભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે ઉપસ્થિત લોકોએ શોભાયાત્રાને વધુમાં વધુ ભવ્ય બનાવવા સહકારની ખાતરી આપી હતી. આ પાંચમી શોભાયાત્રા ૨૬ માર્ચ, ગુરુવારે બપોરે ૪-૦૦ કલાકે અંબાજી ચોક, મઘરપાટથી પ્રસ્થાન કરી પરંપરાગત રૂટ વાઢાળા ચોક, માણેકચોક, જૂનામંદિર, બોટાદ ઝાંપા, ચાર રસ્તા, જીન નાકા થઈને અંબાજી ચોક ખાતે સાંજે વિસર્જન પામશે. આ શોભાયાત્રામાં વિવિધ ફ્લોટ્સ, રથ, ધૂન-ભજનની મંડળીઓ અને શસ્ત્ર પ્રદર્શન આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.


(તસવીર: પ્રભાકર મોદી)

# પીજીવીસીએલ કચેરી દ્વારા માળીયાહાટીના વિસ્તારમાં ડીસ કનેક્શન ડ્રાઈવ

(પ્રતિનિધિ દ્વારા)

માળીયાહાટીના તા.૧૬

માળીયાહાટીના પીજીવીસીએલ કચેરી નીચે આવતા વીજ કનેક્શન ધરાવતા વીજ ગ્રાહકોને માળિયા હાટીના પીજીવીસીએલ કચેરી દ્વારા આઠ દિવસ પેલા વીજ ગ્રાહકો ને ચેતવણી આપવામાં આવી હતી કે જે કોઈ વીજ જોડાણ ધરાવતા ગ્રાહકોએ તાત્કાલિક પોતાનું બાકી વીજ બિલ ભરી જવું. જો બાકી વીજ બિલ ભરવા માં નહી આવે તો તારીખ ૧૭ ૩ ૨૦૨૬ ને મંગળવારથી સવારના પીજીવીસીએલની ટીમ વીજ કનેક્શન કાપવા માટે નીકળશે અને જે ગ્રાહકોએ પોતાનું વીજ વપરાશનું બિલ નહીં ભર્યું હોય એવા ગ્રાહકો ન વીજ જોડાણો તાત્કાલિક અસરથી કાપવામાં આવશે અને સ્થળ ઉપર બિલ સ્વીકારવામાં આવશે નહીં એવી ચેતવણી સ્થાનિક પીજીવીસીએલ કચેરી દ્વારા ગ્રાહકોને આપવામાં આવી છે. તેમ છતાં જે કોઈ વીજ ગ્રાહકો એ પોતાની વીજળી વપરાશનું બિલ નથી ભર્યું એવા ગ્રાહકો નું વીજ જોડાણ કાપવામાં આવશે.


(તસવીર: અનિલ કાનાબાર)

# ડોળાસા ગામે ઝાકળ, ધુમ્મસથી હાઈવે રોડ ધુંધળો બન્યો

આજે વહેલી સવાર થીજ ડોળાસા અને આજુબાજુ ના ગામોમાં ઝાકળ અને ધુમ્મસ છવાયો હતો.જે સાડા સાત વાગ્યા સુધી રહ્યો હતો.કોડીનાર તાલુકાના ના ડોળાસા વિસ્તાર માં આજે વહેલી સવાર થી ઝાકળ એવો હતો કે વાહન ચાલકો ને વાઇપર ચાલુ કરવા પડ્યા હતા.દિવસ આખો અસહ્ય ગરમી પડે છે.અને વહેલી પરોઢ ના ઝાકળ અને ધુમ્મસ ની સાથે ઠંડી અનુભવાય છે.આજે ડોળાસા હાઈવે ઉપર ઝાકળ નો પ્રકોપ એવો હતો કે દસ ફૂટ દૂર પણ કંઈ દેખાતું ન હતું.આ સ્થિતિ સવાર ના સાડા સાત વાગ્યા સુધી રહી હતી.દરેક વાહન ચાલકો એ લાઈટ ચાલુ રાખી સાવધાની થી વાહનો ચલાવ્યા હતા.સદભાગ્યે કોઈ અકસ્માત સર્જાયો ન હતો.

# ગોંડલના વાસાવડમાં સ્વ. મધુબેન પરમારના સ્મરણાંર્થે તા.૨૭મીથી ભાગવત જ્ઞાનયજ્ઞ

## સપ્તાહ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

(પ્રતિનિધિ દ્વારા) ગોંડલ તા.૧૬

ગોંડલના વાસાવડ ગામે સ્વ મધુબેન ધીરજલાલ પરમારના સ્મરણાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૨૭ ને શુક્રવારે બપોરે ૨ કલાકે ધીરજલાલ અરજણભાઈ પરમારના નિવાસસ્થાનેથી પોથીયાત્રા વાજતેગાજતે કથા સ્થળ અજમેરા પરિવારનું ગ્રાઉન્ડ બાબરા રોડ રાવણા ચોકડી ખાતે પહોંચશે પોથીયાત્રામાં આઇ વાલબાઈ માં શક્તિ ધામ રમેશપ્રગટ બાપુ મહંત રાંદલ દડવા નરસંગ બાપુ મહંત આપા માંગાની જગ્યા ઓમકારપરી બાપુ મહંત સુખનાથ મહાદેવ મંદિર ભાનુભાઈ જે જોષી નિવૃત્ત ઉઢજડ સુરત રમણીકભાઈ જાની (રમુદાદા) સુરત સહિતના સંતો મહંતોની ઉપસ્થિતિ રહેશે ૩/૩૦ કલાકે મહેમાનોનાં હસ્તે દિપ પ્રાગટય બાદ કથાનો પ્રારંભ થશે રામ જન્મ કૃષ્ણ જન્મ નંદ મહોત્સવ ગોવર્ધન પુજા રૂક્ષ્મણી વિવાહ સહિતના કાર્યક્રમો વિશ્વ પ્રસિધ્ધ ભાગવતાચાર્ય પ.પૂ. શરદભાઈ વ્યાસ (દાદા) ધરમપુર પોતાની પ્રભાવી વાણીમાં કથા શ્રવણ કરાવશે કથા દરમિયાન રાત્રિના દરરોજ દાંડીયા રાસ મહિલા સત્સંગ તેમજ તારીખ ૩૦ ને સોમવારે રાત્રે ૯ કલાકે મહેશભાઈ ગઢવી (ભુરા ભગત) ભજનીક કમલેશભાઈ વ્યાસ (સાહિત્યકાર) નીલેશબાપુ તથા ગૃપ (ઉસ્તાદ) ઉમેશ ભારથી (બેન્જો) પ્રણવભાઈ દવે (સાહિત્યકાર) દ્વારા ભજન સંતવાણીનો ભવ્ય કાર્યક્રમ યોજાશે કથાના આચાર્ય નિલેશભાઈ જોષી જીતેન્દ્રભાઈ જાનીની રૂપરેખા થકી સવારે ૯ થી ૧૧/૩૦ બપોરે ૩/૩૦ થી ૬ વાગ્યા સુધી વ્યાસપીઠના વક્તા કથા શ્રવણ કરાવશે કથા દરમિયાન બપોરે તેમજ સાંજે ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કથાનો લાભ લેવા ધીરજલાલ અરજણભાઈ પરમાર દ્વારા સર્વે ભગવદિય ભક્તો હરિભક્તો વૈષ્ણવો સહિતનાને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે


(તસવીર: શકીલ કાશમાણી)

# દીવમાં એઆઇ આધારિત ટ્રાન્સલેશનલ ટેકનોલોજી ઉપર યોજાયેલ કાર્યક્રમ

(પ્રતિનિધિ દ્વારા) દિવ તા.૧૬

પ્રીપલ આઇ.ટી. દીવ સેન્ટર ખાતે કેન્સર અને ક્રોવિડ રોગોમાં એ.આઇ. આધારીત ટ્રાન્સલેશનલ ટેકનોલોજી ઉપર યોજાયેલ કાર્યક્રમનું ઉદઘાટન ડિરેકટર પટણા પ્રોફેસર પી.કે. જૈન અને અધ્યક્ષ સ્થાને રહેલા પ્રીપલ આઇ.ટી. વડોદરાના ડાયરેકટર ધર્મેન્દ્રસિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધર્મેન્દ્રસિંહે જણાવ્યું કે ડોકટરો પાસેથી મળતી સચોટ મેડીકલ માહીતી અને સક્રિય સહભાગીતા સમાજ માટે ઉપયોગી એ.આઇ. સિસ્ટમ વિકસાવવા માટે અત્યંત જરુરી છે. અને મેડીકલ અને રિસર્ચ સમુદાયો વચ્ચે નજીકના સહકારની મહત્વતા પર ભાર મૂકયો હતો. ભારતભરના પ્રતિષ્જિત સંસ્થાઓ અને હોસ્પિટલોના નિષ્ણાંતોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.



# ગઢડા ધાર્મિક તહેવારો નિમિતે શાંતિ સમિતિની બેઠક

ગઢડા(સ્વામીના) શહેરમાં આગામી દિવસોમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના યોજાનાર તહેવારો બાબતે પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પી. એસ.આઈ. ગોહિલ તથા પી.એસ.આઈ. હેરમાના અધ્યક્ષ સ્થાને હિન્દુ - મુસ્લિમ સમાજના અગ્રણીઓ અને વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનો તથા રાજકીય સામાજિક આગેવાનોએ બેઠકમાં હાજરી આપી હતી. આ દરમિયાન આગામી રામ નવમીના દિવસે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા યોજાનાર શોભાયાત્રા તથા મુસ્લિમ સમાજના રમઝાન ઇદની ઉજવણી અંતર્ગત ચર્ચાઓ કરી જરૂરી સૂચનો અને સંકલન કરાયું હતું.

# અમરેલીમાં ૨૨મીએ સી.એમ અને પ્રદેશ પ્રમુખ આવી રહ્યા છે ત્યારે જિલ્લા ભાજપની આયોજન બેઠક મળી

## નવા માર્કેટયાર્ડમાં વિકાસકામોના ખાતમુહૂર્ત-લોકાર્પણ કરાશે

(પ્રતિનિધિ દ્વારા) અમરેલી તા.૧૬

આગામી તા.૨૨ રવિવારનાં રોજ સવારે રાજ્યનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ પ્રદેશ ભારતીય જનતા પાર્ટીનાં પ્રમુખ જગદીશ વિશ્વકર્મા પ્રદેશ અધ્યક્ષ બન્યાં બાદ પ્રથમ વખત અમરેલી પધારી રહ્યાં હોય, રાજ્યનાં શિર્ષ નેતૃત્વને આવકારવા અમરેલી જિલ્લા ભાજપનાં મુખ્ય આગેવાનોની એક અગત્યની બેઠક હોટલ એન્જલ લોર્ડઝ ખાતે રાખવામાં આવી હતી.જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીના પ્રમુખ સ્થાને યોજાયેલ આ બેઠકમા કાયદો અને ન્યાય, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્ય મંત્રી કૌશિક વેકરિયા, ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, અમરેલીના સાંસદ ભરત સુતરિયા, જિલ્લા ભાજપનાં સંગઠન પ્રભારી અભયસિંહ ચૌહાણ, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, સહકારી અગ્રણી પી. પી. સોજીત્રા, ડો. ભરતભાઈ કાનાબાર સહીતે માર્ગદર્શન આપેલ હતું.રાજ્યનાં નમૂનેદાર અદ્યતન માર્કેટ યાર્ડમાં શેડનું લોકાર્પણ અને વર્ષોથી અધુરા રહેલાં બાયપાસ રોડને પુર્ણ કરવાનાં ખાતમુહૂર્ત સહિત જનસેવાના વિવિધ કાર્યો માટે અમરેલીને આંગણે પધારી રહેલાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, કેબિનેટ કૃષિમંત્રી અને અમરેલી જિલ્લાનાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીને વધાવવા જિલ્લા ભાજપ દ્વારા આયોજન બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલિયા, પૂર્વ પ્રમુખ પ્રાગજીભાઈ હીરપરા, પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, મહિલા મોરચાનાં ભાવનાબેન ગોંડલિયા, શૈલેષભાઈ સંઘાણી સહીત જિલ્લા ભાજપનાં હોદ્દેદારો, પ્રદેશના પૂર્વ હોદ્દેદારો, મોરચાનાં પ્રમુખ-મહામંત્રીઓ, જિલ્લા પંચાયતનાં પૂર્વ સદસ્યો, જિલ્લાનાં વિવિધ મંડળોનાં પ્રમુખ-મહામંત્રીઓ, સહકારી અગ્રણીઓ, અમરેલી પાલિકાનાં પૂર્વ સદસ્યો સહિત સિનિયર આગેવાનોની ઉપસ્થિતમાં કાર્યક્રમને સફળ બનાવવા આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.આ બેઠકમાં કાર્યક્રમની રૂપરેખા મહામંત્રી રાજુભાઈ ભુતૈયાએ તથા આભાર વિધિ મહામંત્રી મયુરભાઈ માંજરિયા દ્વારા કરવામાં આવી હતી, કાર્યક્રમનું સંચાલન દિવ્યેશ વેકરિયાએ કર્યુ હતું.



(તસવીર: મિલાપ રૂપારેલ)


(તસવીર: કમલેશ મહેતા)

# મેંદરડામાં નથવાણી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા' આરોગ્ય સેવા યજ્ઞ' યોજાયો

## નેત્ર નિદાન, આયુર્વેદિક અને એનસીડી કેમ્પનો ત્રિવેણી સંગમ રણછોડદાસ બાપુ હોસ્પિટલનો સહયોગ રહ્યો

(પ્રતિનિધિ દ્વારા)

મેંદરડા તા.૧૬

''માનવ સેવા એજ પ્રભુ સેવા'' ના ઉમદા સૂત્રને સાર્થક કરવાના આશય સાથે, જિલ્લા અંધત્વ નિવારણ કાર્યક્રમ અંતર્ગત મેંદરડા ખાતે એક વિશાળ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. નથવાણી ચેરીટેબલ ટ્રસ્ટ-મેંદરડા તથા રણછોડદાસ બાપુ આઈ હોસ્પિટલ-રાજકોટ ના સંયુક્ત ઉપક્રમે આજે તા ૧૬/૩ સોમવાર ના રોજ નથવાણી કોમ્યુનિટી હોલ, આઝાદ ચોક ખાતે આ સેવા કાર્ય સંપન્ન થયું હતું.આજના આ કેમ્પના મુખ્ય આર્થિક દાતા સ્વર્ગસ્થ ડોક્ટર ભાનુમતિબેન હર્ષદભાઈ અજમેરા (મેંદરડા વાળા) રહ્યા હતા. તેમના સ્મરણાર્થે રવિભાઈ, હેતલબેન, ડોલીબેન તથા મહેકબેન અજમેરાના વિશેષ આર્થિક સહયોગથી આ ભવ્ય આયોજન શક્ય બન્યું હતું.

નેત્ર નિદાન અને સારવાર કેમ્પ દરમિયાન કુલ ૨૫૦ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૮૫ દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર જણાતા, તમામ દર્દીઓને સંસ્થા દ્વારા બપોરનું ભોજન કરાવી સ્પેશિયલ બસ મારફતે રાજકોટ રણછોડદાસ બાપુ હોસ્પિટલ ખાતે રવાના કરવામાં આવ્યા હતા.એનસીડી સેલ દ્વારા તપાસ: સામુહિક આરોગ્ય કેન્દ્ર, મેંદરડા હસ્તક કાર્યરત ''એન.સી.ડી. સેલ'' દ્વારા કેમ્પમાં આવેલા તમામ લાભાર્થીઓ માટે સ્થળ પર જ ડાયાબિટીસ તથા બીપી (લોહીનું દબાણ) ના ફ્રી નિદાનની વ્યવસ્થા કરવામાં આવી હતી.આયુર્વેદિક કેમ્પ: નેત્ર નિદાનની સાથે જ યોજાયેલ આયુર્વેદિક કેમ્પમાં પણ ૧૫૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો અને જરૂરી દવાઓ વિનામૂલ્યે આપવામાં આવેલ.


(તસવીર: અનિલ કાનાબાર)

# ડોળાસા નજીકના સોનપરા ગામે હનુમાનજીની મૂર્તિ પ્રતિષ્ઠા કાર્યક્રમ સંપન્ન

## ગામ સમસ્ત સમૂહ પ્રસાદ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા) ડોળાસા તા.૧૬

ડોળાસા નજીક ના સોનપરા ગામે હનુમાનજી ની મૂર્તિ પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાયો હતો. આ નિમિત્તે ગામ સમસ્ત સમૂહ પ્રસાદ યોજાયો હતો.ગીર ગઢડા તાલુકા સોનપરા ગામના રામ મંદિર ખાતે રામ દરબારની હનુમાનજીની મૂર્તિ કોઈ કારણસર ખંડિત થઈ હતી.ગામ સમસ્ત હનુમાનજીની મૂર્તિ પ્રતિષ્ઠા યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.તે અનુસંધાને ગત તા.૧૫/૩ નારોજ રામ મંદિર ખાતે હનુમાનજી ની મૂર્તિ પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાયો હતો.યજ્ઞ દરમ્યાન ગામ ના આઠ નવ દંપતીઓ યજમાન બન્યા હતા. શાસ્ત્રી ચંદ્રકાંતભાઈ જોશી દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. સાંજે મહા આરતી બાદ ગામ સમસ્ત સમૂહ પ્રસાદ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમ સફળ બનાવવા ગામના કિશનભાઇ ડોડીયા- બાબુભાઈ ગોહિલ- ભગવાનભાઈ પોરિયા- રાણાભાઇ રાઠોડ તેમજ ગામના તમામ સમાજના અગ્રણીઓ અને યુવાનો એ ખૂબ જ જહેમત ઉઠાવેલ અને તમામ ગ્રામજનો ના સહિયોગ થી આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# જામનગરમાં ૧૯મીએ ન ભૂતો ન ભવિષ્યતિ પરશુ દિક્ષા અપાશે

## સમસ્ત બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા પરશુરામ જન્મોત્સવની સપ્તાહ સુધી ઉજવણી થશે; પરશુરામ એવોર્ડ ૨, શ્લોક સ્પર્ધા, એજયુકેશન સેમિનાર સહિતના કાર્યક્રમો યોજાશે

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા.૧૬

જામનગર શહેરમાં ભૂદેવોના આરાધ્ય દેવ ચિરંજીવી ભગવાન શ્રી પરશુરામજીના જન્મોત્સવ નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ- જામનગર દ્વારા આગામી તા. ૧૨ થી ૧૯ એપ્રિલ સુધી ના એક સપ્તાહ દરમિયાન વિવિધ પ્રકારના કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવશે.સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ જામનગર દ્વારા તા.૧૨.૦૪.૨૬ ના રોજ '' પરશુરામ એવોર્ડ -૨ '' અને ''માં બાપ ને ભુલશો નહીં'' દિકરીઓ દ્વારા નાટક રજૂ કરવામાં આવશે સમસ્ત બ્રહ્મસમાજ પરિવાર માટે વિવિધ પ્રકારની કેટેગરીમાં પરશુરામ એવોર્ડ એનાયત કરવામાં આવશે. પરશુરામ એવોર્ડ બાબત ની વધુ વિગત માટે સંસ્થાના મોબાઈલ નંબર ૯૦૯૯૦૯૫૧૮૬ નંબર મેસેજ મારફત વધુ માહિતી મેળવી શકાશે.ત્યાર પછી તા.૧૩ અને ૧૪ એપ્રિલ એમ બે દિવસ માટે બ્રહ્મસમાજના યુવાનો માટે બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું પણ આયોજન કરવામાં આવ્યું છે. અને તા.૧૫.૪.૨૬ ના રોજ સંસ્થા દ્વારા નિ:શુલ્ક પક્ષીઓ માટે પાણી ના કુંજા અને શહેર ને હરિયાળું બનાવવા માટે ફલ ઝાડ ના રોપા વિતરણ શહેરના ડીકેવી સર્કલ ખાતે સાંજે ૫ થી ૭ દરમિયાન કરવામાં આવશે.

જે પછી તા.૧૬.૦૪.૨૬ ના દિવસે સમસ્ત બ્રહ્મસમાજના બાળકો માટે શ્લોક સ્પર્ધા અને ભારતીય સંસ્કૃતિ મુજબ વેલ ડ્રેસ સ્પર્ધા નું આયોજન પણ કરાયું છે. તેમજ તા.૧૭.૦૪.૨૬ના રોજ મહિલા પાંખ દ્વારા ફકત બ્રહ્મસમાજના બહેનો માટે ઓપન જામનગર જામનગરી બાંધણી, ચુડલા અને ઉનાળુ કોલ્ડ્રીંક્સ ની એમ ત્રણ હરીફાઈ રાખવામાં આવી છે. એક હરીફાઈમાં ભાગ લેવા માટે માત્ર ૩૦ રૂપિયા ચાર્જ રાખવામાં આવ્યો છે. વધુ વિગત માટે ૬૩૫૯૬૪૮૮૭૯, ૯૩૭૭૩૬૮૩૬૯ નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.ત્યાર પછી તા.૧૮.૦૪.૨૬ સર્વ જ્ઞાતીના વિધાર્થીઓ માટે એજ્યુકેશન સેમિનાર યોજાશે. આ સેમિનારમાં વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને એજ્યુકેશન અંગે મુંઝવતા પ્રશ્નો નું એક્સપર્ટ દ્વારા નિરાકરણ વગેરે એજ્યુકેશન બાબતની માહિતી આપવામાં આવશે.

જ્યારે તા.૧૯.૦૪.૨૬ના દિવસે પરશુરામ જન્મોત્સવના પાવન અવસરે ભગવાન શ્રી પરશુરામજી નું પુજન તથા જામનગરના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત 'પરશુ દીક્ષા' નું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મહાપ્રસાદનું પણ આયોજન કરાયું છે. આ ઉજવણી અંતર્ગત સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ દ્વારા એક લાખ ફુલ સ્કેપ ચોપડાનું રાહત દરે વિતરણ નું પણ સાથે અનાવરણ કરવામાં આવશે.જામનગર શહેર સહિત જીલ્લામાં વસવાટ કરતા સમસ્ત બ્રહ્મસમાજના પરિવારને આ ઉજવણીમાં સામેલ થવા સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ ની સમગ્ર ટીમ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.ઉપરોક્ત તમામ કાર્યક્રમમાં ભાગ લેવા માટે વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત છે. આ ઉજવણી અંતર્ગત ની વધુ માહિતી માટે ૯૦૯૯૦૯૫૧૮૬, ૯૯૨૫૨૦૭૭૮૭, ૯૪૨૬૯૬૩૨૮૦ ઉપર સંપર્ક કરવા સંસ્થાની યાદીમાં જણાવાયું છે.


(તસવીર: પરેશ ફલીયા)

# રાજકોટમાં વિવાદીત યુવકની બેરહેમી પૂર્વક હત્યા પાછળનું કારણ અકબંધ તપાસ શરૂ

## હત્યારો ના પકડાઇ ત્યાં સુધી મૃતદેહ નહીં સ્વીકારવા પરિવાર મક્કમઃ મૃતક ભાવેશ વાણવી સામે પણ ઘણા ગુના ૧ માસ પૂર્વે જ પાસામાંથી જેલ મુક્ત થયો હતો

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ, તા.૧૬

રાજકોટમાં ગઈકાલે રાત્રે રૈયા રોડ, ડ્રીમ સિટી નજીક જલારામ ચોક પાસે ખૂની ખેલ ખેલાયો હતો. જેમાં કાકા ભાવેશભાઈ ડાયાભાઈ વાણવી (ઉંમર વર્ષ ૩૨)નું મોત નીપજ્યું હતું જ્યારે તેના ભત્રીજા પ્રિન્સ સુનિલભાઈ વાણવી (ઉંમર વર્ષ ૧૭, રહે.બંને મણિનગર, રૈયા વિસ્તાર, નાણાવટી ચોક, રાજકોટ)ને ઈજા પહોંચી હતી.


તસવીરઃ પ્રવીણ સેદાણી

યુનિવર્સીટી પોલીસે ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૦૯, ૧૧૮(૧), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૧૮૯(૨) ૧૮૯(૪), ૧૪૦ ( ૩) તથા અનુસુચીત અને અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનીયમ ૧૯૮૯ ની કલમ ૩(૨)(૫) મુજબ ગુનો દાખલ કર્યો છે. જેમાં જણાવેલ છે કે, આરોપી હમીર જોગરાણાનો ચીચોડો રાખવા બાબતે ઇજાપામનાર ભાવેશભાઈએ આર.એમ.સી. માં અરજી કરેલ હોય જે બાબતનો

(અનું. આઠમાં પાને)

# સૌરાષ્ટ્ર-કચ્છમાં કાલથી ત્રણ દિવસ માવઠાની આગાહી

## સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર-સોમનાથ, બોટાદ અને દીવમાં ખેડુતોમાં ચિંતા ફેલાઈ

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

ઉનાળાના પ્રારંભે સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમીએ તમામ રેકોર્ડ તોડ્યા છે. ત્યારે રાજ્યના હવામાન વિભાગે સૌરાષ્ટ્ર-કચ્છમાં કાલથી ત્રણ દિવસ માવઠાની આગાહી કરતા સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, મોરબી, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને દીવના ખેડુતો ચિંતાતુર બન્યા છે.

રાજ્યમાં ઉનાળાના પ્રરંભે આકરી ગરમી પડી હતી. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના તમામ શહેરોમાં તાપમાનનો પારો ૩૯ ડિગ્રીએ પહોંચી ગયો હતો. આકરા તાપથી નગરજનો અકળાઈ ઉઠ્યા છે. ત્યારે હવે હવામાન વિભાગે માવઠાની આગાહી કરતા ખેડુતોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છના વાતાવરણમાં ગત શનિવારથી પલટો આવ્યો છે. ધ્રાબળિયું વાતાવરણનો અનુભવ નગરજનો કરી રહ્યા છે. સોમવારે સવારે સૌરાષ્ટ્ર-કચ્છના અનેક શહેરોમાં ઝાંકળ વર્ષા થઈ હતી. તેમજ સવારે અને મોડી રાત્રે ઠંડીનો ચમકારો લોકોએ અનુભવ્યો હતો.

(અનું. આઠમાં પાને)

**ક્યા શહેરમાં કેટલુ તાપમાન**

| શહેર | તાપમાન |
|---|---|
| અમરેલી | ૩૬.૯ |
| ભાવનગર | ૩૪.૭ |
| ભૂજ | ૩૭.૭ |
| દીવ | ૩૦ |
| દ્વારકા | ૩૧ |
| કંડલા | ૩૩.૫ |
| નલિયા | ૩૪ |
| ઓખા | ૩૧.૪ |
| પોરબંદર | ૩૨.૫ |
| રાજકોટ | ૩૮.૩ |
| વેરાવળ | ૩૦.૪ |

અભિનંદન



ભાવેશ એસ. લાખાણી

વિશ્વભરના ગુજરાતીઓની આંતરરાષ્ટ્રીય એકમાત્ર અધિકૃત સંસ્થા 'વિશ્વ ગુજરાતી સમાજ'ના પ્રમુખ તરીકે જવાબદારી સંભાળવા બદલ ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ...

વિનોદભાઈ રબારા
વિન્સર ઈન્ફ્રાસ્ટ્રક્ચર

H J DOSHI HOSPITAL
Trusted Health Partner Since 1989

3 દાયકાનો અતૂટ વિશ્વાસ અને આધુનિક ટેકનોલોજીનો સાથ!

એચ. જે. દોશી હોસ્પિટલમાં સાત નવા સુપર-સ્પેશિયાલિટી ઓપરેશન થિયેટરની શરૂઆત સાથે... હવે દરેક પ્રકારની સર્જરી બની છે વધુ સુરક્ષિત અને એડવાન્સ!

તમારા સ્વાસ્થ્ય માટે અમારી નવી સુવિધાઓ:



- ૭ (સાત) લેટેસ્ટ ટેકનોલોજીથી સજ્જ ઓપરેશન થિયેટર્સ
- સુપર-સ્પેશિયાલિટી પ્રક્રિયાઓ અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ માટે સજ્જ
- ઉચ્ચતમ સ્તરની સલામતી, સ્વચ્છતા અને ઇન્ફેક્શન કંટ્રોલ
- પોસાય તેવા ખર્ચે (affordable) શ્રેષ્ઠ સારવાર આપવાની પ્રતિબદ્ધતા


નિષ્ણાત ડોક્ટર્સની ટીમ અને શાંતિદાયક હરિયાળા વાતાવરણ સાથે, અમે આપીએ છીએ, ઝડપી રિકવરીનો વિશ્વાસ.

HELPLINE : 72111 40116/7/8 EMERGENCY : 98 2496 2496

Malaviya Nagar, Gondal Road, Rajkot 360004. www.hjdoshihospital.org

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# સમાન તક અને સમરસતા દ્વારા વિકસિત ગુજરાતનું નિર્માણ



## સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે કુલ ₹7,086 કરોડની જોગવાઈ

- પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય આપવા ₹617 કરોડની ફાળવણી
- આવાસ યોજનાઓ હેઠળ લાભાર્થીઓને મકાન સહાય માટે ₹375 કરોડનું આયોજન
- સંત સુરદાસ યોજના તેમજ વિવિધ આર્થિક સહાય યોજના હેઠળ કુલ ₹249 કરોડની જોગવાઈ
- વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત 4 ટકાના દરે વ્યક્તિદીઠ 15 લાખ સુધીની લોન આપવા ₹135 કરોડની ફાળવણી
- મફત (પોષણ) તબીબી સહાય યોજના અંતર્ગત ₹143 કરોડની જોગવાઈ
- અનુસૂચિત જાતિના આશરે 1 લાખ 45 હજાર વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજના માટે ₹296 કરોડની ફાળવણી



વિકસિત ભારત
ગુજરાત બજેટ 2026-27
વિકસિત ગુજરાત

"સમાજના દરેક વર્ગનું સન્માન, શિક્ષણ અને આર્થિક ઉત્કર્ષ એ જ અમારી સરકારનો મૂળ મંત્ર છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું આ બજેટ છેવાડાના માનવીને સશક્ત કરી, 'સમરસ અને વિકસિત ગુજરાત'ના નિર્માણને નવી ગતિ આપશે"

- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

પ્રયાસ દૈનિકનાં જન્મદિવસે ખૂબ ખૂબ શુભેચ્છા...

CREDAI
RAJKOT BUILDERS ASSOCIATION
RBA
Realty for Better Life
Rajkot Builders Association

Paresh Gajera – President
Amit Trambadia – Chairman
Dilip Ladani – Vice President
Dhruvik G. Patel – Vice President
Sujit Udani – Secretary
Sanjay Savaliya – Joint Secretary
Rajdeepsinh Jadeja – Treasurer
Vikrant Shah – Joint Treasurer

:: Board Member ::
Amit Raja, Jitu Kothari, Anil Jethani
Mihir Maniyar, Nikhil Patel, Ashish Mehta
Dharmesh Jivani, Ketan Sorathiya, Randhirsinh Jadeja
Hardik Sheth, Chetan Rokad

:: Invitee Youth Board Member ::
Rushit Govani, Aditya Lakhani, Gopi Patel
Pruthavirajsinh Rana, Rajendra Sonvani, Parth Talaviya
Divya Patel, Chirag Lakhani, Kishan Kotecha

:: Youth Wing Convenor ::
Niraj Bhimjiyani, Pritesh Patel, Samir Hansalia
Bharat Sonvani, Dishit Pobaru, Dhaval Humbal

305-Pragati Complex, 150 Feet Ring Road, Opp. Amin Marg, Rajkot-360 005.
Ph.: 0281 - 2573563 Web : www.rajkotbuildersassociation.com

# રાજકોટના વેપારી સાથે સાયબર ફ્રોડ કરી ૧૯.૯૯ લાખ ઉપાડી લેનાર ત્રીપુટી ઝડપાઇ

## ૭.૪૪ લાખનો મુદામાલ કર્યો કબજે





(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ. તાં.૧૬

રાજકોટના વેપારીના બેંક એકાઉન્ટના એક્સેસ મેળવી ગઠિયાએ રૂ.૧૯.૯૯ લાખ ઉપાડી લેતાં એક્શનમાં આવેલ રાજકોટ સાયબર ક્રાઈમની ટીમે ગણતરીની કલાકોમાં મુખ્ય સૂત્રધાર ઉના અને રાજકોટના ત્રણ શખ્સોને દબોચી રૂ.૭.૪૪ લાખ રિકવર કર્યા, જ્યારે અન્ય શખ્સોની હજું શોધખોળ હાથ ધરી છે.બનાવ અંગે ગોંડલના ગોમટા ગામે રહેતાં ખુરબાન વાગાભાઈ ડામરા (ઉ.વ.૨૬) એ ઓ તરીકે વિનોદ તારાચંદ જેઠવાણી (રહે. ઉના, ગીર સોમનાથ) અને રોનક વિનોદ જેઠવા (રહે. રાજકોટ) સહિતના શખ્સોનું નામ આપતાં સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ રાજકોટમાં રાજપૂતપરા મેઈન રોડ પર આવેલ ખોડિયાર ચેમ્બરમાં ઓમ એન્ટરપ્રાઇઝ નામની ઓફિસમાં બેસી વેપાર કરે છે. તેઓ અહીં એકલા રહે છે. તેમનો પરિવાર મધ્યપ્રદેશ રહે છે. તેઓ એ.પી.એમ.સી. વિછીયા ખાતેની પેઢી સાથે નાણાકીય વ્યવહાર કરી કૃષિ ઉત્પાદનોની લે-વેચમાં કમિશન એજન્ટ તરીકે વેપાર કરે છે.

ગઈ તા.૦૫ ના પેઢીમાં કામ કરતા વિમલભાઈ કાથરોટીયાને બેંકમાં અન્ય પેઢીને ચુકવણી કરવા માટે છાત્રજ્રજકરવા મોકલેલ હતા. તે સમયે બેંક દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, તમારા ખાતામાં પુરતું બેલેન્સ નથી અને હાલમાં કુલ રૂ.૧૯,૯૯,૪૦૦ ના ત્રણ અલગ અલગ ટ્રાન્ઝેક્શન થયેલ છે. જેથી ઓફિસ ખાતે તપાસ કરતા જાણવા મળ્યું કે, ટ્રાન્ઝેક્શન તેઓ દ્વારા કરેલ નથી અને જાણ બહાર નાણા ઉપડી ગયેલ છે. જે નાણાં કોમ્પ્યુટર રિસોર્સિસનો ઉપયોગ કરી નેટ બેંકિંગ તથા ઈમેલ આઈડીનો ગેરકાયદેસર રીતે એક્સેસ મેળવી બેંકના ઓટીપી અપ્રમાણિક રીતે મેળવી ખાતામાંથી કુલ રૂ.૧૯,૯૯,૪૦૦ ઉપાડી સાયબર ફ્રોડ આચરતાં સાયબર ક્રાઈમ હેલ્પલાઇન ૧૯૩૦ પર કોલ કરી અરજી નોંધાવેલ હતી.

બાદમાં તેઓએ બેનીફિશિયરી એકાઉન્ટ અંગે તપાસ કરતા જાણવા મળ્યું કે, તે એકાઉન્ટ પંજાબ નેશનલ બેંકમાં નિશી ફેશન નામે છે, તેના પ્રોપ્રાયટર વિનોદ તારાચંદ ભોજવાણી તેમના સંપર્ક કરતાં તેમણે જણાવેલ કે, નાણા રાજકોટના રોનક જેઠવા દ્વારા ખાતામાં જમા કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ વિનોદ ભોજવાણી દ્વારા કુલ રૂ.૧૯.૬૦ લાખ આંગળિયા પેઢી દ્વારા રોનક જેઠવાને મોકલી આપી તેમાંથી રૂ.૩૯,૪૦૦ કમિશન તરીકે રાખવામાં આવેલ હતા. જે બનાવ અંગે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી. બનાવની ગંભીરતા પારખી ઉચ્ચ પોલીસ અધિકારીઓએ નાગરિકો સાથે થતા સાયબર ફ્રોડના ગુનાઓના આરોપીઓને પકડી પાડવાની આપેલ સૂચનાથી આ ગુનાની તપાસ દરમ્યાન સાયબર ક્રાઈમ પીઆઈ એમ.એ. ઝણકાત તથા ટીમ દ્વારા ટેકનિકલ એનાલિસિસ તથા માનવ ગુપ્ત માહિતીના આધારે ગુનામાં સંડોવાયેલા વિનોદ તારાચંદ ભોજવાણી (ઉ.વ.૪૩, રહે. ઉના), યશ પ્રફુલ જાદવ (ઉ.વ.૨૪, રહે.નવો ૧૫૦ ફૂટ રીંગ રોડ, હોટલ રોયલ રીટ્રીટ પાછળ, વર્ધમાન નગર, રાજકોટ) અને મહમ્મદદાનિશ મોહમ્મદસિદ્દિક સિપાઈ (ઉ.વ.૨૦),(રહે - બાપુનગર, આંબલિયા એજ ઝોન વારી શેરી, સરકારી ક્વાર્ટર, રાજકોટ) ને ઝડપી પાડી તેમની પાસેથી તથા ગુનામાં સંકળાયેલ નાણાંમાંથી પ્રારંભિક તબક્કામાં કુલ રૂ.૭,૪૪,૪૦૦ ની રીકવરી કરવામાં આવેલ છે. આ તપાસ દરમ્યાન જાણવા મળેલ કે, આરોપી વિનોદ ભોજવાણીના બેંક ખાતામાં ફ્રોડના નાણા જમા થયેલ હતા અને તે નાણા ઉપાડી અન્ય વ્યક્તિઓ સુધી પહોંચાડવામાં આવેલ હતા.આરોપી યશભાઈ જાદવ દ્વારા સહઆરોપી સાથે મળીને ફ્રોડના નાણા એક જગ્યાથી બીજી જગ્યાએ પહોંચાડવામાં મદદ કરવામાં આવેલ હતી અને બદલામાં કમિશન મેળવેલ જ્યારે આરોપી મહમ્મદદાનિશ સિપાઈ આ ફ્રોડના નાણાંની લેવડદેવડમાં સંકળાયેલ હતો તથા તેને ફ્રોડના નાણામાંથી ભાગ મળેલ હોવાનું તપાસ દરમ્યાન સામે આવેલ છે.



## બ્રહ્મસમજ તથા જોષી પરીવારનું ગૌરવ

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

મનિષ એડ્સનાં કર્મચારી દિનેશભાઈ જોષીની પુત્રી દિયા દિનેશભાઈ જોષીએ જાન્યુઆરી-૨૦૨૬ માં ધ ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડીયા દ્વારા લેવાયેલ સીએ ફાઉન્ડેશનની પરિક્ષા પ્રથમ પ્રયાસે સફળતાપુર્વક ઉત્તિર્ણ કરી બ્રહ્મસમાજ તથા જોષી પરિવારનું ગૌરવ વધારેલ છે. દિયાએ જણાવ્યું હતું કે મારા ઉજ્જવળ ભવિષ્ય માટે મારા માતા પિતાનો સહયોગ અનેરો છે. વિદ્યાર્થીની આ મહેનત પાછળ તેના માતા -પિતા, બ્રહ્મસમાજ અને શિક્ષકોએ પણ ભોગ આપ્યો છે. આ પરિક્ષા પાસ કરતા દિયા જોષીને કુટુંબીજનો, મિત્રવર્તુળ, સ્નેહીજનોએ શુભેચ્છા પાઠવી હતી.

# રાજકોટમાં પોલીસના નાઈટ કોમ્બીંગ દરમ્યાન છરી સાથે રખડતા ૧૨ ઝડપાયા

## જુદા જુદા વિસ્તારમાં પીધેલા ૧૮ પકડાયા

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૧૬

ગઈકાલે રાતે રૈયાધાર વિસ્તારમાં જલારામ ચોક નજીક યુવકની હત્યા કરવામાં આવી હતી, ત્યારે જ પોલીસને કોમ્બિંગ નાઈટ દરમિયાન છરી સાથે રાખી રખડતાં ૧૨ શખ્સોને અને નશાની હાલતમાં નીકળેલા ૧૮ નસેડીઓને ઝડપી લીધા હતા. ઝડપાયેલા તમામ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.શહેરમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા સમયાંતરે કોમ્બિંગ નાઈટ યોજવામાં આવે છે. આ દરમિયાન ગઈકાલ રાત્રિના પોલીસ દ્વારા કોમ્બિંગ નાઈટ કરવામાં આવી હતી જેમાં ૩૦ શખસો પોલીસની ઝપટે ચડી ગયા હતા. પોલીસે છરી સાથે ૧૨ શખસો અને દારૂ પી નીકળેલા ૧૮ શખસોને ઝડપી લીધા હતા.શહેરમાં સામાન્ય બાબતમાં છરી સહિતના હથિયારો વડે હુમલા કરી હત્યા સુધીના બનાવો બની જતા હોય છે.જેમાં ભક્તિનગર પોલીસે જંગલેશ્વર મેઈન રોડ રાધાકૃષ્ણનગર પાસેથી રવિ લક્ષ્મણભાઈ દલસાણીયાને, એ ડિવિઝન પોલીસે ભીલો રાજુભાઈ ચારોલીયાને ,રાજકોટ તાલુકા પોલીસે મવડી કણકોટ રોડ પાસેથી દર્શન ભાનુશંકરભાઈ મહેતા, નાના મવા રોડ પાસેથી જગદીશ ઉર્ફે જગો રાજુભાઈ સાડમિયા તેમજ ધ્રુવતસિંહ દિલીપસિંહ વાઘેલાને,ગાંધીગ્રામ પોલીસે ગૌતમ ભિખુભાઈ રામાણીને યુનિવર્સિટી પોલીસે ગંગોત્રી પાર્ક પાસેથી અજીતસિંહ પ્રવિણસિંહ તોમરને, પ્રનગર પોલીસે નરસંગપરા જુની કલેક્ટર ઓફિસ પાછળથી કાર્તિક મહેશભાઈ સોલંકીને,બી ડિવિઝન પોલીસે ભગવતીપરા મેઈન રોડ મોર્ડન સ્કૂલ પાસેથી હનીફ હાસમભાઈ પાળાને, એરપોર્ટ પોલીસે નવાગામ બામણબોરના પાટિયા પાસેથી હસુ વેરશીભાઈ પરમારને, થોરાળા પોલીસે રાજકોટ ભાવનગર રોડ સામેથી ઓધવ બચુભાઈ સનુરાને, ભક્તિનગર પોલીસે કોઠારીયા મેઈન રોડ પાસે અબઝલ ઉર્ફે બાપુ યાશીનભાઈ કાદરીને છરી સાથે ઝડપી લઇ તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત પોલીસે પીધેલી હાલતમાં લ પોલીસે ભગવતીપરા સુખસાગર હોલ પાસેથી સદામ મોહમદભાઈ હાલા, મોરબી રોડ સેટેલાઈટ પાસેથી સુખદેવસિંહ વિક્રમસિંહ જાડેજાને, નવાગામ આણંદપર ખાતેથી વિપુલ નાથાભાઈ મકવાણાને, કે કે વી હોલ પાસેથી નીતિન મગનભાઈ ડાભીને, મોટા મૌવા મત્સી બજારની બાજુમાંથી પ્રશાંત વિનોદભાઈ સિમેજિયાને, જે કે ચોકમાંથી કલ્પેશ રામજીભાઈ વેકરીયા, લક્ષ્મીનો ઢોરો, ફનબ્લાસ્ટ પાસેથી દિલીપ ઉર્ફે દીપક બાલુભાઈ સોસા, રૈયાધાર મફતિયાપરામાંથી હોલસિંહ સરવણસિંહ રાવત,રૈયાધાર શાંતિનગર ગેટની પાછળથી રાજેન્દ્ર રામપ્યારે વિશ્વકર્માને દબોચી લેવાયા હતાં.જ્યારે નરસંગપરા ખાડા જૂની કલેક્ટર કચેરી પાસેથી કેસર ખડકસિંઘ ઓડને,બી ડિવિઝન પોલીસે મોરબી રોડ વેલનાથપરા માંથી બચુ વાલજીભાઈ રાઠોડ અને ધીરુ શામજી મકવાણા,જયેશ રામસિંગભાઈ ઉઘરેજા, કમલેશ ગોવિંદભાઈ સાવલિયાને, ભક્તિનગર સર્કલ પાસેથી સોહનસિંહ ભજનલાલ ચેતીલાલા,હેમુ ગઢવી હોલ પાસેથી મહેન્દ્ર લાલજીભાઈ જીતીયાને, કે.કે.વી.હોલ પાસેથી જોશનાબેન પિયુષભાઈ સોલંકીને, બી.ટી. સવાણી પાસે ગંગોત્રી પાર્કમાંથી જગદીશ ખોડાભાઈ લાંબારીયાને પીધેલી હાલતમાં પકડી પાડી ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# રાજકોટ એઈમ્સ ઈન્ટર્ન તબીબ આત્મહત્યાનાં પાંચ આરોપીએ પોલીસ જાપ્તા હેઠળ પરીક્ષા આપી

## એસીપી એ.સી.એસ.ટી. સેલ દ્વારા કાર્યવાહી



(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૧૬

રાજસ્થાનના જેસલમેરના ફલસુંડ ગામના રહેવાસી અને ઘડિયાળ રિપેરિંગનો વ્યવસાય કરતા મોહનલાલ મેઘવાલનો ૨૬ વર્ષીય દીકરો જે હાલ

એઇમ્સ હોસ્પિટલમાં એમબીબીએસનો અભ્યાસ કરતો હતો તે રતનકુમાર મેઘવાલે ગઈ તા.૧૪ ના રોજ વહેલી સવારે આશરે ૪ વાગ્યે જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર ૨૫ વારીયા નજીક રેલવે ટ્રેક પર રતનકુમારે ટ્રેન નીચે આવી આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઇ હતી. પોલીસને મળેલી બેગમાંથી ૧૭ પેજની સુસાઇડ નોટ મળી આવતાં ૫ ઈન્ટર્નલ તબીબ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરાઈ હતી. જેમની આજે ફાયનલ એકઝામ શરૂ થતા પાંચેય આરોપીઓ પોલીસ જાપ્તા હેઠળ પરીક્ષામાં બેઠાં હતાં. જે ઘટના અંગે જોઈએ તો તબીબ રતનકુમાર મેઘવાલે ગઈ તા.૧૪ ના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર ૨૫ વારીયા નજીક રેલવે ટ્રેક પર ટ્રેન નીચે આવી આપઘાત કરી લીધાં બાદ ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસ આદરતાં રતનકુમારની બેગ મળી આવી હતી, જેમાં મોબાઇલ ફોન, ટેબલેટ અને નોટબુક મળી આવી હતી. નોટબુકમાં ૧૭ પેજની સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં હિન્દી અને અંગ્રેજીમાં લખાણ લખેલું હતું. સુસાઈડ નોટમાં રતનકુમારે લખ્યું છે કે, એક યુવતી સાથે સંબંધ હોવાની શંકાના આધારે સાથે અભ્યાસ કરતા કેટલાક લોકોએ જાન્યુઆરી, ૨૦૨૬ થી તેની સાથે મારપીટ અને માનસિક હેરાનગતિ શરૂ કરી હતી. નોટમાં ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પોતાની સાથે થયેલી શારીરિક અને માનસિક પ્રતાડનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

જે બાદ ગાંધીગ્રામ પોલીસ મથકમાં મૃતક તબીબના પિતાની ફરીયાદ પરથી એઈમ્સમાં જ એમબીબીએસના ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરતાં પ્રણવ પોલીવાલ, અસ્મિત શર્મા, આયુષ યાદવ, નિર્વધનમ નીર અને યુવરાજ ચૌધરી વિરુદ્ધ મરવા મજબુર અને એટ્રોસીટી એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી એસસી એસટી સેલ ચિંતન પટેલ અને ટીમે તપાસ આદરી પાંચેય આરોપી તબીબની ધરપકડ કરી હતી.પાંચેય આરોપીની ફાઈનલ એકઝામ આજે સોમવારથી શરૂ થતી હોવાથી કોર્ટ દ્વારા આરોપીને પોલીસ જાપ્તા હેઠળ મંજૂરી આપવામાં આવતા તેઓને એઈમ્સ ખાતે પોલીસ જાપ્તા હેઠળ પરીક્ષા આપવા માટે લઈ જવામાં આવ્યાં હતાં. ઉપરાંત ડીસીપી રાકેશ દેસાઈએ જણાવ્યું હતું કે, પાંચેય આરોપીઓએ મૃતક સાથે મારપીટ કરી હતી. જે અંગે પોલીસ દ્વારા હજુ પણ શિક્ષક, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓની આગળના સમયમાં પૂછપરછ કરવામાં આવી શકે છે.

# રાજકોટ નટેશ્વર મંદિરમાં દાનપેટી તોડી ચોરી કરનાર રીઢો શખ્સ ઝડપાયો

## કુખ્યાત મેહુલ ઉર્ફે ભુરીની ધરપકડ

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ. તા.૧૬

૮૦ ફૂટ રોડ પર આવેલ નટેશ્વર મહાદેવ મંદિરની દાનપેટી તોડી રોકડ રકમ, પિતળની ટંકોરી, સ્ટીલની ડોલ સહીત રૂ. ૧૦,૮૦૦ ની ચોરી અંગે ભક્તિનગર પોલીસે ગુનો નોંધી કુખ્યાત તસ્કર મેહુલ ઉર્ફે ભૂરીને દબોચી રૂ. ૬૩૦૦ નો મુદ્દામાલ રીકવર કર્યો હતો.

બનાવ અંગે કોઠારીયા કોલોની ક્વાર્ટર નં.-૩૦૪ માં રહેતા ૪૦ વર્ષીય વેપારી યુવાન વિરભદ્રસિંહ માનુભા જાડેજાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ૮૦ ફુટ રોડ ખાતે રામનાથ ઓટો કંસલ્ટન્ટ નામે વાહન લે-વેચનો ધંધો કરે છે અને ૮૦ ફુટ રોડ ખાતે આવેલ નટેશ્વર મહાદેવ મંદિરના ટ્રસ્ટી તરીકે પણ સેવા આપે છે. મંદિરમા ગોવિંદપરી કેશવપરી ગૌસ્વામી પુજારી તરીકે સેવા આપે છે.

ગઈ તા. ૧૪ ના બપોરના આશરે બાર વાગ્યે મંદીરના પુજારી ગોવિંદપરી ગૌસ્વામીનો ફોન આવેલ કે, મંદિરમાં ચોરી થયેલ છે. જેથી તરત જ મંદીર ખાતે રૂબરૂ જઈ જોતા જુદી જુદી જગ્યાએ રાખેલ કુલ ચાર દાન પેટીના નિચેની સાઈડમાં આવેલ લોક તુટેલા હતા. જેથી મંદીરના બીજા ટ્રસ્ટીઓને આ બાબતની જાણ કરતા થોડીવારમાં તેઓ બન્ને પણ મંદીરે આવી ગયેલ હતા. બાદ મંદિરમાં તપાસ કરતા વગાડવાની પીતળની ટંકોરી તેમજ સ્ટીલની ડોલ પણ મળી આવેલ નહી. જેથી મંદીરની ઓફીસમાં રહેલ સી.સી.ટી.વી. કેમેરા ચેક કરતા તેમા તા.૧૪ ના રાત્રીના સવા ચાર વાગ્યે એક શખ્સ મંદીરમાં પ્રવેશ કરી દાનપેટીઓ તોડી ચોરી કરતો જોવા મળેલ હતો. જેથી દાનપેટીમાં રહેલ આશરે રોકડ રૂ. ૧૦ હજાર, પીતળની ટંકોરી જેની કિંમત રૂ.૫૦૦, સ્ટીલની ડોલની રૂ.૩૦૦ ની ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા ભક્તિનગર પોલીસ મથકના પીઆઇ મયુરધ્વજસિંહ સરવૈયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ જે.જે.ગોહિલની ટીમ ટેકનિકલ અને હ્યુમન સોર્સીસના આધારે બનાવ સ્થળની આસપાસના સીસીટીવી કેમેરા ચેક કરી ગુનો ડિટેક્ટ કરવા પ્રયત્નશીલ હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ મયુરદાન બાટી અને કોન્સ્ટેબલ યોગીરાજસિંહ જાડેજાને ખાનગી રાહે હકીકત મળી હતી કે, અગાઉ ચોરીના અનેક ગુનામાં પકડાઈ ચૂકેલ શખ્સ શંકાસ્પદ સામાન સાથે બાપુનગર બગીચા પાસે બેસેલ છે. જે હકીકત મળતાની સાથે જ ભક્તિનગર પોલિસની ટીમે બાપુનગર બગીચા ખાતે જઈ



રોકડ રૂપિયા અને સામાન સાથે મળી આવેલ શખ્સની યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરતા તેણે નટેશ્વર મહાદેવ મંદિરમાં ચોરી કર્યાની કેફિયત આપતા ભક્તિનગર પોલિસની ટીમે કુખ્યાત તસ્કર મેહુલ ઉર્ફે ભૂરી ઉર્ફે મામો ધનજીભાઈ જેઠવા (રહે નવલનગર શેરી નં -૨, મવડી રોડ,)ની ધરપકડ કરી રૂ. ૫૫૦૦ ની રોકડ તેમજ સ્ટીલની ડોલ અને પિતાની ટંકોરી મળી કુલ રૂ. ૬૩૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલ શખ્સ વિરુદ્ધ ચોરી સહિતના ૩૧ ગુના નોંધાઈ ચૂક્યા છે તેમજ તે અગાઉ અનેકવાર પાસામાં પણ ધકેલાયેલ છે.

# ધો-૧૦માં દ્વિતિય ભાષાનું પેપર પણ સરળ નિકળતા વિદ્યાર્થીઓ ખુશખુશાલ

## ૪૧૨થી વધારે છાત્રો ગેરહાજર રહ્યાઃ ૧૨ સાયન્સમાં જીવ વિજ્ઞાનના પેપરની સાથે પરિક્ષા પૂર્ણ

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા હવે પૂર્ણતાના આરે પહોંચી જવા પામેલ છે. જેમાં આજે સવારના સેશનમાં ધો.૧૦નું દ્વિતીય ભાષા (હિન્દી, સિંધી, સંસ્કૃત, ફારસી, અરબી, ઉર્દૂ)નું પેપર લેવામાં આવ્યું હતું. જે પણ ટેકસબુક આધારિત સરળ નિકળ્યું હતું. જયારે બપોરના સેશનમાં ધો.૧૨ (વિજ્ઞાન પ્રવાહ)નું જીવ વિજ્ઞાનનું પેપર પરીક્ષા કેન્દ્રો પરથી લેવામાં આવ્યું હતું. જે લેવાની સાથે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા સાંજે વિધીવત રીતે પૂર્ણ થઈ છે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના આ પેપરની સાથે ધો.૧૨ સામાન્ય પ્રવાહનું સંસ્કૃત, ફારસી, અરબી, વિષયનું પેપર પણ પરીક્ષા કેન્દ્રો પરથી લેવામાં આવ્યું હતું. ધો.૧૦ તેમજ ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા તા.૧૮ના પૂર્ણ થઈ છે. જે બાદ બોર્ડના પેપરોની તપાસણી મૂલ્યાંકન કેન્દ્રો પર આરંભી દેવામાં આવનાર છે.

ધો.૧૦ના દ્વિતીય ભાષાના સવારના સેશનમાં લેવાયેલા પેપરમાં રાજકોટ શહેર-જિલ્લામાં નોંધાયેલા ૪૧૮૨૫માંથી ૪૧૧૦૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા કેન્દ્રો પરથી પરીક્ષા આપી હતી. જેમાં ૧૩૮ દિવ્યાંગ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જયારે ૪૧૨ વિદ્યાર્થીઓ આજના આ પેપરમાં ગેરહાજર રહ્યા હતા. સવારના સેશનમાં લેવાયેલી આ પરીક્ષામાં એક પણ કોપી કેસ નોંધાયેલ ન હોવાનું જાણવા મળ્યું છે.

# રાજકોટ ક્રાઈમ ડાઈરી

## બ્યુટી પાર્લર સંચાલીકાનો આપઘાત

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

મવડીની મીરાબાઈ ટાઉનશીપમાં ૨૩ વર્ષીય બંસી સોલંકીએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. મૃતક બ્યુટી પાર્લર ચલાવતી હતી. આપઘાતનું કારણ જાણવા પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.મળતી વિગત મુજબ, બંસીબેન પ્રવિણભાઈ સોલંકી (ઉંમર વર્ષ ૨૩, મીરાબાઈ ટાઉનશીપ, મવડી, રામધણ આશ્રમ પાસે, રાજકોટ) ગઈકાલે બપોરે ૩:૩૦ વાગ્યા આસપાસ પોતે પોતાના ઘરે હતા ત્યારે ગળાફાંસો ખાઈ જતા બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ડોક્ટરે મૃત જાહેર કરેલ હતા. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, બંસી તેના ભાઈ અને માતા પિતા સાથે રહેતી હતી. તેમના પિતા નોકરી કરે છે અને પોતે બ્યુટી પાર્લર ચલાવતી હતી. યુવતીના આપઘાતથી પરિવારમાં આઘાત વ્યાપી ગયો છે કયા કારણોસર આ યુવતીએ પગલું ભરી લીધું તે જાણવા માટે તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ દિનેશભાઈ જોષીએ વધુ તપાસ હાથ ધરી છે.

## ગુંદાસરામાં યુવકનો આપઘાતનો પ્રયાસ

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

હાથ પગ ભાંગી નાખવાની ધમકીઓ મળતા ગુંદાસરાના આશિષ રામોલીયાએ આપઘાત પ્રયાસ કર્યો હતો. યુવતી સાથે મૈત્રી કરાર છૂટા થયા બાદ યુવતીના પરિચિત લોકો ગુંદાસરાના જેન્તીભાઈ બારસીયા, ધીરુભાઈ વાળંદ, પૃથ્વીરાજસિંહ ઉર્ફે કાનો, ક્રિષ્ના મેડિકલ વાળા મનીષભાઈ ભલસોડ ઉર્ફે ટકો સહિતના હેરાન કરતા હોવાનો આક્ષેપ કરાયો છે. આશિષભાઈ રમેશભાઈ રામોલિયા (ઉંમર વર્ષ ૩૨, રહે. ગુંદાસરા ગામ, તાલુકો ગોંડલ) ગઈકાલે સાંજે ૬:૩૦ વાગ્યા આસપાસ ગુંદાસરા ફાટક પાસે ઝેરી પ્રવાહી પી જતા રાજકોટ સિવિલમાં દાખલ કરાયા હતા. આશિષભાઈએ જણાવ્યું કે, વર્ષ ૨૦૨૨માં ફેસબુક મારફત કેશોદની તેમની જ જ્ઞાતિની યુવતની સંપર્ક થયો હતો. એ પછી આ યુવતી પરણિત હોય અને પોતે પણ પરણિત હોય બંનેએ મૈત્રી કરારથી રહેવાનું નક્કી કર્યું હતું. એક વર્ષ બંને સાથે મૈત્રી કરારથી રહ્યા હતા. પછી મૈત્રી કરાર છૂટો કરી નાખ્યો હતો. અને યુવતી પરત કેશોદ પોતાના પતિ પાસે પાછી ચાલી ગઈ હતી. દરમિયાન આ યુવતીના પરિચિત લોકોએ દોઢેક વર્ષ પહેલા તેનું અપહરણ કર્યું હતું અને ઢોર માર્યો હતો. જે તે વખતે પોલીસમાં જાણ કરી હતી અરજી કરી હતી પણ પોલીસે આરોપીઓને છાવરીને કાર્યવાહી કરી નહોતી. ત્રણ દિવસ પહેલા આરોપીઓએ ફર્જિ કાર તેની ઉપર ચડાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. ગઈકાલે બપોરે પૃથ્વીરાજસિંહ ઉર્ફે કાનો તેની પાસે આવ્યો હતો અને હાથ પગ ભાંગી નાખવા છે અને આશિષ ગુંદાસરામાં જે શાકભાજીનો થોડો ચલાવે છે તે સળગાવી નાખવો છે તેવી ધમકી આપી હતી. આ બધી વસ્તુથી કંટાળીને આશિષ એ ઝેરી પ્રવાહી પી લીધું હતું હાલ તે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ગોંડલ તાલુકા પોલીસે તેનું નિવેદન લઈને વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આશિષ એવો પણ આક્ષેપ કર્યો છે કે, મૈત્રી કરાર કર્યા ત્યારે તે કારખાનું ચલાવતા હતા. જે બાદમાં કારખાનું બંધ કરી દેવું પડ્યું હતું.

## ઘરેથી ભાગી ગયેલો સગીર અમદાવાદથી મળ્યો

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

રાજસ્થાનના જોધપુર જિલ્લાના વતની ચાંદનીબેન ઉર્ફે ભારતીબેન મનોજભાઈ સાવરીયા (ઉ.વ.૩૬) એ આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં ત્રણ પુત્ર છે સૌથી મોટો પુત્ર ગણેશ (ઉ.વ. ૨૧) રાજસ્થાન ખાતે રહે છે ત્યારબાદ વિવેક (ઉ.વ. ૧૮) તથા નાનો પુત્ર દિપક(ઉ.વ.૧૬) અહીં રાજકોટ કોઠારીયા સોલવન્ટ ખાતે સાથે રહે છે. ગઈ તા. ૧૧ ના ફરિયાદી તથા તેમના પતિ સાતમના તહેવાર માટે રાજસ્થાન ગયા હતા અને મૂળ વતનમાં રોકાયા હતા. બાદમાં રાત્રિના પુત્ર ગણેશનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, મને આઠ વાગ્યે નાનાભાઈ વિવેકનો ફોન આવ્યો છે અને વાત કરી હતી કે, આજે બપોરના ચારેક વાગ્યે હું શાકભાજી લેવા માટે ઘરની બહાર ગયો હતો ત્યારે દીપક ઘરે સૂતો હતો બાદમાં સાંજના છ વાગ્યે આસપાસ ઘરે પરત આવીને જોતા દિપક ઘરે ન હોય તેને ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો. આજુબાજુમાં તપાસ કરી પરંતુ દીપકનો ક્યાંય પતો લાગ્યો નથી. બાદમાં સગીરના માતા-પિતા અહીં રાજકોટ આવ્યા હતા અને પુત્રની શોધખોળ શરૂ કરી હતી પરંતુ તેનો કોઈ પતો ન લાગતા અંતે પોલીસને જાણ કરી હતી. બનાવ અંગે આજીડેમ પોલીસે અપહરણ અંગેનો ગુનો નોંધ્યો હતો. જે બાદ એન્ટી હ્યુમન ટ્રાફીકિંગ યુનીટના પીઆઈ ભાર્ગવ ઝનકાંત અને ટીમે ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી આજીડેમ પોલીસ સ્ટેશન સાથે સંકલન કરી એએચટીયુંના એએસઆઈ અજયકુમાર શુક્લા, કોન્સ્ટેબલ મહેશ પ્રસાદ દ્વારા હ્યુમન રીસોર્સીસના આધારે તપાસ કરતા સદરહુ ભોગ બનનાર છોકરો અમદાવાદ ખાતે હોવાની માહિતી ટીમે અમદાવાદ ખાતેથી ભોગ બનનાર સગીરને શોધી કાઢી કાર્યવાહી કરેલ હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, સગીરને તેના પિતા મારકૂટ કરતા હોવાથી તે કંટાળ્યો હતો અને અમદાવાદ જઈ હોટલમાં કામ કરવા લાગશે તેવું વિચારીને ઘરેથી નીકળી ગયો હતો.

## સોખડા નજીક ઈજાગ્રસ્ત હાલતમાં મળેલ યુવકનું મોત

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

સોખડા ચોકડી પાસે ઈજાગ્રસ્ત મળેલ યુવાનનું મોત નીપજ્યું હતું. પુલ નીચે નાલામાંથી બેભાન મળેલ હતો. તેમણે રાજકોટ સિવિલમાં દમ તોડ્યો હતો. આ બનાવ અકસ્માતનો છે કે બીજું કંઈ? તે સ્પષ્ટ ન થતા ઘટના શંકાસ્પદ જણાતા પોલીસ તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.મળતી માહિતી અનુસાર, આજે સવારે સાડા પાંચ વાગ્યા આસપાસ આશરે ૪૦ વર્ષનો એક પુરુષ સોખડા ચોકડી પાસે ઈજાગ્રસ્ત હાલતમાં બેભાન પડેલ હોય તેને ૧૦૮ મારફતે રાજકોટ સિવિલમાં દાખલ કરાયો હતો. અહીં ચાલુ સારવારમાં તેનું મૃત્યુ નીપજ્યું હતું. વડવા રોડ પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડીને આ યુવકની ઓળખ મેળવવા હાથ ધરી છે. આ યુવક પુલનાં નાલા નીચે પડ્યો હતો. નાલાની ઉપર એક સાયકલ મળી આવી છે જે આ યુવકની હોવાનું અનુમાન છે જોકે બનાવવું શું બન્યું હતું તે જાણવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કારમાંથી ૧.૮૭ લાખનો દારૂ રેઢો મળ્યો

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

જામનગર રોડ પર આવેલ નાગેશ્વર વિસ્તારમાંથી દારૂ ભરેલી આર્ટીગા કાર ઝડપાઈ હતી. ગાંધીગ્રામ પોલીસની ટીમે કારમાંથી રૂ.૧.૮૭ લાખનો દારૂ ઝડપી હેરાફેરી કરનાર શખ્સની શોધખોળ શરૂ કરી હતી. દારૂના દરોડાની વિગત મુજબ, ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ એસ.આર.મેઘાણીની રાહબરીમાં એએસઆઈ ચેતનસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ રોહિતદાન ગઢવી, શબીરખાન મલેક, ભવદીપસિંહ ગોહિલની ટીમ દારૂ - જુગારની ગેરકાયદે બદીને ડામવા અસરકારક કામગીરી કરવા ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ ટીમને ખાનગી રાહે હકીકત મળી હતી કે, જામનગર રોડ પે નાગેશ્વર એપાર્ટમેન્ટની બહાર એક સફેદ કલરની અર્ટિગા કાર જેના નં. જીજે-૦૩-એમએલ-૫૬૬૩ પડેલ છે અને આ કારમાં દારૂનો જથ્થો ભરવામાં આવેલ છે. જે બાતમીથી ગાંધીગ્રામ પોલીસની ટીમ જામનગર રોડ પર આવેલ નાગેશ્વર વિસ્તાર ખાતે દોડી ગઈ હતી અને અહીંથી જીજે-૦૩-એમએલ-૫૬૬૩ નંબરની અર્ટિગા કાર મળી આવતા તેમાં તપાસ કરતા પાછળની સીટમાંથી ખાખી કલરના બોકસમાંથી રૂ. ૧,૮૭,૨૦૦ ની કિંમતની ૧૮૦ એમ.એલ.ની શરાબની ૭૨૦ બોટલ મળી આવી હતી. જેથી ગાંધીગ્રામ પોલીસની ટીમે દારૂ, કાર મળી કુલ રૂ.૬,૮૭,૨૦૦ નો મુદ્દામાલ કબજે કરી દારૂની હેરાફેરી કરનાર શખ્સની શોધખોળ કરી હતી.

## માલિયાસણ પાસે બાઈક ચોર પકડાયો

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

આજીડેમ ચોકડી પાસે કોઠારીયા રોડ પર રહેતા તસ્કરને ક્રાઇમ બ્રાંચની ટીમે ચોરાઉ બાઇક સાથે ઝડપી લીધો હતો. પોલીસે પુછતાછ કરતા આ બાઇક તેણે દોઢ માસ પૂર્વે માલીયાસણ પાસેથી ચોરી કર્યાની કબુલાત આપી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાના પગલે ક્રાઇમ બ્રાંચના પીએસઆઇ એસ.વી.ચુડાસમાની રાહબરી હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન હેડ કોન્સ્ટેબલ કિશનભાઇ પાંભર, કોન્સ્ટેબલ મહાવિરસિંહ જાડેજા, સંજયભાઇ અલગોતર, અરવિંદકુમાર ફતેપરાને મળેલી બાતમીના આધારે પોલીસે એક શખસને શંકાસ્પદ બાઇક સાથે ઝડપી લીધો હતો. પોલીસે આ શખસની પુછતાછ કરતા તેણે પોતાનું નામ સંજય ગુલાબભાઇ ભોજવીયા(ઉ.વ. ૨૫ રહે. કોઠારીયા રોડ, આજીડેમ ચોકડી પાસે) હોવાનુ જણાવ્યું હતું. પોલીસે બાઇકના કાગળો માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. જેથી પોલીસે સઘન પુછપરછ કરતા આ બાઇક ચોરાઉ હોવાની કબુલાત આપી હતી. ગઇ તા.૧/૨/૨૦૨૬ ના રોજ બાઇક માલીયાસણ ગામ પાસેથી ચોરી કર્યાની કબુલાત આપી હતી. જેથી પોલીસે કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાયેલા ગુનાનો ભેદ ઉકેલી કાર્યવાહી કરી હતી.

## રાજકોટમાં કચ્છના પાંચ શખ્સો પીધેલા ઝડપાયા

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

મોરબી રોડ પર વેલનાથપરા ઓવરબ્રિજ પાસે પેટ્રોલિંગમાં રહેલ બી ડિવિઝન પોલીસની ટીમે એક શંકાસ્પદ કાર અટકાવી હતી. કારચાલક તથા તેની સાથે બેઠેલા ચારેય શખસો નશાની હાલતમાં હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસે આ શખસો સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી. કચ્છના વતની આ પાંચે મિત્રો રાજકોટમાં લગ્ન પ્રસંગમાં આવ્યા હતા જ્યાં દારૂ પાર્ટી કર્યા બાદ પરત જતા હતા દરમિયાન પોલીસની ઝપટે ચડી ગયા હતા.પ્રાપ્ત વિગત મુજબ, બી ડિવિઝન પોલીસના કોન્સ્ટેબલ વિજયભાઈ પીસીઆરમાં નાઇટ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન રાત્રિના ૧૨:૩૦ વાગ્યા આસપાસ મોરબી રોડ વેલનાથપરા ઓવર બ્રિજ પાસે ઇન્ડિયન પેટ્રોલ પંપ સામેના રોડ પર એક સફેદ કલરની કાર સર્પાકાર રીતે ચલાવતો જોવા મળ્યો હતો. જેથી પોલીસે કાર અટકાવી હતી બાદમાં કાર નંબર જીજે ૧૨ સીજી ૩૫૨૦ ના ચાલકની પૂછતાછ કરતા તેણે પોતાનું નામ ભાવિન પ્રેમજીભાઈ ભર્યા(ઉ.વ. ૨૬ રહે. નાગલપર તા.માંડવી) હોવાનું થોથરાતી જીભે જણાવ્યું હતું. જેથી તેણે નશો કર્યો હોવાનું માલુમ પડ્યું હતું. બાદમાં પોલીસે કારમાં સવાર અન્ય ચાર શખસોની પૂછતાછ કરતા તેમણે પોતાના નામ હાર્દિક દેવજીભાઈ ચાવડા (ઉ.વ.૨૫ રહે. ભારાપર, ભુજ), ઇન્દ્રજીત માયાભાઈ ચાવડા (ઉ.વ. ૨૬ રહે. ભારાપર, ભુજ), ધ્રુવ ભરતભાઈ મહેશ્વરી (ઉ.વ. ૨૩ રહે. સથવારા કોલોની, ગાંધીધામ), દીપેન શામજીભાઈ મકવાણા (ઉ.વ. ૨૪ રહે. બળદિયા તા. ભુજ) હોવાનું જણાવ્યું હતું અને આ શખસોએ પણ નશો કર્યો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસે કારચાલક સામે ડ્રીંકસ એન્ડ ડ્રાઈવ જ્યારે કારમાં બેઠેલા અન્ય ચાર શખ્સો સામે પ્રોહિબિશન એકટની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, આ પાંચેય આરોપી મિત્રો હોય કચ્છથી અહીં રાજકોટમાં લગ્ન પ્રસંગ માટે આવ્યા હતા. લગ્ન પ્રસંગમાં મદિરાપાન કર્યા બાદ પરત વતન જઈ રહ્યા હતા દરમિયાન પકડાઈ ગયાં હતાં.

# વિશ્વ મહિલા દિવસની ભારત સેવક સમાજ દ્વારા ઉજવણી

## ૩ પેઢીથી સાથે રહેતા ૯૦ સાસુ–વહુઓનું સન્માન કરાયું



(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

ભારત સંવક સમાજ દ્વારા ૮ માર્ચ વિશ્વ મહિલા દિન નિમિત્તે ચાલીશ – ચાલીસ વર્ષ કરતાં વધુ સમયથી સાથે રહેતા સાસુ વહુના સન્માનનો કાર્યક્રમ સતત બીજા વર્ષે રેસકોર્સ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે મહિલા અગ્રણીઓના હસ્તે ૯૦ સાસુ વહુઓને સર્ટીફીકેટ અને ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ તકે ત્રણ-ત્રણ,ચાર –ચાર પેઢીથી સાથે રહેતા સાસુ વહુએ સંયુક્ત કુટુંબના આનંદ અને મહિલાદિને સાસુ વહુના સન્માન વિશેના પ્રતિભાવો રજૂ કર્યો હતા. મહિલા દિને ઉપસ્થિત સાસુઓને વહુઓએ વંદન કર્યા હતા.આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેલ માહિતી વિભાગ, મોરબી જિલ્લાના સહાયક માહિતી નિયામક પારૂલબેન આડેસરાએ ઉપસ્થિત સાસુ વહુઓને ભારતીય આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે સંસ્કૃતિ પ્રણાલી સંયુક્ત કુટુંબ પ્રથાને મહત્વ આપવા બદલ અભિનંદન આપીને બહેનોમાં રહેલી શક્તિને સામાજિક રાષ્ટ્રહિતના કાર્યમાં વાપરવા અપીલ કરી હતી. મહેમાન પદે ઉપસ્થિત કેન્સર સ્પેશિયલિસ્ટ ડૉ. દિવ્યા કંનટેસરીયા, એડવોકેટ ઈલા કડિયા, પત્રકારશ્રી દર્શનાબેન વોરા અને એકતા ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડો. મધુરિકા જાડેજાએ કર્યું હતું.આ કાર્યક્રમની રૂપરેખા પ્રોજેક્ટ ઇન્ચાર્જ સોનલબેન વાછાણીએ આપી જણાવ્યું હતું કે આ કાર્યક્રમના માધ્યમથી ઘટતા જતા સંયુક્ત કુટુંબો અને વધતા જતા વૃદ્ધાશ્રમો ત્રણ ત્રણ દાયકાથી અને ત્રણ ત્રણ પેઢીઓ સાથે રહેતા સાસુ વહુઓ અન્યોને પણ પ્રેરણા આપશે. હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારત સેવક સમાજના પ્રમુખ વિનુભાઈ ગોસલીયા, જનાર્દનભાઈ પંડ્યા, રાજેશભાઈ જે ભાતેલિયા, એલ એસ સૈયદ, હંસાબેન સાપરિયા પૂર્વેશભાઈ શિંગાળા, જીતેશભાઈ પંડિત, એડવોકેટ પરેશભાઈ પંડયા તેમજ રાજુભાઈ વ્યાસ, પૂર્વીબેન દોશી, એમ.કે.ઓઝા, અલકા વોરા, પ્રણવાનંદ સંસ્કૃત ભવનના કૌશિકકુમાર છાયા વગેરેએ જહેમંત ઉઠાવી હતી.

# શહેરમાં આડેધડ મુકાયેલા ૩૪૦૬ બોર્ડ-બેનર જપ્ત

## દબાણરૂપ ૪૭ રેંકડી–કેબીન ઉપાડી લેતું કોર્પોરેશન

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ, તા. ૧૬

મનપાની દબાણ હટાવ શાખા દ્વારા ચાલુ માસના પખવાડીયામાં અલગ અલગ રસ્તા પરથી ૪૭ રેંકડી કેબીન જપ્ત કરવામાં આવ્યા છે. તો જુદા જુદા માર્ગો પરના ડિવાઇડર, સર્કલ, થાંભલા પરથી ૩૪૦૬ જેટલા બોર્ડ-બેનર પણ જપ્ત કરવામાં આવ્યા હતા. દબાણ હટાવ શાખા દ્વારા શહેરમાં જાહેર માર્ગો પર અસ્થાઈ દબાણ રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો તેમજ બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે. જેમાં ધરાર માર્કેટ, સંતકબિર રોડ, પેડક રોડ, કોઠારીયા રોડ, મવડી મેઈન રોડ, સાધુ વાસવાણી રોડ, ૧૫૦ રિંગ રોડ, રૈયા ધાર રોડ, રામાપીર ચોકડી, કાલાવડ રોડ, જ્યુબેલી, જંક્શન રોડ, ઢેબર રોડ, પરા બજાર પાસેથી રસ્તા પર નડતર રૂપ ૪૭ રેકડી, કેબીન જપ્ત કરવામાં આવી હતી. ઉપરાંત યાજ્ઞિક રોડ, રેસકોર્સ રોડ સહિતના રોડ પરથી ૪૫૮ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. અલગ અલગ વિસ્તારમાં હોકર્સ ઝોન બહાર, રેંકડી, કેબીનમાંથી ૩૨૫૯ કિલો શાકભાજી, ફ્રુટ જપ્ત કરાયા હતા.શહેરના સેટેલાઈટ ચોક, કોઠારીયા રોડ, મોરબી રોડ, પેડક રોડ, ભાવનગર રોડ, ચુનારાવાડ મેઈન રોડ, ઢેબર રોડ,રેશકોર્ષ રિંગ રોડ, જામનગર રોડ, બંજરવાડી સર્કલ પાસે, મહીલા અંડરબ્રિજ, કાલાવડ રોડ, મવડી મેઈન રોડ,ગોંડલ ચોકડી,પુનીત નગરનાં ટાંકા પાસેથી મવડી ચોકડી સુધીથી ૩૪૦૬ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે. અલગ અલગ ચોકમાંથી રૂા. ૨.૭૮ લાખનું મંડપ કમાન ભાડુ અને ૬.૧૬ લાખનો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યા હતા.

# સફાઈ કામદારોને વોર્ડ નં. ૩ માં કરોડોના ખર્ચે મળશે આધુનિક હોલની સુવિધા

## સ્થળ મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા અધિકારીઓને મ્યુનિ. કમિશ્નરની સુચના

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬



શહેરના વોર્ડ નં.૩ વિસ્તારમાં ૮.૬૯ કરોડના ખર્ચે જામનગર રોડ પર સફાઈ કામદારોને ઉપયોગી બને તેવા આધુનિક સુવિધાઓ ધરાવતા કોમ્યુનિટી હોલનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે ત્યારે આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ સફાઈ કામદારોને વિવિધ સામાજિક, સાંસ્કૃતિક અને જાહેર કાર્યક્રમો માટે સુવિધાસભર સ્થળ ઉપલબ્ધ થશે.

આ કામગીરીની પ્રગતિ અંગે કમિશનર તુષાર સુમેરા દ્વારા આજે સ્થળ પર જઈ સમીક્ષા કરવામાં આવી હતી જેમાં તેમણે કાર્યરત એજન્સી દ્વારા કરવામાં આવતી કામગીરી, કામની ગતિ, ગુણવત્તા તેમજ આગામી કામગીરી અંગે વિગતવાર માહિતી મેળવી હતી. કામમાં ગુણવત્તા જળવાઈ રહે અને નિર્ધારિત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તે માટે વિશેષ ધ્યાન આપવા એજન્સીને સુચના આપી હતી. તા. ૭-૧-૨૬ના રોજ આ કામનો વર્કઓર્ડર આપવામાં આવ્યો છે.

કોમ્યુનિટી હોલ માટે અંદાજીત ૩૪૫૮.૯૪ ચોરસ મીટર વિસ્તારમાં આધુનિક સુવિધાઓ સાથેનું જી+૨ માળનું કોમ્યુનિટી હોલ બિલ્ડીંગ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોમ્યુનિટી હોલના ગ્રાઉન્ડ ફ્લોરમાં પાર્કિંગ વ્યવસ્થા, ઓફિસ રૂમ, લિફ્ટ સુવિધા તેમજ ટોઇલેટ બ્લોક જેવી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. બિલ્ડીંગના પ્રથમ અને બીજા માળમાં વિશાળ મેરેજ ફંકશન હોલ, વર-વધુ રૂમ, ડાઇનીંગ હોલ તેમજ સુવિધાસભર કિચન જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવશે. આ સુવિધાઓના કારણે લગ્ન સમારંભો, સામાજિક કાર્યક્રમો, ધાર્મિક પ્રસંગો, મિટિંગો અને વિવિધ સમારંભો માટે સુવિધાસભર અને વ્યવસ્થિત સ્થળ પ્રાપ્ત થશે.આ કોમ્યુનિટી હોલ ખાસ કરીને સફાઈ કામદારોના કલ્યાણ અને સુવિધાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ વિઝીટ દરમ્યાન ડે.કમિશનર હર્ષદ પટેલ, સીટી એન્જી. અતુલ રાવલ, ડેપ્યુટી સીટી એન્જી., એજન્સીના પ્રતિનિધિ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# શિક્ષણકાર્યને સમર્પિત ત્રણ શિક્ષકોને સિસ્ટર નિવેદિતા શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ એનાયત કરાશે

## આવતી કાલે યોજાશે સન્માન સમારોહ

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

યુવા પ્રગતિ યુ.એસ.એ. તેમજ સીસ્ટર નિવેદીતા ફાઉન્ડેશન રાજકોટ દ્વારા શિક્ષણક્ષેત્રે પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી શિક્ષણકાર્યને ઉજાળનારા શિક્ષકોની નિષ્ઠાને બિરદાવવા વર્ષ ૨૦૨૪-૨૦૨૯ 'સિસ્ટર નિવેદીતા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' માટે સમગ્ર ગુજરાતમાંથી આવેલા શિક્ષકોના કાર્યના અહેવાલ, મૂલ્યનિષ્ઠ કેળવણીકારોનું અનુમોદન અને સ્થળ તપાસના તારણોના આધારે પસંદગી સમીતી દ્વારા આ એવોર્ડ વિતરણ સમારંભ તા.૧૮ માર્ચ બુધવારે સવારે ૧૦.૦૦ કલાકે ઈન્સ્ટીટયુટ ઓફ કવોલિટી એજ્યુકેશન, જલારામ પ્લોટ-૨, મહર્ષિ ટાવર પાસે, યુનિવર્સિટી રોડ, રાજકોટમાં યોજાશે.આ સન્માન સમારોહમાં ભરૂચના શિક્ષિકા રશ્મિકાબેન ચૌહાણ, પ્રાથમીક વિભાગમાં સભારવાડી પ્રાથમીક શાળા મોરબી શિક્ષક વિજયકુમાર દલસાણીયા અને માધ્યમિક વિભાગમાં વિવેકાનંદ વિદ્યાલય, વડનગરના શિક્ષક કલ્પેશભાઈ અખાણીની પસંદગી કરવામાં આવી છે. આ શિક્ષકોને રોકડ રૂા. ૨૦૦૦૦નો પુરસ્કાર પ્રશસ્તીપત્ર, સ્મૃતિચિહન અને રૂા.૧૦૦૦નો પુસ્તક સંગ્રહ અર્પણ કરવામાં આવશે. જેના અધ્યક્ષસ્થાને અગ્રણી પત્રકાર અને 'સંદેશ' વર્તમાનપત્રના નિવાસી તંત્રી જયેશભાઈ ઠકરાર તેમજ અતિથિ વિશેષ તરીકે સુરેન્દ્રનગરથી જાણીતા હાસ્ય કલાકાર, લેખક તથા સમાજસેવક જગદીશભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહેશે.

# ૧૯ માર્ચથી નર્મદા પરિક્રમા

(પ્રતિનિધિ દ્વારા) માલસર તા. ૧૬



૧૯/૦૩ થી ૧૮/૦૪ ઉત્તર વાહિની નર્મદા પરિક્રમા થસે નર્મદે હર નર્મદાની સંપૂર્ણ પરિક્રમા ૩૬૦૦ કિલોમીટરની થાય છે જ્યારે ગુજરાતની અંદર આવેલા રામપુરા થી તિલકવાડા સુધી અને તિલકવાડા થી રામપુરા સુધીના ૧૮ સળ ની પરિક્રમા કરવાથી ૩૬૦૦ સળ ની પરિક્રમા કરવાનું પુણ્ય પ્રાપ્ત થાય છે. રામપુરા રણછોડરાય મંદિરથી અથવા સામા કિનારે તિલકવાડાથી પરિક્રમાની શરૂઆત થાય છે. ૧૮ કિલોમીટરના રુટની વચ્ચે માંગરોલ માં નર્મદા સેવા અન્નક્ષેત્ર લલીત મહારાજનુ.(ગુરુજી ગજાનન આશ્રમ માલસર તરફથી સદાવ્રત ચાલે છે) ધનેશ્વર મહાદેવ,મંગળેશ્વર,તિલકેશ્વર,મણીનાગેશ્વર મહાદેવ,ગોપાળેશ્વર મહાદેવ,તપોવન-સિતારામ-વાસુદેવ કુટીર આશ્રમો નર્મદા મંદિર તિલકવાડા,મુની આશ્રમ કપીલેશ્વર,કામનાથ મહાદેવ,દંડિ સ્વામી આશ્રમ, વગેરેમાં દર્શન કરવા. વિશ્વના એકમાત્ર નદી નર્મદા એવી છે કે જેની પરિક્રમા થાય છે પરિક્રમા અને શુભ શરૂઆત માર્કંડેય ઋષિએ કરેલી હતી ત્યારથી અવિરત અત્યાર સુધી અનેક લોકો અનેક શ્રદ્ધાળુઓ નર્મદાજીની પરિક્રમા કરે છે પુણ્યનું ભાથું બાંધે છે. વિશ્વની દરેક નદીઓ વિવાહિત છે જ્યારે નર્મદા મૈયા અવિવાહિત છે એટલા માટે એમના માટે કહેવામાં આવ્યું કે દિવસે તુ દ્રશ્ય છો અને રાત્રે તું શ્રાવ્ય છો માં દિવસે તને જોવી ગમે છે અને રાત્રે તને સાંભળવી ગમે છે. નર્મદા ઉત્તરવાહિની પરિક્રમા ભાવ,ભક્તિ,શ્રદ્ધા અને નર્મદે હર નર્મદે હરના મંત્ર જાપથી ૐ નમઃ શિવાય ના મંત્ર તથા નારાઓથી કરવામાં આવે તો નિશ્ચિત હળદાઇ રહે છે. આધ્યાત્મિક ઉન્નતિ માટેનું શ્રેષ્ઠ માધ્યમ ગણવું નર્મદા પરિક્રમાને મનોરંજન કે મોજ મજાનું સાધન ન બનાવવું. શાસ્ત્રોમાં તો લખ્યું છે નર્મદા પાપોને ધોતી નથી પાપોને બાળી નાખે છે. આદ્ય જગતગુરુ શંકરાચાર્યજી દ્વારા નર્મદાષ્ટક લખાયું છે. નર્મદા પરિક્રમા માત્ર ધાર્મિક યાત્રા નથી પરંતુ આધ્યાત્મિક યાત્રા છે.

### રાજકોટમાં અબોલ જીવોની સેવા કરતા જીવદયા ગ્રુપ સહિતની સંસ્થા દ્વારા

# લાકડા-પુંઠા-કુંડા-માટીના માળાનું નિઃશુલ્ક વિતરણ

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

જીવદયા ગ્રુપ રાજકોટ, બાપા સીતારામ ગૌ સેવા મંડળ, એનિમલ હેલ્પલાઇન અને સ્વામી વિવેકાનંદ યુથ કલબ સંયુકત નાં ઉપક્રમે રવિવાર તારીખ ૮ માર્ચ ૨૦૨૬ના રોજ રેસકોર્સ રીંગ રોડ મેયર બંગલાની સામેથી સવારે ૬:૩૦ કલાકે ૫૦ બર્ડ ફીડર(ગ્રીન કલરના), ૫૦ લાકડાના માળા, ૧૦૦ પુઠાના માળા, ૨૦૫ કુંડાના માળા, ૧૫૫ માટીના માળાનું નિ:શુલ્ક વિતરણ સાથોસાથ અંગદાન, ચક્ષુદાન, દેહદાન વગેરેના સંકલ્પપત્રો ભરાવવાનું આયોજન કરવામાં આવેલ. આ સમયે જીવદયા ગ્રુપના મોભી શ્રી ઉપેનભાઈ મોદી, સ્વામી વિવેકાનંદ યુથ કલબ નાં શ્રી અનુપમભાઈ દોશી, મુકેશભાઈ દોશી વગેરે ટીમ, કરુણા ફાઉન્ડેશનના મીતલભાઈ ખેતાણી, પ્રતિકભાઇ સંઘાણી તેમજ બાપા સીતારામ ગૌ સેવા મંડળના સમીરભાઈ કામદારનાં માર્ગદર્શન હેઠળ જય દાતાર બાપુ નાં સહકારથી આયોજન કરાયું જેમાં સર્વે પ્રકાશ મોદી, સમીર કામદાર, હરેશ દોશી, વિરેન્દ્ર સંઘવી, હરીશ હરિયાણી, નિલેશ શાહ, કિર્તીભાઈ પારેખ, શૈલેષ ઉદાણી, માંડણ ભરવાડ, નિશાંત હરિયાણી, જસવંત ધ્રુવ, ભરત ભીંડા, રાજેન્દ્ર શાસ્ત્રી, વંશ શેઠ, હિરેન કામદાર, જીગર દોમડીયા, હેમા મોદી અને પારસ મોદી વગેરે એ વિતરણ માટે જહેમત ઉઠાવેલ હતી.

# વોર ઈફેકટઃ પાણીની બોટલના કેરેટના ભાવમાં ૧૦ દીમાં રૂા. ૨૦નો વધારો

## ઉત્પાદન ખર્ચ, પેકેજીંગના ભાવ વધતા મોંઘા થયા : હાલ ગ્રાહકો પર સીધી અસર નહી

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬



ઈરાન અને અમેરિકા-ઇઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુધ્ધની વૈશ્વિક બજાર પર અસર દેખાવા લાગી છે. ગલ્ફ દેશોમાંથી આયાત થતા પ્લાસ્ટિકના દાણાની અછત સર્જાતા પ્લાસ્ટિક બોટલના ઉત્પાદન પર અસર પડી છે. જેના કારણે પીવાના પાણીની બોટલ, સોડા તથા જ્યુસના કેરેટના ભાવમાં વધારો નોંધાયો છે. ખાસ કરીને ઉનાળાની સિઝનમાં માંગ વધારે હોવાને કારણે વેપારીઓને વધેલા ભાવનો સામનો કરવો પડી રહ્યો છે.

રાજકોટમાં હોલસેલ પાણી અને કોલ્ડ ડ્રિન્કસના વેપારી અશોકભાઈ પટેલના જણાવ્યા મુજબ, યુદ્ધના કારણે પેકેજ્ડ ડ્રિન્કિંગ ઉત્પાદનોના ખર્ચમાં વધારો થયો છે. પ્લાસ્ટિક બોટલ, લેબલ અને કાર્ટન બોક્સ જેવી સામગ્રીના ભાવ વધતા પાણીની બોટલના કેરેટ પર છેલ્લા દસ દિવસમાં રૂ.૨૦નો વધારો કરવામાં આવ્યો છે. હાલ ઉનાળાની સિઝનમાં ૫૦૦ એમએલ અને ૧ લિટર પાણીની બોટલની માંગ સૌથી વધુ જોવા મળે છે.

વેપારીઓના જણાવ્યા મુજબ પહેલા ૨૦૦ એમએલની રૂ.૫ કિંમતની બોટલના ૪૮ નંગના કેરેટનો ભાવ રૂ.૧૪૦ હતો, જે હવે વધીને રૂ.૧૬૦ થયો છે. તે જ રીતે રૂ.૧૦ની ૫૦૦ એમએલ બોટલના ૨૪ નંગના કેરેટનો ભાવ રૂ.૧૦૦માંથી વધીને રૂ.૧૨૦ થયો છે. જ્યારે ૧ લિટરની ૧૨ બોટલના કેરેટનો ભાવ રૂ.૮૦માંથી વધીને રૂ.૧૦૦ સુધી પહોંચી ગયો છે. એસોસિયેશન દ્વારા દસ દિવસ પહેલા રૂ.૧૦નો વધારો કરવામાં આવ્યો હતો અને બે દિવસ પહેલા કંપનીઓએ ફરી રૂ.૧૦નો વધારો કરતા કુલ રૂ.૨૦નો ભાવ વધારો નોંધાયો છે.

હાલ ગ્રાહકો પર સીધી અસર કરવામાં આવી નથી, પરંતુ ડિસ્ટ્રિબ્યુટર અને રિટેલરો પર અંદાજે ૩૦ ટકા જેટલો વધારાનો બોજો આવી રહ્યો છે. બજારમાં સોડાની બોટલના કેરેટમાં અંદાજે રૂ.૩૦નો વધારો થયો છે, જ્યારે જ્યુસની બોટલના કેરેટમાં પણ રૂ.૧૦ જેટલો વધારો નોંધાયો છે.

ભારત વિશ્વના સૌથી મોટા પ્લાસ્ટિક બોટલ બજારોમાંનું એક હોવાથી પ્લાસ્ટિકના કાચા માલના પુરવઠામાં કોઈપણ વિક્ષેપ સીધો બજાર પર અસર કરે છે. જો આ પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહેશે તો આવનારા સમયમાં છૂટક બજારમાં પણ પાણી અને અન્ય પેકેજ્ડ પીણાંના ભાવમાં વધારો થવાની શક્યતા વેપારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

# રાજકોટ-અંબાજી રૂટની એસટીની એસી બસ ચાર મહિનામાં બંધ થઇ

## સુરત જવા માટે એક પણ એસી બસ ના હોય મુસાફરોમાં રોષ

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૧૬

એસ.ટી. નિગમે શિયાળાની ઋતુમાં નવી એસી ડીલક્ષ અને વોલ્વો બસ ફાળવતા રાજકોટ ડેમો દ્વારા રાજકોટ-અંબાજી રૂટમાં રાત્રે રાજકોટ-અંબાજી ટુ બાય ટુ એસી ડીલક્ષ શરૂ કરવામાં આવી હતી. જે બસ હાલ ઉનાળુ ઋતુમાં બંધ કરવામાં આવી છે.

હાલ આગામી ચૈત્ર નવરાત્રી માસમાં અંબાજી જતા યાત્રીકોને નાછુટકે એસી બસની મુસાફરી માટે ખાનગી ટ્રાવેલ્સની કંપનીઓમાં બુકિંગ કરાવવાની ફરજ પડી છે. ઉનાળુ ઋતુમાં જ એસટી વિભાગે લાંબા અંતરની બસ પર કામ મુકતા ખાનગી ટ્રાવેલ્સોને કમાણી તગડી થઈ રહી છે.

રાજકોટથી સુરત જવા માટે રાજકોટ ડેપોની એક પણ એસી બસની સુવિધા નથી ૨૪ કલાકમાં માત્ર એક જ એસી વોલ્વો મેંદરડા વાયા રાજકોટ સુરત દિવસે જ દોડી રહી છે. રાજકોટથી સવારે ૧૦-૩૦ કલાકે ઉપડી રાત્રે ૧૯-૫૦ કલાકે સુરત પહોંચે છષ આ સિવાય સુરત જવા એક પણ એસટી બસની સુવિધા નથી. એસટી બસ પોર્ટની અસુવિધા બાબતે વારંવાર રજુઆત કરતા ગુજરાત મુસાફર હીતરક્ષક સમિતિના સદસ્યો લાંબા રૂટોની એસી બસોની સુવિધા બાબતે મૌન કેમ રહે છે? તેની પણ મુસાફરોમાં ચર્ચા જાગી છે. રાજકોટથી રાત્રે અંબાજી અને સુરત જવા અનેક ખાનગી બસો ફુલ દોડી રહી છે ત્યારે રાજકોટ ડેમોમાંથી રાત્રે અંબાજી અને સુરત જેવા રૂટો પર ઉનાળાની ઋતુમાં એસટી વિભાગની એસી બસો ફરી દોડતી થાય તેવી માંગણી ઉઠી છે.

# મનપામાં ગત વર્ષ કરતા વેરાની આવકમાં ૧૦ કરોડનો વધારો, આંકડો ૪૦૦ કરોડને પાર

## કરદાતામાં વધારો થયો : વ્યાજમાં રાહત મળતા આવકમાં વધારો નોંધાયો : ૪ લાખ આસામીઓએ ભર્યો વેરો

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૬

રાજકોટ મનપાની ચાલુ નાણાંકીય વર્ષની મિલ્કત વેરાની આવક છેલ્લે છેલ્લે જાહેર થયેલી વ્યાજ રાહત યોજનાના કારણે અંતે ૪૦૦ કરોડને પાર થઇ ગઇ છે. તો અત્યાર સુધીમાં ગત વર્ષ કરતા ૩૧ હજારથી વધુ નવા કરદાતાએ વેરો ભર્યો છે. ૩૧ માર્ચે નાણાકીય વર્ષ પુરૂ થઇ રહ્યું છે ત્યારે આવક અને કરદાતાની સંખ્યા વધવા છતાં રીકવરી અને સીલીગ ઝુંબેશ ચાલુ છે તો ગત વર્ષ કરતા આ વર્ષે ટેકસની આવક ૧૦ કરોડ વધી ગઇ છે. છેલ્લા પખવાડીયામાં કડક રીકવરી વચ્ચે હજુ સરકારી કચેરીઓના માંગણા પણ છુટા થાય તેમ હોય, ટેકસની આવક ૪૨૫ કરોડને પાર થઇ જાય તેવી ધારણા છે. આ રીતે આવકનો સુધારેલો લક્ષ્યાંક પૂર્ણ કરવા તંત્ર દોડી રહ્યું છે.

મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે મિલ્કતવેરા તથા પાણીવેરાની વસુલાત કામગીરી તા.૯-૪-૨૦૨૫થી શરૂ કરવામાં આવી હતી. મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા સઘન આયોજન, સતત અનુસરણ તથા વિવિધ જનજાગૃતિ પ્રયાસોના પરિણામે વર્તમાન નાણાકીય વર્ષ દરમિયાન પણ કરદાતાઓ તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે.વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન કુલ ૪,૩૮,૪૪૨ કરદાતાઓ દ્વારા રૂ.૪૦૦.૮૯ કરોડ જેટલી માતબર રકમનો વેરો ભરપાઈ કરવામાં આવ્યો છે, ગયા વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૪,૦૭,૨૭૬ કરદાતાઓ દ્વારા રૂ.૩૯૦.૮૬ કરોડનો વેરો ભરપાઈ કરવામાં આવ્યો હતો. તેની તુલનામાં ચાલુ વર્ષે ૩૧,૧૬૬ જેટલા વધુ કરદાતાઓએ વેરો ભર્યો છે તેમજ રૂ.૧૦.૦૩ કરોડ જેટલી વધારાની આવક મહાનગરપાલિકાની તિજોરીમાં જમા થઈ છે.

હાલ મહાનગરપાલિકા દ્વારા કરદાતાઓને પ્રોત્સાહન આપવા માટે રૂ.૫૦૦૦ સુધીની વ્યાજ માફી યોજના અમલમાં છે. જેના કારણે શહેરના અનેક કરદાતાઓ પોતાનો બાકી વેરો ભરપાઈ કરવા આગળ આવી રહ્યા છે. તા.૩૧ માર્ચ સુધીમાં પોતાનો બાકી મિલ્કતવેરો તથા પાણીવેરો ભરપાઈ કરી રૂ.૫૦૦૦ સુધીની વ્યાજ માફીનો લાભ અવશ્ય મેળવે અને શહેરના વિકાસકાર્યોમાં પોતાનો સહયોગ આપે તેવો અનુરોધ મનપાએ કર્યો છે. કમિશનર તુષાર સુમેરાના માર્ગદર્શન હેઠળ નાયબ કમિશનર સી.કે. નંદાણી, સેન્ટ્રલ ઝોનના આસી. કમિશનર કાશ્મીરાબેન વાઢેર, વેસ્ટ ઝોનના દીપેન ડોડીયા, ઈસ્ટ ઝોનના એચ.પી. રૂપારેલીયા, મેનેજર વત્સલ પટેલ, ભાવેશ પુરોહિત, મયુર ખીમસુરીયા, હાર્દિકસિંહ જાડેજા, ગૌરવ ઠક્કરના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ તમામ વોર્ડ ઓફિસર તથા ટેક્સ ઇન્સ્પેક્ટરો દ્વારા સઘન વેરા વસુલાત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તો વર્તમાન સમયમાં બાકીદારો સામે સીલિંગ તથા રીકવરીની કામગીરી પણ ચાલુ રાખવામાં આવી છે.

# માધાપર ચોકડીએ હિન્દુ સંમેલન યોજાયું



માધાપર ચોકડી પાસે જી હિત પાર્ક સોસાયટીના મહાદેવ મિત્ર મંડળ દ્વારા એક સરસ હિન્દુ સંમેલન યોજાયું જેમાં રાજકોટના ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા તથા રાઘવદાસજીબાપુ રામ આશ્રમ અને ડો. ધરા ઠાકર વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. વર્તમાન સમયમાં હિન્દુ સમાજને જાગૃતિ માટે ડો. ધારાબેન એ વકતવ્ય આપ્યું હતું. તેમજ લોકોને સનાતર્ન ધર્મની પણ વિશેષ માહીતી આપી હતી.

(તસ્વીરઃ- પ્રવીણભાઈ સેદાણી - રાજકોટ)

પોરબંદર આવૃત્તિ
દિપ એડવર્ટાઈઝીંગ, હાર્મની કોમ્પલેક્ષ, જુના ફુવારા સર્કલ, પોરબંદર.

# માધવપુરમાં આરોપીનો ઉઘાડા પગે વરઘોડો કઢાવવો પોલીસને ભારે પડયો!

## પ્રોહીબીશનના આરોપીને બેફામ માર માર્યાની કોર્ટમાં ફરિયાદ દાખલ થતા તત્કાલીન પી.એસ.આઈ. સહિત કર્મચારીઓ સામે ફોજદારી કેસ રજીસ્ટરે લેવા થયો હુકમ: ભોગ બનનારે સી.સી.ટી.વી. ફૂટેજ પણ રજૂ કર્યા

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર તા.૧૬

પોરબંદરના માધવપુર ગામે પ્રોહીબીશનના આરોપીને બેફામ માર મારીને ઉઘાડા પગે વરઘોડો કઢાવવાનું પોલીસને ભારે પડયુ છે જેમાં કોર્ટમાં ફરિયાદ દાખલ થતા તત્કાલીન પી.એસ.આઇ. સહિત કર્મચારીઓ સામે ફોજદારી કેસ રજીસ્ટરે લેવા હુકમ થયો છે.

પોરબંદર તાલુકા-જિલ્લાના માધવપુર ગામના રહીશ ફરીયાદી આશીષ ઉર્ફે લાલો નાથાભાઇ મોકરીયાને માધવપુર પોલીસે તા. ૩૦-૧-૨૦૨૫ના રોજ પ્રોહીબીશન એકટ મુજબના ગુન્હામાં માધવપુર પોલીસ સ્ટેશન લઇ જઇ મેડીકલ ચેકઅપ કરાવી અટક કરી લોક-અપમાં મુકવામાં આવેલ હતો. ત્યારબાદ પોલીસ સ્ટાફ દ્વારા તેને પી.એસ.આઇ. ચુડાસમા પાસે લઇ ગયેલ અને તેને દરવાજા પાસે ટેકો દઇને પગ લાંબા કરીને નીચે બેસી જવાનું કહેલ જેથી ફરીયાદી ત્યાં બેસી ગયેલ. ફરીયાદીની પૂછપરછ ચાલુ કરેલ અને ફરીયાદી અને તેના ઘરના સભ્યો તથા તેની પત્ની વિશે પૂછપરછ કરેલ અને ફરીયાદીની પત્નીના મોબાઇલ નંબર માંગતા અને આપવાનો ઇન્કાર કરતા પોલીસ સ્ટાફના માણસો ચંદ્રેશભાઇ, હરદાસભાઇ, તથા જયદીપભાઇ તથા બીજા ત્રણ-ચાર જણાએ ફરીયાદીના પગ પર ઉભા રહી તેના હાથ, છાતી તથા ગરદન પકડી રાખેલ અને પી.એસ.આઇ.એ ફરીયાદીને બીભત્સ ગાળો આપી તેના પગ પર મારવાનું ચાલુ કરેલ. જેથી ફરીયાદી બેભાન થઇ ગયેલ તે દરમ્યાન તેના મોઢામાં બળજબરીથી કોઇક લીકવીડ નાખવામાં આવેલ. ફરીયાદીના મોઢામાં કોઇક લીકવીડ નાખવાથી તેને અસહ્ય બળતરા થવા લાગેલ અને જ્યારે તે ભાનમાં આવતા તુરંત રાડો પાડવા લાગેલ. તેથી પી.એસ.આઇ.એ તેને માથા તથા બન્ને હાથમાં ધોકા મારવા લાગેલ અને તેના કપડા કાઢી બહાર પાર્કિંગમાં લઇ જઇ હાથકડી પહેરાવી તેના ઉપર નળી દ્વારા ઠંડાપાણી વરસાવવા લાગેલ. જેથી ફરીયાદી રાડો પાડતા તેને પાર્કિંગની ધૂળમાં વાળ પકડીને ઢસેડીને માર મારેલ. ત્યારબાદ, પેન્ટ પહેરાવીને હાથમાં હાથકડી પહેરાવીને લોકઅપમાં પુરી દેવામાં આવેલ. ત્યારે ફરીયાદીએ પોલીસ સ્ટાફના ચંદ્રેશભાઇ, હેડ કોન્સ્ટેબલ તથા એલ.આર. જયદીપભાઇને જણાવેલ કે તેને શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને દવાખાને લઇ જવા વિનંતિ કરેલ. તેમ છતા પોલીસસ્ટાફ ફરીયાદીને દવાખાને લઇ ગયેલ નહી અને બીજા દિવસે સવારે ૧૧ થી ૧૨ વાગ્યાના અરસામાં ફરીયાદીને લોકઅપમાંથી બહાર કાઢીને પૂછપરછ શરૂ કરેલ. જેમાં એલ.સી.બી. ના ચાર પોલીસવાળા હતા. જેઓએ ફરીયાદીને કાનથી પકડીને પી.એસ.આઇ. ના બાથરૂમમાં બેફામ માર મારવાનું શરુ કરેલ અને ફરીયાદીના આંગળા મરોડી દીધેલ અને જમણા પગનો નખ પકડથી ખેંચી લીધેલ ત્યારબાદ ફરીયાદીનું જાહેરમાં માધવપુર ગામમાં સરઘસ કાઢેલ જે સરઘસમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલ સહિત બીજા વીસેક જેટલા માણસો હતા. ફરીયાદીના પગના અંગુઠામાં લોહી નીકળતુ હોય પગ અને શરીરમાં પોલીસના મારને કારણે અસહય દુ:ખાવો થતો હોય ફરીયાદીથી ચાલી શકાતું ન હોવા છતા ફરીયાદીને ખુલ્લા પગે ધોમધખતા તાપમાં ઉઘાડા પગે બળજબરીથી ચલાવેલ. ત્યારબાદ સાંજના સમયે ફરીયાદીની માતાએ ફરીયાદીને જામીન પર છોડાવેલ. પોલીસ સ્ટાફના આવા અમાનુષી ભર્યા કૃત્યો તથા બેફામ અસહય ઢોર મારને લીધે ફરીયાદીએ પોરબંદરના બીજા એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં માધવપુર પોલીસ સ્ટાફના ચુડાસમા, પી.એસ.આઇ. ચંદ્રેશભાઇ, હરદાસભાઇ, જયદીપભાઇ તથા બીજા ત્રણ-ચાર અજાણ્યા શખ્શો સામે ભારતીય ન્યાયસંહિતાની કલમ વગેરે ગુન્હા હેઠળ ફરીયાદ દાખલ કરેલ.

ઉપરોકત ગુન્હાઓની ફરીયાદ કોર્ટમાં દાખલ થતા ફરીયાદમાં જણાવેલ પોલીસ સ્ટાફના પોલીસ કર્મચારીઓ સામે કોર્ટે ફરીયાદીની ફરીયાદ ફોજદારી ઇન્કવાયરી નં. ૨/૨૦૨૫ તરીકે દાખલ લીધેલ અને ગુન્હાઓને ધ્યાને લેતા પૂર્વે કોર્ટે ફરિયાદ સબંધિત પોલીસ રીપોર્ટ મંગાવેલ અને ફરીયાદી તથા ફરીયાદીના સાક્ષીઓના નિવેદન ખુલ્લી અદાલતમાં નોંધવામાં આવેલ તથા પુરાવો લેવામાં આવેલ. પોલીસ સ્ટાફે ફરીયાદીને બેફામ ઢોર માર મરેલાનું તા. ૪-૧-૨૦૨૫ના રોજનું ગદાવાવ ઝાંપા અને મેઇન બજારનું સી.સી.ટી.વી. કેમેરાનું ફૂટેજ અને જે.જે. હોસ્પિટલમાં ફરીયાદીએ તબીબી સારવાર લીધેલ તે સરકારી હોસ્પિટલમાંથી મળવેલ તબીબી પ્રમાણપત્રો વગેરે તથા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને લક્ષમાં લઇ ફરીયાદમાં જણાવેલ પાંચ પોલીસ કર્મચારીઓ ચુડાસમા, હેડ કોન્સ્ટેબલ હરદાસ, હેડકોન્સ્ટેબલ ચંદ્રેશભાઇ, એલ.આર. જયદીપભાઇ પ્રતાપભાઇ ધ્રાંગા, એલ.આર. ધર્મેશભાઇ તથા અન્ય ચાર અજાણ્યા એલ.સી.બી. પોલીસ સામે ફોજદારી ગુન્હો દાખલ કરવા માટે પૂરતો પુરાવો હોવાનું કોર્ટને પ્રથમ દર્શનીય હકીકતો જણાતા અદાલતે ભારતીય ન્યાય સંહિતાની કલમ અન્વયે પોલીસ સ્ટાફ વિરૂધ્ધની ફરીયાદ અરજીમાં ફરીયાદીએ જણાવેલ પાંચ પોલીસ કર્મચારીઓ તથા અન્ય પોલીસ કર્મચારીઓ સામે ફોજદારી કેસ રજીસ્ટરે લેવાનો હુકમ કરી તેઓની સામે ઉપરોકત ગુન્હાઓ અન્વયે સમન્સ નોટીસ જારી કરેલ છે.

ઉપરોકત ફરીયાદના ફરીયાદી પક્ષે ગોંડલના સીનીયર એડવોકેટ એન.આર. કારીયા, બી.એન. કારીયા, એસ.એન. કારીયા વગેરેની ધારદાર દલીલો અને રજૂઆતોને ધ્યાને લઇ પોરબંદરના બીજા અધિક ચીફ જ્યુડી મેજીસ્ટ્રેટે ફરીયાદમાં જણાવેલ પાંચેય પોલીસ કર્મચારીઓ સામે આ ગુન્હા અંગે સદર ફોજદારી ઇન્કવાયરીને તા. ૧૧-૩-૨૦૨૬ના રોજ ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લેવાનો હુકમ કરેલ છે.

# પોરબંદર જિલ્લામાં ટ્રાફિક નિયમ ભંગ બદલ એક ડઝન ગુન્હા નોંધાયા

## આડેધડ વાહનચલાવનારા, જયાં ત્યાં પાર્ક કરનારા તથા ડ્રાયવીંગ લાયસન્સ નહી હોવા છતાં રીક્ષા ભાડે આપનારા ઇસમો સામે થઇ કાર્યવાહી

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર તા.૧૬

પોરબંદર જિલ્લામાં ટ્રાફિક નિયમ ભંગ બદલ એક ડઝન ગુન્હા નોંધાયા છે જેમાં આડેધડ વાહનચલાવનારા, જયાં ત્યાં પાર્ક કરનારા તથા ડ્રાયવીંગ લાયસન્સ નહી હોવા છતાં રીક્ષા ભાડે આપનારા ઇસમો સામે કાર્યવાહી થઇ છે.

પોરબંદરના વીરડીપ્લોટમાં રહેતા નરેશ કિશન પરમારને નશાની હાલતમાં ટ્રક ચલાવતા લકડીબંદરના પુલ પાસેથી પકડી લીધો હતો. કોલીખડાના કરશન ડાયા ઘેલીયા હરીશ ટોકીઝ નજીકથી કાવા મારતો રીક્ષા લઇને નીકળતા ધરપકડ થઇ હતી. નવીખડપીઠ પાછળ રહેતો કરશન મેસુર મોરી ડ્રાઇવીંગ લાયસન્સ વગર પૂર ઝડપે રીક્ષા લઇને નીકળતા પકડાયો હતો. જ્યુબેલી હાથી કેમિકલ પાછળ રહેતા જગદીશ મનસુખ લુદરીયાને કાવા મારીને રીક્ષા ચલાવતા પકડી લીધો હતો. છાયાના એ.સી.સી. રોડની બાજુમાં રહેતા દિનેશ મોહન રાઠોડને નશાની હાલતમાં મોપેડ ચલાવતા પકડી લીધો છે. કડીયાપ્લોટ શેરી નં. ૭ના જિજ્ઞેશ બાલુ ચાવડાને પીધેલી હાલતમાં નંબરપ્લેટ વગરના સ્કૂટર સાથે પકડી લીધો હતો. મીલપરા શેરી નં. ૬માં હનુમાન મંદિર સામેની ગલીમાં રહેતા ખોડુ ઉર્ફે ખોડીયા જીવા ખુંટીને પીધેલી હાલતમાં સ્કૂટર ચલાવતા કામદારચોક ચાર રસ્તેથી પકડી લીધો હતો. ચૌટા ગામના રામ કાના ગાંગડીયાને ચૌટા ચેકપોસ્ટ પાસેથી ડ્રાયવીંગ લાયસન્સ વગર નશાની હાલતમાં બાઇક ચલાવતા પકડી લીધો હતો. છાયાની પંચાયત ચોકી પાસે રહેતા ભનુ ભુતીયાએ પોતાની રીક્ષા દેગામ ગામે રહેતા ચેતન ભુરા રાઠોડને ભાડે આપી હતી. ચેતન પાસે લાયસન્સ નહી હોવા છતાં રીક્ષા ભાડે આપી હોવાથી ભનુ અને ચેતન બન્ને સામે ગુન્હા દાખલ કરીને અટકાયત કરવામાં આવી હતી. એજ રીતે ખારવાવાડના હરીશભાઇ ખારવાએ પણ ડ્રાયવીંગ લાયસન્સ વગરના કૌશિકગીરી મનહરગીરી મેઘનાથીને રીક્ષા ભાડે આપતા બંને સામે ગુન્હા નોંધીને બેયની અટકાયત કરી હતી.


પોરબંદરના સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ.(તસ્વીર:જિજ્ઞેશ પોપટ)

# શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે વિનામુલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

## કામદાર પરિવારના સહયોગથી યોજાયું સેવાકાર્ય: ૧૫૫ જેટલા લોકોએ કરાવ્યા સારવાર નિદાન

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર તા.૧૬

પોરબંદરના સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે વિનામુલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન થતા ૧૫૫ જેટલા લોકોએ લાભ લીધો હતો.

પોરબંદરનાશ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે વિનામુલ્યે નેત્ર નિદાન કેમ્પનું ધીરેનભાઈ કામદારતથા મયંકભાઇ કામદાર પરિવારના પુર્ણ સહયોગથી આયોજન સંપન્ન થયું.મંદિરના પરમ હરિભક્ત, નિર્માની અને સમર્પિત એવા ડો.પરબતભાઈ ઓડેદરા તથા ડો.નિખિલભાઈ રૂપારેલિયા તથા તેમનાં સહ કર્મચારીઓએ ૧૫૫ જેટલાં પોરબંદર વિસ્તારના જરૂરીયાતમંદ દરિદ્ર નારાયણ દર્દીઓની આંખોની તપાસ અને નિદાન કરી આપી હતી. જરૂરીયાતમંદ દર્દીઓને આંખના ટીપાં અપાયા હતાં.ખાસ જરૂરીયાતવાળાની આંખોનું જરૂરી ઓપરેશન પણ નિ:શુલ્કમાં કરી આપવામાં આવશે.

સમગ્ર આયોજનમાં વનરાજસિંહ જાડેજા,પરેશભાઈ દવે, તુષારભાઈ જોશી, રાજેન્દ્રભાઈ સોલંકી, ભગવાનજીભાઈ જોશી, પ્રકાશભાઈ જોશી, ચેતનસિંહ પરમાર, ભરતભાઈ સોની, ધર્મેન્દ્રભાઈ વાઘેલા,નંદલાલ દવે,નરેન્દ્રભાઈ મહેતા, ઘનશ્યામભાઈ મહેતા, રાજ મહેતા, પાર્થ મહેતા, પોલાભાઈ ઓડેદરા, રમેશભાઈ મહેતા, સાયરાજસિંહ પરમાર વગેરે હરિભક્તોએ સેવા ભક્તિ કરી હતી.

# પોરબંદર પોલીસે સાત હજારથી લઇને સવાથી દોઢ લાખના મોબાઇલ કર્યા પરત

## માધવપુર અને બગવદર પોલીસે ૧૧ લોકોને ખોવાયેલા મોબાઇલ શોધી આપ્યા: પોલીસની કામગીરીને લોકોએ બિરદાવી

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર તા.૧૬

પોરબંદર પોલીસે સાત હજારથી લઇને સવાથી દોઢ લાખના મોબાઇલ તેના મૂળ માલિકોને પરત કર્યા હતા.

**માધવપુર પોલીસની કામગીરી**

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા દ્વારા પોરબંદર જિલ્લામાં ચોરી, ગુમ થયેલ મોબાઇલ શોધી કાઢવા સુચના કરેલ હોય જે અનુસંધાને રાણાવાવ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ધ્રુવલ સી. સુતરીયાના માર્ગદર્શન હેઠળ માધવપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર કે.એન. ઠાકરીયા દ્વારા માધવપુર પોલીસ સ્ટાફના માણસોને ખાસ સુચના આપેલ હોય જે અન્વયે પોલીસ સબ ઇન્સ્પેકટર આબ.ડી. નીનામા તથા માધવપુર પોલીસ સ્ટાફના માણસો દ્વારા કુલ ૧૦ મોબાઇલ ની કુલ કિંમત રૂા. ૫,૪૧,૩૮૬ની કિંમતના મોબાઇલ સંચારસાથી -સી.ઇ.આઇ.આર. પોર્ટલની મદદથી શોધી કાઢી 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત અરજદારોને પરત સોંપી પોલીસ પ્રજાની મિત્રછે તે સૂત્રને સાર્થક કરેલ છે.જેમાં નાથાભાઇ વેજાભાઇ ઉલવાનો ૭૪૯૯ની કિંમતનો મોબાઇલ, નવનીતરાય ગુણવંતરાય જોશીનો ૨૯,૯૯૯ની કિંમતનો, કાજલબેન શૈલેષભાઇ ભુવાનો ૧૩,૫૦૦ની કિંમતનો, અશોકભાઇ જોશીનો ૧૯,૪૯૯ની કિંમતનો, કરણ ભોજાભાઇ ઓડેદરાનો ૧,૫૫,૦૦૦નો સેમસંગ ગેલેકસી ફોલ્ડ-૫ મોબાઇલ, ઉમંગ તોગડીયાનો ૧,૩૫,૦૦૦ની કિંમતના બે નંગ એપલના આઇફોન ૧૭ -પ્રો મોબાઇલ, સોમીબેન હીરાભાઇ વાઢેરનો ૧૩,૯૯૯, કરગટીયા હેમંતભાઇ હરમણભાઇનો ૧૭,૯૯૦ની કિંમતનો, અને ચૌહાણ નથુભાઇ પુંજાભાઇનો ૧૩,૯૦૦નો મોબાઇલ પરત કર્યા હતા. આ કામગીરી માધવપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર કે.એન.ઠાકરીયા તથા પોલીસ સબ ઇન્સ્પેકટર આર.ડી.નીનામા, પોલીસ હેડ કોન્સ્ટેબલ સી.એચ. સોલંકી, એ.એમ. ચુડાસમા, એ.વી. દેગામા, પોલીસ કોન્સ્ટેબલ નિલેશ માનસિંહભાઇ ડોડીયા તથા આઇ.ટી. એકસપર્ટ મનિષભાઇ રાયચુરા દ્વારા કરવામાં આવેલ હતી.


પોરબંદર પોલીસે રૂા. ૫ લાખ ૮૩ હજારના મોબાઇલ મૂળ માલિકને પરત કર્યા હતા (તસ્વીર: જિજ્ઞેશ પોપટ)

**બગવદર પોલીસની કામગીરી**

બગવદર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટર આર.જી. ચુડાસમા તથા પોલીસ સ્ટાફ દ્વારા મોબાઇલ ફોન શોધી કાઢવા ટીમો બનાવી ટેકનીકલ સ્ત્રોતના આધારે સી.ઇ.આઇ.આર. પોર્ટલ વેબસાઇટની મદદથી ટ્રેકીંગમાં મૂકી આ પોર્ટલમાં સતત મોનીટરીંગ કરી ગુમ થયેલ મોબાઇલ ફોન શોધી કાઢવામાં આવેલ છે. જેમાં કુલ મોબાઇલ ફોન ૨ જેની કિંમત ૪૨,૫૦૦ના શોધીને તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત મૂળ માલિકોને પરત સોંપવામાં આવેલ છે જેમાં ખાંભોદરના નિર્મલ લખુભાઇ ગોઢાણીયા નો ૩૩,૫૦૦નો મોબાઇલ અને ભેટકડી ગામના લીલાભાઇ રાજાભાઇ કરાવદરાનો ૯૦૦૦ની કિંમતનો મોબાઇલ શોધી પરત કરેલ છે.


પોરબંદરમાં વુડન બોટ રિપ્લેસમેન્ટ યોજના અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.(તસ્વીર:જિજ્ઞેશ પોપટ)

# પોરબંદરમાં વુડન બોટ રિપ્લેસમેન્ટ યોજના અંગે અવેરનેસ કાર્યક્રમ યોજાયો

## વિશાળ સંખ્યામાં માછીમારો રહ્યા ઉપસ્થિત:સુભાષનગરના એફ.ટી.ડી. હોલ ખાતે થયું આયોજન: યોજનાનો કઈ રીતે લાભ લેવો તેની અપાઈ જાણકારી

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર તા.૧૬

પોરબંદરમાં વુડન બોટ રિપ્લેસમેન્ટ યોજના અંગે માછીમારો માટે જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી, પોરબંદર દ્વારા એફ.ટી.ડી.માર્કેટ હોલ, સુભાષનગર ખાતે પોરબંદર જિલ્લાના માછીમારો માટે વુડન બોટ રિપ્લેસમેન્ટ યોજના અંગે અવેરનેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.પોરબંદર જિલ્લાના જે માછીમારોએ આ યોજનાનો લાભ લેવા માટે અરજી કરી છે તેમજ બોટ માલિકોને યોજનાની સંપૂર્ણ માહિતી મળી રહે અને તેઓ વધુમાં વધુ લાભ મેળવી શકે તે હેતુસર આ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમનું આયોજન પોરબંદર માછીમાર બોટ એસોસીએશન તથા માછીમાર વિકાસ સેવા ટ્રસ્ટ પોરબંદર સાથે સંકલન દ્વારા કરવામાં આવ્યો હતો.કાર્યક્રમ દરમિયાન ઇન્ચાર્જ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક કે.એમ.સિકોતરીયાએ માછીમારોને વુડન બોટ રિપ્લેસમેન્ટ યોજનાની વિગતવાર માહિતી આપી હતી.તેમણે જણાવ્યું હતું કે,સરકારની આ યોજના હેઠળ પ્રોજેક્ટની યુનિટ કોસ્ટ રૂ.૪૫ લાખ નક્કી કરવામાં આવી છે, જેમાંથી ૫૦% એટલે કે રૂ.૨૨.૫૦ લાખ સુધીની મહત્તમ સહાય અથવા ખરેખર થયેલ ખર્ચના ૫૦%બન્નેમાંથી જે ઓછું હોય તે મુજબ સહાય આપવામાં આવે છે.સાથે સાથે સરકારના ઠરાવ મુજબ યોજનાની કુલ ૨૪ શરતોનું પાલન કરવા અંગે પણ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન માછીમારોને યોજનાનો લાભ મેળવવામાં આવતી મુશ્કેલીઓ અંગે રજૂઆતો કરવા માટે પણ તક આપવામાં આવી હતી. પોરબંદર જિલ્લાના માછીમારો દ્વારા યોજનાના અમલ દરમિયાન આવતી વિવિધ મુશ્કેલીઓ અંગે રજૂઆતો કરવામાં આવી હતી. આ તમામ રજૂઆતો ઉચ્ચકક્ષાએ પહોંચાડી યોગ્ય નિરાકરણ લાવવા ખાતરી આપવામાં આવી હતી.આ અવસરે સરકારની અન્ય વિવિધ યોજનાઓ જેવી કે સોલાર પેનલ, બોટ બિલ્ડીંગ યાર્ડ અને બ્લાસ્ટ ફ્રીઝર વિથ કોલ્ડ સ્ટોરેજ અંગે પણ માછીમારોને માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં પોરબંદર જિલ્લાના મોટી સંખ્યામાં માછીમારો ઉપસ્થિત રહી યોજનાઓ અંગે માર્ગદર્શન અને સમજ મેળવી હતી.

# પોરબંદર ભાજપે ટિફિન જમતા જમતા ચૂંટણીઓની કરી લીધી ચર્ચા!

## શહેર અને તાલુકા મંડલ દ્વારા ટિફિન બેઠકનું થયું આયોજન: મહાનગરપાલિકા,જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે રણનીતિ ઘડવામાં આવી

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર તા.૧૬

પોરબંદર ભાજપના આગેવાનોએ ટિફિન બેઠકનું આયોજન કર્યું હતું અને જમતા જમતા ચૂંટણીની ચર્ચા કરી હતી. પોરબંદર જિલ્લા ભાજપ કાર્યાલય અટલ ભવન ખાતે પોરબંદર જિલ્લા ભાજપના પ્રભારી ડો.વિમલભાઈ કગથરાની વિશેષ ઉપસ્થિતિમાં અને પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ ડો.ચેતનાબેન તિવારીની આગેવાની હેઠળ પોરબંદર ભાજપ પરિવારના સભ્યોની ટિફિન બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં પક્ષ દ્વારા આવનાર દિવસોમાં કરવામાં આવનાર કાર્યક્રમો અને મહાનગરપાલિકા,જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણી ની તૈયારીઓ



અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી.તેમજ સૌ પોતપોતાના ટિફિન સાથે લઈને આવેલ હતા અને એકસાથે બેસીને ભોજન લીધું હતું. આ પરંપરા ભાજપની 'પરિવાર ભાવના' અને અતૂટ સંગઠન શક્તિનું પ્રતીક હોવાનું જણાવ્યું હતું. આ ટિફિન બેઠકમાં પોરબંદર જિલ્લા ભાજપના પ્રભારી ડો. વિમલભાઈ કગથરા,પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ ડો. ચેતનાબેન તિવારી, જિલ્લા ભાજપ મહામંત્રીઓ પ્રવીણભાઈ ખોરાવા, પ્રવીણભાઈ ઓડેદરા, રાજેશભાઈ કરગટિયા, પોરબંદર શહેર ભાજપ પ્રમુખ સાગર મોદી, સિનિયર આગેવાનો રાજશીભાઇ પરમાર, વિરમભાઇ કારાવદરા, રામદેવભાઈ મોઢવાડીયા,સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# 'વેફર તો રોજ ખાઇએ છીએ, ઉત્પાદન કઇ રીતે થાય તે આજે પહેલીવાર નિહાળ્યુ !'

## છાયાની સ્વામિનારાયણ બી.બી.એ. કોલેજના વિદ્યાર્થીઓએ રાજકોટ ખાતે વેફર્સ કંપનીની કરી ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ: કાચામાલની પસંદગીથી માંડીને વિતરણ વ્યવસ્થા વિશે મેળવી ઉંડાણથી જાણકારી

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર તા.૧૬

છાયાની સ્વામિનારાયણ બી.બી.એ. કોલેજના વિદ્યાર્થીઓને ઇન્ડસ્ટ્રીયલ વિઝિટની મુલાકાતના ભાગરૂપે બાલાજી વેફર્સ કંપની ખાતે લઇ જવાયા હતા. ત્યાં તેઓએ મુલાકાત બાદ એવુ જણાવ્યુ હતુ કે ' વેફર તો રોજ ખાઇએ છીએ, ઉત્પાદન કઇ રીતે થાય તે આજે પહેલીવાર નિહાળ્યુ છે.'

શ્રી સ્વામિનારાયણ અનિકાબેન અશ્વિનભાઈ કોટડિયા કોલેજ ઓફ બી.બી.એ.ના સેમેસ્ટર૨ ના બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.)ના વિદ્યાર્થીઓ માટે ઉદ્યોગજગતની કાર્યપદ્ધતિ અને વ્યવસાયિક વ્યવહારિક જ્ઞાન મેળવવાના હેતુથી બાલાજી વેફર્સ


છાયાની સ્વામિનારાયણ બી.બી.એ. કોલેજના વિદ્યાર્થીઓને ઇન્ડસ્ટ્રીયલ વિઝિટની મુલાકાતના ભાગરૂપે બાલાજી વેફર્સ કંપની ખાતે લઇ જવાયા હતા તેની તસ્વીર (તસ્વીર: જિજ્ઞેશ પોપટ)

પ્રાઈવેટ લિમીટેડ કંપની ખાતે ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને કંપનીના ઉત્પાદન વિભાગની મુલાકાત કરાવવામાં આવી અને વેફર્સ તથા અન્ય નાસ્તા ઉત્પાદનો કઈ રીતે બનાવવાની સમગ્ર પ્રક્રિયા હોય છે તે અંગે વિગતવાર પ્રત્યક્ષ માહિતી આપવામાં આવી હતી. આ મુલાકાતથી વિદ્યાર્થીઓને કાચા માલની પસંદગી, પ્રોસેસિંગ, ઓટોમેટેડ ઉત્પાદન, પેકેજિંગ, ગુણવત્તા નિયંત્રણ અને વિતરણ વ્યવસ્થાપન જેવી પ્રક્રિયાઓને નજીકથી સમજવાની તક મળી હતી.

આ રૂબરૂ મુલાકાતના સમયે બાલાજી વેફર્સ કંપનીના ટેક્નિકલ ડિરેકટર કનુભાઈ વિરાણીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરીને કંપનીની કાર્યપ્રણાલી વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેઓએ બાલાજી વેફર્સ કેવી રીતે નાના એવા પ્રોજેકટથી પ્રારંભ કરીને આજે ભારતની અગ્રણી નાસ્તા ઉત્પાદક કંપનીઓમાં સ્થાન મેળવ્યું છે તે અંગે પ્રેરણાદાયક ઈતિહાસ પણ રજૂ કર્યો હતો. તેઓએ વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા, મહેનત અને દ્રઢ સંકલ્પના મહત્વ વિશે સારી એવી સમજણ સાથે માર્ગદર્શન આપ્યું હતું. આજના યુગમાં ગુણવત્તા સાથે જોડાયેલ માલની માંગ કાયમને માટે માર્કેટમાં રહે છે. આજે જે લોકો પુરૂષાર્થ કરે છે તેને સફળતા મળે જ છે.વિદ્યાર્થીઓએ કાયમને માટે નવું જાણવા અને શીખવા માટે તત્પર રહેવું જોઈએ.

# પોરબંદરમાં રામનવમીની શોભાયાત્રા માટેના કાર્યાલયનો થયો શુભારંભ

## મહાલક્ષ્મી માતાજીના મંદિર ખાતે વિશાળ સંખ્યામાં સનાતનીઓ રહ્યા ઉપસ્થિત: સુવ્યવસ્થિત આયોજન માટે થઇ ગહન ચર્ચાઓ

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર તા.૧૬

પોરબંદરમાં રામનવમીની શોભાયાત્રા માટેના કાર્યાલયનો શુભારંભ થયો હતો.

પોરબંદરમાં ભગવાન શ્રી રામચંદ્ર પ્રભુજી નો જન્મોત્સવ આવી રહ્યો છે ત્યારે તેની તૈયારીઓના ભાગરૂપે સંતો -મહંતોના અને આગેવાનોના વરદ્ હસ્તે શોભાયાત્રા માટેના કાર્યાલયનો શુભારંભ શ્રી મહાલક્ષ્મી મંદિર ખાતે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સનાતની હિંદુ સમાજ ના લોકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ તથા સનાતન હિન્દુ સમાજ દ્વારા આયોજિત ભવયાતીભવ્ય શોભાયાત્રા ની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે ત્યારે તે અંગેની મહત્વની ચર્ચાઓ કરવામાં આવી હતી. 'જય શ્રી રામ જય જય શ્રી રામ'ના નાદ સાથે કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

**શ્રી મહાલક્ષ્મી માતાજી મંદિર ટ્રસ્ટનું ગૌરવપૂર્ણ યોગદાન**


પોરબંદરમાં રામનવમીની શોભાયાત્રા માટેના કાર્યાલયનો શુભારંભ થયો તેની તસ્વીર (તસ્વીર: જિજ્ઞેશ પોપટ)

પોરબંદર શહેરમાં સનાતન ધર્મની આસ્થા, પરંપરા અને સમાજ એકતાનું પ્રતિક બની ગયેલી શ્રી રામનવમી શોભાયાત્રાના આયોજનમાં શ્રી મહાલક્ષ્મી માતાજી મંદિર ટ્રસ્ટ, પોરબંદર દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી મહત્વપૂર્ણ અને ગૌરવપૂર્ણ સહયોગ આપવામાં આવી રહ્યો છે.

પોરબંદર મુળવતની શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિના કુલદેવીના આ પવિત્ર મંદિરમાંથી ઈ.સ. ૨૦૦૯ થી સતત વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ તથા સમસ્ત સનાતનધર્મી સંસ્થાઓ દ્વારા આયોજિત શ્રી રામનવમીની ભવ્ય શોભાયાત્રા માટે મંદિર પરિસરની જગ્યા નિ:શુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ઉપરાંત શોભાયાત્રાના આયોજન માટે જરૂરી વિવિધ સામગ્રી અને વ્યવસ્થાઓ પણ ટ્રસ્ટ તરફથી સહર્ષ આપવામાં આવે છે. શ્રી રામનવમીની શોભાયાત્રા માત્ર ધાર્મિક કાર્યક્રમ નથી, પરંતુ તે સનાતન સંસ્કૃતિ, સામાજિક એકતા અને રાષ્ટ્રીય ભાવનાનું જીવંત પ્રતિક બની ગઈ છે. પોરબંદર શહેરમાં દર વર્ષે હજારો શ્રદ્ધાળુઓ, યુવાનો અને વિવિધ સંસ્થાઓ આ પવિત્ર યાત્રામાં જોડાઈને ભગવાન શ્રીરામ પ્રત્યેની પોતાની અડગ આસ્થા વ્યક્ત કરે છે.

શ્રી મહાલક્ષ્મી માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા વર્ષોથી આપવામાં આવતો આ નિ:સ્વાર્થ સહયોગ સનાતન ધર્મ પ્રત્યેની સમર્પણભાવના અને સમાજ સેવા માટેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે. ટ્રસ્ટે સ્પષ્ટ કર્યું છે કે સનાતન પરંપરા અને ધાર્મિક એકતાને મજબૂત બનાવતા આવા પવિત્ર કાર્યક્રમોને ટ્રસ્ટનો સહયોગ આગામી સમયમાં પણ યથાવત ચાલુ રહેશે.આ ગૌરવપૂર્ણ સેવા બદલ શહેરના સનાતનધર્મી સમાજ અને વિવિધ ધાર્મિક-સામાજિક સંસ્થાઓ દ્વારા ટ્રસ્ટનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

પ્રકાશ ♦ પ્રગતિ ♦ પવિત્રતા

પોરબંદર આવૃત્તિ

દિપ એડવર્ટાઈઝીંગ, હાર્મની કોમ્પલેક્ષ, જુના ફુવારા સર્કલ, પોરબંદર.

# રાણાકંડોરણા વિસ્તારમાં પોલીસના નાક નીચે થઇ રહ્યું છે દારૂનું બેફામ વેચાણ

## બુટલેગરોના નામ સાથે અગાઉ સ્ટેટ મોનીટરીંગ સેલને થઇ હતી લેખિત ફરિયાદ : અગ્રણીએ દારૂની હેરાફેરી કરતા શખ્સને રંગેહાથ પકડીને પોલીસનું નાક વાઢયુ: ગૃહવિભાગ સુધી હપ્તાખોરી હોવાનો થયો આક્ષેપ: જનતા રેડની આપવામાં આવી ચેતવણી

(પ્રતિનિધિ દ્વારા)

પોરબંદર તા.૧૬

એક બાજુ પોરબંદરના જિલ્લા પોલીસવડા કડક હોવાની છાપ ઉભી કરે છે તો બીજી બાજુ બુટલેગરોમાં જિલ્લા પોલીસવડાનો કોઇજ ફફડાટ હોય નહી તેમ હપ્તાખોરીની સીસ્ટમથી બુટલેગરો બેફામ બન્યા છે તેમ જણાવીને રાણાકંડોરણા વિસ્તારમાં પોલીસનું નાક વાઢીને અગ્રણીએ દારૂની બે કોથળી સાથે એક શખ્શને પકડી પાડયો હતો અને તેનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો તથા જનતારેડની પણ ચેતવણી આપવામાં આવી હતી.

**પવિત્ર લીરબાઇધામ નજીક વેચાણ**

રાણા કંડોરણા નજીક આવેલ પવિત્ર લીરબાઈ માંના ધામ આસપાસ દેશી દારૂનું વેચાણ થતું હોવાની ચર્ચાએ સ્થાનિક લોકોમાં ચિંતા ફેલાવી છે. લોકમુખે ચાલતી આ ચર્ચાને ધ્યાનમાં રાખીને સમાજસેવી મેરૂભાઈ ઓડેદરાએ સ્થળ પર જઈ સ્થિતિની તપાસ કરતા મંદિર આસપાસના વિસ્તારમાં અનેક જગ્યાએ દેશી દારૂની કોથળીઓ જોવા મળી આવી હતી. આ ઘટનાને લઈ મેરૂભાઈ ઓડેદરાએ તંત્ર સામે કડક ટકોર કરી તાત્કાલિક પગલાં લેવા માંગણી કરી છે.

**શ્રધ્ધાળુઓની નજર સામે દારૂની હેરાફેરી**

મેરૂભાઈ ઓડેદરાના જણાવ્યા મુજબ, લીરબાઈ માંનું ધામ સમગ્ર વિસ્તારમાં શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર માનવામાં આવે છે, જ્યાં રોજબરોજ મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે આવે છે. આવા પવિત્ર સ્થળની આસપાસ દારૂનું વેચાણ થવું અત્યંત શરમજનક બાબત છે. તેમણે કહ્યું કે મંદિર નજીક આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલી રહી હોવા છતાં જવાબદાર તંત્ર તરફથી યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી, જે ખૂબ દુઃખદ બાબત છે.તપાસ દરમિયાન મંદિર નજીકના વિસ્તારમાં ઠેરઠેર દેશી દારૂની કોથળીઓ પડેલી જોવા મળી હતી. મેરૂભાઈએ જણાવ્યું કે આ દ્રશ્ય જોઈને સ્પષ્ટ થાય છે કે અહીં લાંબા સમયથી ગેરકાયદેસર રીતે દારૂનું વેચાણ થઈ રહ્યું છે. આ બાબતે તેમણે સ્થાનિક પોલીસ અને સંબંધિત તંત્રને પણ માહિતગાર કરીને તાત્કાલિક કાર્યવાહી કરવા માંગણી કરી છે.

**પોલીસને બદલે પબ્લિકે પકડયો દારૂ !**

ઘટનાક્રમ દરમિયાન દારૂ લઈ જતો એક ઇસમ પણ મેરૂભાઈ ઓડેદરાના હાથે ઝડપાયો હતો. સામાન્ય રીતે આવી સ્થિતિમાં પોલીસ દ્વારા કાર્યવાહી થવી જોઈએ, પરંતુ આ વખતે મેરૂભાઈએ પોતે જ તે વ્યક્તિને રોકી પરિસ્થિતિ અંગે વાકેફ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું કે આ વિસ્તારમાં દારૂની હેરફેર અને વેચાણ હવે સહન કરવામાં નહીં આવે.

**અઠવાડીયાનું અલ્ટીમેટમ**

મેરૂભાઈ ઓડેદરાએ તંત્રને ચેતવણી આપતા જણાવ્યું છે કે આગામી આઠ દિવસમાં મંદિર આસપાસથી દારૂની કોથળીઓ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ દૂર કરવામાં આવે. જો તંત્ર દ્વારા યોગ્ય પગલાં નહીં લેવામાં આવે તો ઠોયાણા અને રાણા કંડોરણા ગામના યુવાનો સાથે મળીને જનતા રેડ કરવામાં આવશે અને દારૂના ગેરકાયદેસર વેપાર સામે જનઆંદોલન ઉભું કરવામાં આવશે. આ મામલે ડી.એસ.પી., પોરબંદરને લેખિત રજૂઆત કરવાની તૈયારી પણ કરવામાં આવી છે. રજૂઆતમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે લીરબાઈ માંના ધામ નજીક વેચાણ થઇ રહ્યુ છે.

**પોલીસચોકી પાસે જ દારૂની બદી**

રાણા કંડોરણા ગામે આવેલી પોલીસચોકીની નજીકના વિસ્તારમાં અંદાજે ૨ થી ૩ જેટલા દારૂના હાટડાઓ ખુલ્લેઆમ ચાલી રહ્યા છે. જો આગામી ૮ દિવસમાં પોલીસ દ્વારા આ ગેરકાયદેસર દારૂના ધંધાઓ પર કડક કાર્યવાહી કરીને તેમને બંધ નહીં કરવામાં આવે તો સ્થાનિક લોકો અને યુવાનો દ્વારા જનતા રેડ કરવાની ચેતવણી આપવામાં આવી છે.

**કેમિકલવાળો દારૂ જોખમી બન્યો**

તેમણે વધુમાં જણાવ્યું કે છેલ્લા કેટલાક સમયથી વિસ્તારમાં કેમિકલથી બનેલા દેશી દારૂનું પ્રમાણ વધ્યું છે. આવા દારૂના સેવનથી યુવાપેઢીનું આરોગ્ય જોખમમાં મુકાઈ રહ્યું છે. ઘણા કેસોમાં આ પ્રકારના દારૂના કારણે ગંભીર આરોગ્ય સમસ્યાઓ ઊભી થવાની શક્યતા રહે છે. છતાં પણ થોડા નફા માટે કેટલાક તત્વો લોકોના જીવ સાથે ખેલ કરી રહ્યા છે.

**ખેતમજૂરો અને શ્રમિકોમાં વ્યસનનુ પ્રમાણ વધુ**

ખાસ કરીને ખેત મજૂરો અને દૈનિક મજૂરી કરતા લોકોમાં દારૂના વ્યસનનું પ્રમાણ વધતું જોવા મળી રહ્યુ છે. સસ્તા દરે મળતા દેશી દારૂના કારણે ઘણા મજૂરો આ વ્યસનમાં ફસાઈ રહ્યા છે, જેના કારણે તેમના પરિવારનું આર્થિક અને સામાજિક જીવન પણ પ્રભાવિત થઈ રહ્યું છે. મેરૂભાઈએ જણાવ્યું કે આ પરિસ્થિતિ સમાજ માટે ચિંતાજનક છે અને સમયસર નિયંત્રણ ન કરવામાં આવે તો તેનું ગંભીર પરિણામ આવી શકે છે.

**ધાર્મિક ભાવનાને ઠેંસ**

સ્થાનિક લોકોનુ પણ કહેવું છે કે મંદિર નજીક દારૂનું વેચાણ થવું ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડે તેવી બાબત છે. લોકો તંત્ર પાસે માંગ કરી રહ્યા છે કે આવા ગેરકાયદેસર ધંધા સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને પવિત્ર સ્થળોની આસપાસ શાંતિપૂર્ણ અને સ્વચ્છ વાતાવરણ જાળવવામાં આવે.આ સમગ્ર મુદ્દાને લઈને હવે તંત્ર શું કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું. જો તંત્ર દ્વારા ઝડપી પગલાં લેવામાં આવે તો વિસ્તારમાંથી દારૂના ગેરકાયદેસર વેપારને રોકવામાં મદદ મળી શકે છે. સ્થાનિક લોકો અને યુવાનો પણ આ બાબતે સતર્ક બની સમાજને વ્યસનમુક્ત બનાવવા માટે આગળ આવી રહ્યા છે.

સ્થાનિક આગેવાનોનું માનવું છે કે સમાજના સહયોગથી જ આવા ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકી શકાય છે. જો લોકો જાગૃત રહેશે અને તંત્ર સાથે મળીને કાર્ય કરશે તો વિસ્તારમાંથી દારૂના ગેરકાયદેસર વેચાણને સંપૂર્ણ રીતે બંધ કરી શકાય છે.



પોરબંદરના રાણાકંડોરણા ગામે દારૂનું બેફામ વેચાણ થઇ રહ્યુ છે, પોલીસના બદલે અગ્રણીએ એક ઇસમને દારૂની બે કોથળી સાથે પકડી પાડયો હતો (તસ્વીર: જિજ્ઞેશ પોપટ)

### પોરબંદરમાં પણ ખારવાવાડ અને સ્લમ વિસ્તારોમાં દારૂની બદી વધી

પોરબંદર પોલીસ દ્વારા દારૂના વેચાણ અને પીવા માટે જાણે છૂટ આપી દેવામાં આવી હોય તેમ હોળી–ધુળેટીના તહેવારોથી અત્યાર સુધીમાં દિવસે–દિવસે દારૂની બદી વધી રહી છે. શહેરના ખારવાવાડ વિસ્તારની શેરીએ ગલીએ દારૂના વેચાણના કિસ્સા વધ્યા છે તો બીજી બાજુ પોરબંદરના મીલપરા, કડીયાપ્લોટ, ઝુંડાળા, ગાયત્રીમંદિર સામે ખાડીકાંઠાનો વિસ્તાર, સુભાષનગર, ઉદ્યોગનગરનો ઘાસ ગોડાઉન વિસ્તાર વગેરેમાં દારૂ બેફામ વેચાય અને પીવાઇ રહ્યો છે. તો દારૂનું મુખ્ય ઉત્પાદન સ્થાન બરડો ડુંગરમાં પણ દારૂ ઝરણાની માફક વહી રહ્યો છે ત્યારે પોરબંદર જિલ્લા પોલીસે આ મુદ્દે કડક બનવુ જરૂરી બન્યુ છે.

### ગામ ગાંધીનું પણ દારૂબંધી કાગળ ઉપર !

પોરબંદર ગામમાં ગાંધીજીનો જન્મ થયો હતો અને તેના કારણે આખા ગુજરાતમાં દારૂબંધી છે પરંતુ પોરબંદર શહેર અને જિલ્લામાં દારૂબંધી કાગળ ઉપર હોય તેવુ જણાઈ રહ્યુ છે કારણકે પોરબંદર પોલીસની હપ્તા સીસ્ટમને લીધે જ દારૂની હોળીઓ ઠેર ઠેર પ્રગટી રહી હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

### દારૂ ઉત્પાદકો સુધી રાંધણગેસના બાટલા કઇ રીતે પહોંચે?

પોરબંદર જિલ્લામાં દારૂનું ઉત્પાદન રાંધણગેસ ઉપર થતુ હોય તેવા અસંખ્ય પુરાવા પોલીસ ચોપડે ચડી ચૂકયા છે અને પોલીસ પણ હસતા મોઢે મુદ્દામાલ સાથે તસ્વીરો ખેંચાવતી હોય છે ત્યારે સવાલ એ ઉભો થાય છે કે ગૃહિણીઓના રસોડા સુધી નહી પહોચતા રાંધણગેસના બાટલા બુટલેગરોના દારૂ ઉત્પાદન કેન્દ્ર સુધી કઇ રીતે પહોંચી જાય છે? તેવો સવાલ પણ હાલમાં ચર્ચાનું કેન્દ્રબિન્દુ બન્યો છે.

### દારૂને લીધે અનેક યુવાનો મોતના મુખમાં ધકેલાઇ ગયા

પોરબંદર સમગ્ર જિલ્લાના બદલે માત્ર કડીયાપ્લોટ અને મીલપરા જેવા વિસ્તારની વાત કરીએ તો ત્યાં પણ છેલ્લા પાંચેક વર્ષમાં અસંખ્ય નવલોહીયા યુવાનો દારૂના વ્યસનને લીધે મોતના મુખમાં ધકેલાઇ ચૂકયા છે. મહત્વની બાબત એ છે કે મીલપરા પોલીસચોકીની આજુબાજુના વિસ્તારમાં જ ખૂબ મોટી માત્રામાં દારૂનું વેચાણ થતુ હોવાની ફરીયાદો વચ્ચે અહીં આસપાસના અનેક યુવાનો છેલ્લા પાંચેક વર્ષમાં દારૂની બદીને લીધે મૃત્યુ પામ્યા હોય તેવા બનાવ બની ચૂકયા છે તેમ છતાં નથી પોલીસતંત્ર સુધરતુ કે નથી દારૂડીયાઓ સુધરતા તે પણ હકીકત છે !

### પોલીસચોકીથી નજીકના અંતરે દારૂની ફેરાફેરીનો વીડીયો વાયરલ

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, રાણા કંડોરણા પોલીસ સ્ટેશન અને પોલીસ ચોકીથી માત્ર ૧૦૦ થી ૨૦૦ મીટરના વિસ્તારમાં જ દારૂના હાટડાઓ ચાલતા હોવાની ચર્ચા છે. આ બાબતને લઈને સોશિયલ મીડિયા પર કેટલાક વિડિઓ પણ વાયરલ થયા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે, જેમાં વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલી રહી હોવાના દ્રશ્યો દેખાતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.ત્યારે આ વીડીયો પોલીસ માટે શરમજનક છે

### ગૃહમંત્રી પોરબંદર પોલીસને ફરજનું ભાન કરાવે તે જરૂરી

સ્થાનિક આગેવાનોના જણાવ્યા અનુસાર, એક તરફ રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી વારંવાર જાહેરમાં નિવેદનો આપવામાં આવે છે કે ગુજરાતમાં ગેરકાયદેસર રીતે ચાલતા દારૂના ધંધાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને આવા ધંધાઓને બંધ કરાવવામાં આવશે. પરંતુ બીજી તરફ હકીકતમાં કેટલાક વિસ્તારોમાં ખુલ્લેઆમ દારૂના હાટડાઓ ચાલી રહ્યા છે, જે તંત્રની કામગીરી પર પ્રશ્નાર્થ ચિહ્ન ઉભું કરે છે તેથી પોરબંદર પોલીસને ફરજનું ભાન કરાવે તે જરૂરી બન્યુ છે.

# ખાપટ વિસ્તારમાં રૂા. ૮ કરોડની જમીન ખુલ્લી કરાવવાની કામગીરી હાથ ધરાઇ

## ખેતી વિષયક તથા કાચા ઝૂંપડાથી માંડીને પાકા મકાનો પણ ખડકાઇ ગયા હોવાનું ખૂલ્યુ: રહેણાંક વિસ્તારના ૧૭ આસામીઓને સામાન લઇ જવા ૧૦ દિવસની મુદ્દત અપાઇ

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર તા.૧૬

ખાપટ વિસ્તારમાં રૂા. ૮ કરોડની જમીન ખુલ્લી કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં ખેતી વિષયક તથા કાચા ઝૂંપડાથી માંડીને પાકા મકાનો પણ ખડકાઇ ગયા હોવાનું ખૂલ્યુ હતુ અને રહેણાંક વિસ્તારના ૧૭ આસામીઓને સામાન લઇ જવા ૧૦ દિવસની મુદ્દત અપાઇ હતી. પોરબંદરમાં સરકારી જમીન પરના દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે જેમાં ખાપટના સર્વે નંબર ૪૧૬ ની જગ્યાએ ખેતીલાયક દબાણ ૨૭,૨૦૦ ચોરસ મીટર, જે બે ઇસમો દ્વારા કરવામાં આવેલ હતું, તેમજ રહેણાંકમાં ૧,૦૦૦ ચોરસ મીટર જે ૧૭ આસામીઓ દ્વારા કરવામાં આવેલ દબાણ દૂર કરવાનું હતું. પરંતુ તેઓએ સ્વૈચ્છિક ૧૦ દિવસની મુદ્દત માંગતા, તેઓની કબૂલાત લઈ અને ૧૦ દિવસ પછી દબાણ ખુલ્લું કરી આપવામાં આવશે.માલ–સામાન ફેરવવા માટે ૧૦ દિવસની મુદ્દત માંગતા તે આપવામાં આવી છે. આ ઉપરાંત અન્ય જગ્યાએ આવેલ સરકારી ખરાબો જે ૧૨ બાય ૧૩ નો છે તેને આજે સાફ કરવામાં આવ્યો છે. આમ, અંદાજિત ૮ કરોડ જેવી કિંમતની જગ્યા થાય છે, જે ૧૦ દિવસ પછી તમામ ખુલ્લી કરી અને આ જગ્યા ઉપર આવાસ યોજના બનાવવામાં આવશે.

ખેતીલાયક દબાણમાં બાજરો અને ઘાસચારો ઉગેલ છે, તેમજ રહેણાંક મકાનમાં નાના ઝૂંપડા અને ૫-૬ પાકા મકાન બનાવેલ છે. પરંતુ સ્વૈચ્છિક રીતે માલ–સામાન ફેરવવા માટે ૧૦ દિવસની મુદ્દત માંગતા, તે મુદ્દત આપવામાં આવી છે. દબાણ આશરે ખેતીલાયક જમીનમાં ૩૦ વર્ષથી હતું અને રહેણાંક વિસ્તારમાં ૧૫ વર્ષથી હતું. અન્ય દબાણ કરનારાઓને પણ સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરી નાખવા સૂચના આપવામાં આવી છે, અન્યથા સરકારી રાહે દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

દબાણ એક વખત દૂર કર્યા પછી જો તે જગ્યાએ ફરી દબાણ થશે તો તેને ખુલ્લું કરવામાં આવશે અને વારંવાર તેનું વોચિંગ રાખવામાં આવશે કે ફરી તે જગ્યાએ દબાણ ન થાય તે માટે યોગ્ય કાર્યવાહી થશે.



પોરબંદરના ખાપટ વિસ્તારમાં રૂા. ૮ કરોડની જમીન ખુલ્લી કરાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી તેની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

# વનાણાના ઉદ્યોગનગરમાં આવેલી ફેક્ટરીમાં લાગી આગ

## પ્લાસ્ટિક વોટર ટેંક ફેક્ટરીમાં લાગેલી આગને પોરબંદર ફાયર બ્રિગેડ વિભાગે લીધી કાબુમાં

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર તા.૧૬

પોરબંદરના વનાણા ખાતે આવેલ ઉદ્યોગનગરની એક ફેક્ટરીમાં આગ લાગતા મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમે તેને બુઝાવી હતી.

પોરબંદર શહેરના વનાણા જી.આઇ.ડી.સી. વિસ્તારમાં આવેલી પ્લાસ્ટિકના વોટર ટેન્ક બનાવવાની એક ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના સર્જાતા મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગે તાત્કાલિક પહોંચી આગ પર સફળતાપૂર્વક કાબૂ મેળવી લીધો હતો.ફેક્ટરીની અંદર આવેલી ખુલ્લી જગ્યામાં રાખવામાં આવેલ પ્લાસ્ટિકના વેસ્ટ મટીરીયલમાં અચાનક આગ લાગી હતી. આગની જાણ થતા જ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.માહિતી મળતાં જ પોરબંદર મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગની ટીમ જરૂરી સાધનસામગ્રી સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી.ફાયર વિભાગના જવાનો દ્વારા તાત્કાલિક આગ બુઝાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને પાણીનો મારો કરીને આગને ફેલાતી અટકાવવામાં આવી હતી.આગ વધુ ફેલાય તે પહેલા જ ફાયર વિભાગે આગ પર કાબુ મેળવી લીધો હતો,જેના કારણે ફેક્ટરીના અન્ય વિભાગો અને આસપાસના વિસ્તારને મોટા નુકસાનથી બચાવી શકાયું હતું.આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઇજા થઈ નથી.ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગની તાત્કાલિક અને ઝડપી કામગીરીના કારણે આગ પર સમયસર કાબૂ મેળવી શકાયો હતો.



પોરબંદરના વનાણામાં આવેલી જી.આઇ.ડી.સી.માં પ્લાસ્ટિક વોટર ટેંક ફેક્ટરીમાં આગ લાગી હતી.(તસ્વીર:જિજ્ઞેશ પોપટ)

# આદિત્યાણા નજીક દારૂ ભરેલા બોલેરો સાથે બે શખ્સો ઝડપાયા

## ૧ લાખ ૩૮ હજારનો મુદ્દામાલ થયો કબ્જે: માલ આપનાર શખ્સ સામે પણ નોંધાયો ગુન્હો: જિલ્લાભરમાં ઠેર ઠેર મળી આવ્યો દેશી દારૂ

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર તા.૧૬


રાણાવાવ પોલીસે ૬૪૦ લીટર દારૂ ભરેલો બોલેરો પકડીને બે ઇસમોની અટકાયત કરી હતી તે ઉપરાંત જિલ્લાભરમાં ઠેર ઠેર દેશી દારૂ મળી આવ્યો હતો.

**આદિત્યાણા નજીક બોલેરો કબ્જે**

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા દ્વારા દારૂની ગેરકાયદેસર પ્રવૃતિ અંકુશમાં લેવાના ઉદ્દેશ્યથી તા. ૧૫-૩-૨૦૨૬થી તા. ૧૬-૩-૨૦૨૬ સુધી સ્પેશ્યલ પ્રોહીબીશન ડ્રાઇવનું આયોજન કરવામાં આવેલ હતુ. જે અન્વયે પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા દ્વારા જિલ્લામાં પ્રોહીબશન, જુગારની બદી નેસ્તનાબુદ કરવા ખાસ સુચના કરેલ હોય જે અનુસંધાને રાણાવાવ ડીવીઝન વિભાગના પોલીસ અધિક્ષક ધ્રુવલ સી. સુતરીયાના માર્ગદર્શન હેઠળ રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એન. એન. તળાવીયા તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટર આર.વી.મોરી તથા વી.ડી.વાઘેલા તથા રાણાવાવ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો રાણાવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ કૃણાલસિંહ પ્રવિણસિંહ તથા કાના કારાભાઇને મળેલ સંયુકત હકીકતના આધારે આદિત્યાણા ગામ કાદા વિસ્તાર જાબુવતાની ગુફા પાસેથી ભાયા વાજાભાઇ ગુરગુટીયા ઉ.વ. ૨૬, રહે. આદિત્યાણા ગામ, તથા પાલા ભલાભાઇ મોરી ઉ.વ. ૧૯, રહે. વાંધારાનેશના કબ્જા હવાલાવાળી મહીન્દ્રા બોલેરો ગાડી કિ.. રૂા. ૧,૦૦,૦૦૦ના મુદ્દામાલ સાથેનો પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી કુલ ૩ ઇસમો વિરૂધ્ધ કાયદેસરના કાર્યવાહી કરી રાણાવાવ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનનો ગુન્હો રજીસ્ટર કરાવેલ છે. અને પકડાયેલ ઇસમોની પૂછપરછ કરતા એવી કબુલાત આપી હતી કે તેઓએ આ દારૂ આદિત્યાણાના કિશોર સાજણ ગુરગુટીયા પાસેથી લીધો છે તેથી તેની સામે પણ ગુન્હો દાખલ કરી શોધખોળ હાથ ધરવામાં આવી છે. આ કામગીરી રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એન. એન. તળાવીયા, પોલીસ સબ ઇન્સ્પેકટર આર.વી.મોરી, વી.ડી.વાઘેલા પોલીસ હેડ કોન્સ્ટેબલ બી.જે.દાસા, એસ.આર. કરંગીયા, પોલીસ કોન્સ્ટેબલ સંજય વાલાભાઇ, સરમણ દેવાયતભાઇ, જયમલ સામતભાઇ, કૃણાલસિંહ પ્રવિણસિંહ, કાના કારાભાઇ, માલદે ગીગાભાઇ, સંજય ધીરુભાઇ દ્વારા કરવામાં આવેલ છે.

**દારૂના અન્ય દરોડા**

બોખીરા તુંબડામાં ચમની દીવાલ પાસે રહેતી દેવીબેન અભુ ઓડેદરાના કબ્જામાંથી ૧૪૦૦ રૂા.નો દારૂ મળી આવતા સવારે પોલીસ સ્ટેશને હાજર થવા સમજ કરવામાં આવી હતી. છાયા નવાપરાના સ્વસ્તિકપાર્કમાં રહેતા ભરત અરભમ મોઢવાડીયાને નરસંગ ટેકરીના ચાર રસ્તેથી ૪૦૦ રૂા.ના દારૂ સાથે પકડી લીધો હતો. આદિત્યાણાના નવાપરામાં રહેતા રાજા વેજા ગુરગુટીયાને ૩૨૦૦ રૂા.ના દારૂ સાથે દાતણીયાનેશ જતા રસ્તેથી પકડી લીધો હતો. રાણાવાડવાળાના આંબેડકરવાસમાં રહેતા સાગર ગોવિંદ ચાનપાને ૨૪૦૦ રૂા.ના દારૂ સાથે પકડી લેવામાં આવ્યો છે. બખરલાના સોસાયટી વિસ્તારમાં રહેતી માલી માધા મારુના ઘરમાંથી ૨૪૦૦ રૂા.નું દારૂનું બાચકુ મળી આવતા અટકાયત થઇ હતી. પાતા ગામે ખારી વિસ્તારમાં રહેતા ચના નાગા ડોકલને ૬૦૦ રૂા.ના દારૂ સાથે, પાદરડીના માલદે કારા ચાવડાને એરડા ગામેથી ૨૦૦ રૂા.ના દારૂ સાથે, મીયાણીના ગગુભાઇ રાજપાલભા માણેકને ૪૦૦ રૂા.ના દારૂ સાથે, પોરબંદરના ખારવાવાડના ધર્મેશ ઉર્ફે ધમો વિજય મસાણીને જુના બંદર વિસ્તારમાંથી ૧૦૦૦ રૂા.ના દારૂ સાથે, ઓડદરના હિતેશ જયેશ સાદીયાને ૬૦૦ રૂા.ના દારૂ સાથે, ફટાણાના નવાપરામાં રહેતા ભરત નાથા ખુંટીને ૧૪૦૦ રૂા.ના દારૂ સાથે, પકડી લીધા હતા નાગકાના ભરત જેતા રાણાવાયાની ગેરહાજરીમાં પડતર મકાનની અગાસી ઉપરથી ૧૨ હજાર રૂપિયાનો દારૂ કબ્જે કરવામાં આવ્યો હતો. ટુકડાની મરસીયા સીમમાં રહેતા ભુરા સાંગણ ઓડેદરાને ૧૦૦ લીટર આથા સહિત ૨૬૦૦ રૂા.ના મુદામાલ સાથે પકડી લેવાયો હતો. ખાગેશ્રીના વીનુ માંડા મોરીની ગેરહાજરીમાં ૧૨૦૦ રૂા.નો દારૂ કબ્જે થયો હતો. કુતિયાણાના ચુનારાવાસમાં રહેતા દિનેશ સામજી ચારોલીયાને ૨૦૦ રૂા.ના દારૂ સાથે પકડી લીધો છે. નવા કુંભારવાડાના મનસુખ પ્રેમજી મણીયાર નામના ૬૫ વર્ષના વૃધ્ધ પાસેથી ૧૪૦ રૂા.નો દારૂ મળતા નોટીસ અપાઇ હતી. કડીયાપ્લોટ શેરી નં ૯ના ખાડીકાંઠે રહેતી જીવીબેન પ્રવીણ મર્દનીયાને ૪૦૦ રૂા.ના દારૂ સાથે પકડી લેવાઇ છે. છાયાના વૈશાલીનગરમાં રહેતા હરીશ ભીખુ મકવાણાને ૧૦૦૦ રૂા.ના દારૂ સાથે અને નવાકુંભારવાડા શેરી નં. ૩૨ના સુરેશ બચુ મકવાણાને ૧૪૦ રૂા.ના દારૂ સાથે પકડી લીધા હતા.



રાણાવાવ પોલીસે ૬૪૦ લીટર દારૂ ભરેલો બોલેરો પકડીને બે ઇસમોની અટકાયત કરી હતી (તસ્વીર: જિજ્ઞેશ પોપટ)

### દારૂ, બીયર અને રમની ૨૨ બોટલ–ટીન સાથે ત્રણ શખ્સો ઝડપાયા

બોખીરા ગામે વાછરાડાડાના મંદિર પાછળ રહેતા દીપક વશરામ વારાને શિવમ પાર્ટીપ્લોટ સામેના રોડ પરથી ૨૩૭૫ રૂા.ની વ્હીસ્કીની ૧૯ બોટલ સાથે પકડી લેવાયો છે. સુરતના કતારગામે ટોરેન્ટપાવર કોઝવે રોડ પર રહેતા મીલન બાબુ પાણખાણીયાને શીલ ખુલેલી રમની ૧૫૦૦ રૂા.ની એક બોટલ સાથે ચૌટાચેકપોસ્ટ ખાતેથી પકડી લીધો હતો. મીલપરા શેરીનં. ૪માં વાછરાડાડાના મંદિર પાછળ રહેતા અશોક વલ્લભ બામણીયાને રામગેસ્ટહાઉસ પાસે રેલ્વેફાટક નજીકથી ૨૪૬ રૂા.ના બીયરના બે ટીન સાથે પકડી લીધો હતો.